Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ઋગ્વેદ) ● समानी प्रपा । (અથર્વવેદ)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ ઑગસ્ટ : ૨૦૨૫ અંક : ૨ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Akola • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Gandhidham • Gandhinagar
Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad • Palanpur
Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi greenfibre.com | jadeblue.com

સમાનો મન્ત્રઃ (ઋગ્વેદ) **સમાની પ્રપા** (અથર્વવેદ)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૦ ઑગસ્ટ : ૨૦૨૫ અંક : ૨

સંપાદક

કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી

ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી
પ્રમુખ

યોગેશ જોષી
ઉપપ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગેઃ

- ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

લેખકોને :

- ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com

Web-site: www.gujaratisahityaparishad.org **ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭**

www.gujaratisahityaparishad.com

નોંધઃ ‘પરબ’માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ**– ૨૦ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **કાવ્ય ગુચ્છ** – કમલ વોરા, ૮ ● **પૌત્ર આદિત માટે એક કવિતા** – કમલ વોરા, ૯ ● **ચાર ગીત** – સંજુ વાળા (૧) નિત ઉજાણી, ૧૦ (૨) વડો જોગેશર !, ૧૦ (૩) ત્રિવેણી ન્હાવું, ૧૧ (૪) માટીની મહેક, ૧૧ ● **ગયા જનમનો સાદ** – ઉષા ઉપાધ્યાય, ૧૨ ● **ગઝલ** – રજનીકાંત પાઠક, ૧૨ ● **નવો અવાજ** – છ ગઝલો (૧) ઇન્તેખાબ અનસારી, ૧૩ (૨) સૂરજ કુરિયા, ૧૩ (૩) ગેબી લુવારવી, ૧૪ (૪) ડૉ. પ્રણય વાઘેલા, ૧૪ (૫) મિતા ગોર મેવાડા, ૧૪ (૬) અંકિતા મારુ 'જીનલ', ૧૪ ● **ખટમીઠાં બોર – વહાલા છે** – મનોહર ત્રિવેદી, ૧૫

◈ **ટૂંકી વાર્તા :**

● **ડાકણ** – સાગર શાહ, ૧૬ ● **નિરાંત** – રૂપા લખલાણી, ૨૩

● **હિમડંખ** – બકુલ ડેકાટે, ૨૮ ● **ઘુઘરીનો અવાજ** – સ્વાતિ રાજીવ શાહ, ૩૫

◈ **લઘુકથા :**

વીંજણો – રાજેશ વાઘેલા, ૪૦

◈ **નિબંધ :**

● **મુંબઈ મેનકા** – પ્રવીણ ગઢવી, ૪૧ ● **અડધી રાતલડી** – જિજ્ઞાસા પટેલ, ૪૬

● **લોખંડી** – પ્રદીપ સંઘવી, ૪૯ ● **મૃત્યુનું કેલિડોસ્કોપ** – અજય સોની, ૫૨

◈ **હાસ્ય નિબંધ :**

● **મૂછકટિકમ** – દશરથ પટેલ, ૫૯

● **ભાડુઆતનું નગરભ્રમણ** – ડૉ. જાનકી શાહ, ૬૩

◈ **અભ્યાસ :**

● **દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-૬** (સાહિત્યવિશેષ : પ્લેટો) – સુમન શાહ, ૬૮

● (સમર્થ સમકાલીન સર્જક) **સતીશ વ્યાસનાં એકાંકીઓ : જાતે બનાવેલ-કાલ્પનિક-પ્રશ્નપત્રના વાસ્તવિક જવાબો** – મહેન્દ્રસિંહ પરમાર, ૭૪

◈ **રસદર્શન :**

● **વીજળીના ચમકારે-૭** – દર્શના ધોળકિયા, ૮૦

◈ **સંપાદકીય :**

● **બાનુ મુસ્તાકની નવલિકા 'બ્લૅક કોબ્રાસ' અને ગિરીશ કસરાવલ્લીની ફિલ્મ 'હસીના' : પ્રશ્નો ઘણા છે, જવાબ નથી.** – કિરીટ દૂધાત, ૮૨

● **સાભાર સ્વીકાર** – ૮૫

● **પરિષદવૃત્ત** - ઇતુભાઈ કુરકુટિયા, ૮૬

● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૮૯

● **આ અંકના લેખકો** – ૯૩

◈ **આવરણ ચિત્ર :** Jyoti Bhatt - Muralidhar
Serigraph on metallic film pasted on paper - 21.75 x 29.50 inches-2022

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

મથામણ – ૨૦

હર્ષદ ત્રિવેદી

હમણાં, ઉમાશંકર જોશીના જન્મદિવસે, સાબરકાંઠાના હિંમતનગરથી મિત્રોએ, આદિત્ય ફાઉન્ડેશનના નેજા હેઠળ ‘શબ્દરવ’ નામે સાહિત્યિક ત્રૈમાસિક પ્રગટ કરવાની હિંમત કરી. સામયિકના તંત્રી છે હંસરાજ સાંખલા, સહતંત્રી છે પ્રેમજી પટેલ. ચાર સંપાદકોમાં, પ્રાગજીભાઈ ભામ્ભી, કિશનસિંહ પરમાર, દશરથ પટેલ અને સતીશ પટેલ. પરામર્શક તરીકે મણિલાલ હ. પટેલ, પ્રફુલ્લ રાવલ, ઉત્પલ પટેલ અને ફૂલચંદ ગુપ્તા. મોટું વૃંદ છે. પ્રથમ અંક જોતાં સામયિક સર્વાશ્લેષી લાગે છે. ‘કાવ્યો’ વિભાગમાં ગઝલ, ગીત, સૉનેટ અને હાઈકુનો સમાવેશ થયો છે. ચાર લઘુકથા અને બે ટૂંકી વાર્તા, ત્રણ નિબંધ અને સાત અભ્યાસલેખો છે. સમગ્ર રીતે જોઈએ તો ચાર ફર્માની મર્યાદામાં પણ સમતુલા ઠીક જળવાઈ છે. જિતેન્દ્ર પ્રજાપતિની ગઝલનું શીર્ષક અનુક્રમમાં કંઈ અલગ જ છપાયું છે તો ભરત મહેતાના લેખમાંથી આ કયાં પારુલબહેન તે સ્પષ્ટ થતું નથી. આપણે સહુ જાણીએ છીએ કે આ સમયમાં શુદ્ધ સાહિત્યિક સામયિક કાઢવું તે સરળ નથી. આર્થિક ઉપરાંત પ્રેસ-વ્યવસ્થાથી માંડીને રવાનગી સહિતના અનેક પ્રશ્નોનો સામનો કરવાનો થાય. સાહિત્યનાં ઉચ્ચ મૂલ્યો અને ધોરણો જાળવવાનું જ બહુ મોટું અને પડકારજનક કાર્ય છે. આ અને આવાં બીજાં કારણોને લીધે કેટલાં બધાં સામયિકો બંધ થઈ ગયાં! આવા સમયમાં આ મિત્રોનું સાહસ નાનું ન ગણાય, બલકે બિરદાવવા યોગ્ય છે. સહુ સાહિત્યરસિકો શુભેચ્છાપુષ્પ ધરશે તો આયોજકોને પ્રોત્સાહન મળશે.

કોઈ પણ સામયિકને આગવી ઓળખ અને સ્થિરતા પ્રાપ્ત કરવામાં સમય અને સાતત્યની જરૂર હોય છે. એક એક અંક કરતાં જઈએ એમ એમ માર્ગ પ્રશસ્ત થતો રહે. આપોઆપ નવું સૂઝે. તેમ છતાં, પ્રથમ અંકથી જ એ કઈ દિશામાં જઈ રહ્યું છે એનો અંદાજ તો આવી જ જાય. ‘શબ્દરવ’નો પ્રથમ અંક જોતાં લાગે છે કે એ સાહિત્યજગતના સાંપ્રતને સારી રીતે ઉજાગર કરશે. સર્જાતાં સાહિત્યના યોગ્ય પ્રતિનિધિઓને અને એમની મહત્ત્વપૂર્ણ રચનાઓને પ્રગટ કરવાનો ઊજમ તો કયા સામયિકને ન હોય? વિવિધ સાહિત્યસ્વરૂપનાં પ્રગટ થતાં રહેતાં પુસ્તકોમાંથી અત્યારે નોંધપાત્ર લાગતાં પુસ્તકોનાં અવલોકન કે સમીક્ષા છાપવાનું તો કોને ન ગમે? સાહિત્યની દિશાની માર્મિક રીતે નાડ પકડી આપતા અભ્યાસલેખોની ગરજ તો કોને ન હોય? આ બધું સ્વાભાવિક છે પણ સામયિક આવનારા સમયને ઓળખીને શુદ્ધ વર્તમાનને સાચી દિશા આપવામાં પણ મદદરૂપ થઈ શકે. આપણી પાસે ‘સંસ્કૃતિ’નું ઉદાહરણ છે. પુસ્તકોની સમીક્ષા માટે ‘ગ્રંથ’ અને ‘પ્રત્યક્ષ’નાં ઉદાહરણો છે જ.

સાહિત્યપદાર્થ અને સાહિત્યિક પ્રવૃત્તિને ઓળખવા સંદર્ભે તો એવું છે કે એમાં સરવાળે આપણો, સામયિકનો અને સાહિત્યજગતનો વિકાસ થાય છે. જેમ કે કોઈના લેખમાં આવતાં વિધાનોને બરાબર ચકાસવાં જોઈએ. કોઈની માન્યતા બદલવાનું નહીં, પણ એમાંના વજૂદને, પ્રામાણિકતાને ઓળખવાનું કામ સંપાદકનું છે. બીજું, કેટલાક લેખકોનો

તો એવો આગ્રહ હોય છે કે પોતે જે અને જેટલું મોકલે તે બધું જ પ્રકટ થવું જોઈએ. અથવા સંપાદકોએ એ લખાણ નબળું છે એવું સાબિત કરતાં કારણો-તારણો આપવાં જોઈએ! દરેક વખતે આવું શક્ય પણ નથી અને જરૂરી પણ નથી. સંપાદકે જ્યાં જરૂર પડે ત્યાં પોતાના વિવેકની કાતર ચલાવવી જ જોઈએ. ઉત્તમને ઓળખીને આગળ કરો, મધ્યમને ઉત્તમની દિશા ચીંધો અને નિકૃષ્ટને ભૂલમાં પણ સ્થાન ન આપો એ સૂત્ર ગાંઠે બાંધવા જેવું છે.

સાહિત્ય પ્રવૃત્તિનો અર્થ વ્યાપક છે. પણ, સામયિક નિમિત્તે સાહિત્યનો વર્તમાન તમારી નજર સામે બરાબર રહે છે. કોણ, ક્યા આશયથી, શું ને કેવું લખી મોકલે છે એ સમજતાં વાર નથી લાગતી. કેટલાક તો અંગત હિસાબો પતાવવા માટે, વિવેચનલેખોમાં કોઈને વિશે કશી જરૂરિયાત, સંદર્ભ કે પ્રસ્તુતતા વિના જ છરકા કરવા માટે કે એવા કોઈ ખ્યાલથી કશાંક વિધાનો કરે ત્યારે સંપાદકે તાટસ્થ્યપૂર્વક વિવેક કરવો પડે એ આ પ્રવૃત્તિની સાચી ઓળખ! સંપાદક એવી કોઈ જાળમાં ફસાઈ જાય ત્યારે લાંબા ગાળાનો અનર્થ સર્જાય છે. બીજો આગ્રહ છે સાહિત્યસર્જનમાં મૌલિકતાનો. કોઈ સાહિત્યકાર ઉત્તમ વિચાર કે કૃતિમાંથી પ્રેરણા મેળવે કે પ્રોત્સાહિત થાય તે તો સહજ ગણાયું છે. પણ પોતે પેલી મૂળ કૃતિ જેવી જ સમાંતરે કૃતિ રચવાની નથી, કે નથી પાડવાનો મૂળ વિચારનો પડઘો. દરેકે પોતાની ભૂમિ ઉપર ઊભાં રહીને પોતાની પ્રતિભા અનુસાર સર્જન કરવાનું હોય છે. આપણે કોઈના જેવી કવિતા કે વાર્તા કે કશું પણ શા માટે લખીએ? જેટલું મહત્ત્વ નિજીસંવેદનોને આપીએ એટલું જ મહત્ત્વ સાહિત્યસ્વરૂપને કાં ન આપીએ? સંપાદકોની તીક્ષ્ણ નજર બહાર આવા આભાસી લેખકો ન રહેવા જોઈએ.

'શબ્દસૃષ્ટિ'ના સંપાદક તરીકે હું અનેક અનુભવોમાંથી પસાર થયો છું. સારા અનુભવો પણ ઘણા છે. તમારી વાત તર્કપૂર્ણ અને અન્ય કશી ગણતરી વિનાની હોય તો મોટા ભાગના લેખકો સહકાર આપતા જ હોય છે. સારા અનુભવને યાદ કરું તો 'શબ્દસૃષ્ટિ' માટે જે કોઈ લેખક પાસેથી લખાણ માગ્યું હોય તે પ્રેમપૂર્વક મળ્યું હતું. ક્યારેક અપેક્ષા કરતાં જુદું પણ થઈ આવે. કાં તો એ રોમાંચક હોય અથવા તો ફરી લખાવવું પડે એવું પણ હોય! કહેવું જોઈએ કે ગણમાન્ય સાહિત્યકારો પણ માન-સન્માનનો મુદ્દો બનાવ્યા વિના યોગ્ય સુધારા કરી આપતા હોય છે અથવા તેમ કરવાની છૂટ આપતા હોય છે. આખા મામલામાં સંપાદકનું તાટસ્થ્યપૂર્વકનું તાદાત્મ્ય વધારે અગત્યનું બની રહે.

કેવળ મળેલી સામગ્રી જ પ્રકાશિત કરવાની હોય તો સંપાદકની શી જરૂર? સંપાદકની જવાબદારી અલગ પ્રકારની છે. કોની પાસેથી, શું અને ક્યા સમયે લખાવવું, મેળવવું એ આગવી સૂઝનું કામ છે. બીજું કામ છે 'સંપાદન'નું. જેમાં સમગ્ર સામયિક અને એના પ્રત્યેક અંકની સમતુલા સૂક્ષ્મ રીતે જોવા મળે. આપોઆપ એમાંથી જ ધોરણો ઊભાં થાય ને સામયિક પણ આગવી મુદ્રાને ધારણ કરે. 'શબ્દરવ'ને નિમિત્તે, ખરેખર તો આ આત્મસંવાદ છે, કોઈનેય ઉપદેશ નથી. કોઈ પણ સામયિકને, તંત્રી-સંપાદકોને કશીક પ્રેરણા પ્રાપ્ત થશે તો આ લખ્યું તેનો અર્થ પણ સરશે. બાકી, નાનાં-મોટાં દરેક ક્ષેત્રે મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ' કહે છે તેમ : 'ફીણ ઝાઝાં ને નીર થોડાં, થોથાં ઝાઝાં ને તીર થોડાં, ચંચળ ઝાઝાં ને થિર થોડાં, મડદાં ઝાઝાં ને મીર થોડા, પાણા ઝાઝા ને પીર થોડા'નો આ જમાનો છે અને એમાં આપણે નિશાન તાકવાનાં છે. ફરી એક વાર 'શબ્દરવ'ને શુભેચ્છાઓ કે આપણને એક લાંબા ગાળાનું અને ઉત્તમ સામયિક સાંપડે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

કાવ્ય ગુચ્છ | કમલ વોરા

પહેલું

ડાઇનિંગ ટેબલ, લાંબું, પહોળું.
ટેબલ પર પ્લેટ, નકશીદાર.
પ્લેટમાં એક સફરજન, રાતું.
સફરજન પર ટીપાં, પાણીનાં.
પાસે છરી, ધારદાર.
લંબાયેલા હાથ, સોનેરી.
હાથ પર ઝગમગાટ, સતરંગી.

દૃશ્યને નીરખતી બે આંખો.
એકમાં ટેબલ, નકશીદાર;
એકમાં પ્લેટ, રાતી.

બીજું

ડાઇનિંગ ટેબલ, લાંબું.
ટેબલ પર એક પ્લેટ, કાચની.
ઉઘાડી હથેળી, સોનેરી.
હથેળીમાં સફરજન, ધોળું.
છરી પર છાલ, રાતી.
છાલ પર ટીપાં, પાણીનાં.
ટીપાંમાં ઝલમલ, સતરંગી.

દૃશ્યને નીરખતી બે આંખો.
એકમાં સફરજન, સોનેરી;
એકમાં છરી, રાતી.

ત્રીજું

ડાઇનિંગ ટેબલ.
ટેબલ પર ટુકડા, કાચના.
ધારમાં સફરજન, ધોળું.
સફરજન પર આંગળીઓ, રાતી.
આંગળીઓ પર ટીપાં, પાણીનાં.
ટીપાંમાં હાથ-રેખાઓ, સોનેરી.
નકશીદાર ઓકળિયો, સતરંગી.

દૃશ્યને નીરખતી બે આંખો.
એકમાં હથેળી, પહોળી;
એકમાં સફરજન, ટુકડા.

ચોથું

ટેબલ.
ટેબલ પર કાચ, નકશીદાર.
ટુકડા સફરજન, રાતા.
રતાશમાં આંકા, છરીના.
આંકા પર ટીપાં, પાણીનાં.
ટીપાંમાં આંગળીઓ, સતરંગી.

દૃશ્યને નીરખતી બે આંખો.
એકમાં સફરજન, રાતું.
એકમાં છરી, લાંબી.

પાંચમું

બે આંખો.
એકમાં કરચ, કાચની;
એકમાં ટીપાં, પાણીનાં.

◈

પૌત્ર આદિત માટે એક કવિતા | કમલ વોરા

પહેલવહેલું તો
ચાલીસ વરસ જૂનું મારું ડ્રાઇવિંગ લાઇસન્સ
જપ્ત થઈ ગયું
પછી ચોવીસ કલાકનો જાપ્તો બેસી ગયો
ક્યાં જાઉં છું
કોની સાથે
ક્યારે પાછો ફરીશ –
માહિતીની આગોતરી જાણ ફરજિયાત
પાટલૂન, ખમીસની સાદી પસંદગી પણ
ઝૂંટવાઈ ગઈ
ક્યારેક
અચાનક ઝલાય બાવડું ને ઢસડાવાનું મૉલમાં
ના-હાની ખેંચાખેંચ સાથે
હાથમાં થેલી ઝુલાવતાં બહાર પડવાનું
ભાણે થતા, કૉલેસ્ટ્રોલના મારા બબડાટ પર પડતી તરાપ
જડબેસલાક જકડીને મોઢું
બરફીનું બટકું ખોસી દે
*'ફિર વોહી શામ, વોહી ગમ...'*ના તલત-સૂરોમાં
સાંજ ડૂબી-ન ડૂબી હોય
ત્યાં તો વાવાઝોડિયું ફરમાન : *'નો. નો, સેડ સૉન્ગ પ્લીઝ!'*

મારા મોંથી વેણ સરી પડેઃ
'દાદી શું ગઈ,
આ કુંવરભાઈ તો બાપ બની બેઠા!'
ત્યાં તો દૂરનો
ક્યાંક દૂર દૂરનો
આછો આછો...
અવાજ વિનાનો ખિલખિલ અવાજ સંભળાય :
'જેને કોઈ ન પહોંચે
એને એનું પેટ પહોંચે!'

ચાર ગીત | સંજુ વાળા

૧. નિત ઉજાણી

ભાવને મળે શબદ, મારા કંઠમાં ફૂટે વાણી !
એટલું અહો ! અહો ! એની નિત થતી ઉજાણી !

અમથું બિલ્લીબચ્ચું કરે મ્યાઉં
તો એમાં હોય કૃપાનો ઓઘ !
વાદળી ભાળી ચાતક નાખે ટ્હેલ
તો બની રહેતો રાગ અમોઘ !
કોણ કરે છે સામટી ધોધમધોધ માંગો તે લ્હાણી ?
કોની અમી દૃષ્ટિ કે ચોમેર ફૂટી સરવાણી !
એટલું અહો ! અહો ! એની નિત થતી ઉજાણી !

માગતાં પાણી દૂધ મળે પણ દૂધ
માગો તો મળશે છાંટોપાણી ?
નીતિબાઈને વળગ્યું કોનું ભૂત તે
બની બેસતી ધરાર શાણી !
ઊઠતી ક્યાંથી સઘળું કર્યા-કારવ્યાની ઉઘરાણી !
આમ જુઓ હબ્બેસ ને જુઓ તેમ બધું ધૂળધાણી !
એટલું અહો ! અહો ! એની નિત થતી ઉજાણી !

૨. વડો જોગેશર !

જોગી ! જોગ વડો જોગેશર !
જાણે એને ક્યાંય દોતવાં જવાં પડે નહીં તીરથ, થાનક,
જાતર ! જોગી ! જોગ વડો જોગેશર !

કરમાબાઈ ધરે ખીચડો, શબરી પકવે બોર
થંભઅચંભે બથ ભરી કોઈ જગવી દે ઝકઝોર
ચલણ, ચલાવે ચાલે એથી ભલા થીર થઈ આરાધે એ
તરુવર !
જોગી ! જોગ વડો જોગેશર !

ચક્કર બક્કર કાંઈ જડે નહીં, શું કુંડલી ? ખેર !
આંખ મીંચો પણ ભૂખ્યા પેટે ઊંઘ વસૂલે વેર !
બસ નથી શું ? જેને ઘરનો ખૂણો પણ લાગે ઊંડેરી
ગહ્વર !
જોગી ! જોગ વડો જોગેશર !

૩. ત્રિવેણી ન્હાવું

ભાષાની ત્રિ-વિધા જેને ફળી એમણે શું ત્રિવેણી
ન્હાવું ?
પળ-પહોરને ઓચ્છવ કરવા અંદર અંદર શમવું ને
ઊભરાવું !
થાય વ્યંજના નામે જો કોઈ માનુનીથી અંતરનું
એકત્વ
તરત લક્ષણા છડી પુકારી કહે : અમારું ક્યાં છે કૈં જ
મહત્ત્વ ?
કવિ ! તમારો વાંક એટલો કે, ના સમજ્યા ભીનપ ને
ભીંજાવું !
ભાષાની ત્રિવિધા જેને ફળી એમણે શું ત્રિવેણી
ન્હાવું ?
અભિધા તો અણમાનીતી તે મળે મોખરો કથન મધ્યે
ક્યાંથી ?
કીડી બિચારી કણમાં મહાલે, મણ આખાને હડપી રહેતા
હાથી
કર જોડીને ઊભી અક્ષરા : અમને શું વહાલું તે શું
સમજાવું ?
પળ-પહોરને ઓચ્છવ કરવા અંદર અંદર શમવું ને
ઊભરાવું !

૪. માટીની મહેક

માટીની મહેક સહેજ અડકી !
ઢગલે ઢબુરાઈ ધખધખતી ધખનાએ
ખીલા વછોડ્યા જો ભડકી !
રે ! માટીની મહેક સહેજ અડકી !
અધરાતે ઝળૂબેલા લોઢ એવું કહી રહ્યા :
આવશે કહેણ ને વછૂટશું
તાળવાના તળ લગી પહોંચેલી તરસ્યુંમાં
જાગ્યો અણસાર હવે તૂટશું
ક્યાં ગઈ તું, રોજ રોજ રોફ કરી
માથા પર ઝીંકાતી તીખીતમ તડકી !
જો, માટીની મહેક સહેજ અડકી !

કોના ભરાઈ રહ્યા દાડા ને કોને
ભીનારાનાં સાંપડ્યાં છે શુકન
છાંટે છાંટે એવું ચૂવે છે આભ જાણે
હરખભેર ચડી આવ્યું રુદન
ધીમી ધારે એવા ટોયા કે
સામટી સંવેદના હો ખડકી લગ
ખડકી !
કે, માટીની મહેક સહેજ અડકી !

ગયા જનમનો સાદ | ઉષા ઉપાધ્યાય

ઘેરો ઘેરો ગયા જનમનો સાદ ઘૂંટે જળધારા...

હળવેથી પૂછે મનવાને
શીદને આમ રિસાયું ?
અરે બાવરા કશું અધૂરું ?
લાવું બધું સવાયું,
હળવે ધૂપ વિખેરી ઊડતા વાદળના વરતારા,
ઘેરો ઘેરો ગયા જનમનો સાદ ઘૂંટે જળધારા.

રાગિણી આ કયા જનમની
ઘન સરસી થઈ વરસે !
અકળ-અદીઠા કયા અજંપે
મન મારું આ તરસે !
જોઉં જોઉં ત્યાં પલકવારમાં દૂર સરે અણસારા,
ઘેરો ઘેરો ગયા જનમનો સાદ ઘૂંટે જળધારા.

પવન સજાવે ચીર રેશમી
દસે દિશાથી આવી,
રંગ ફૂલોના નયન આંજતા
સ્વપ્ન મધુરાં લાવી,
સરી જવનિકા ઉદાસ પળની, વરસી અમૃતધારા,
ઘેરો ઘેરો ગયા જનમનો સાદ ઘૂંટે જળધારા.

ગઝલ | રજનીકાંત પાઠક

ઘરવખરી મૂકી ચાલી નીકળીએ.
ગામ નગર છોડી ભાગી નીકળીએ.

જડ ચહેરા જોઈ જડ થઈ એ પહેલાં,
ગુલાબી મહેક હો ત્યાંથી નીકળીએ.

થીજેલ હવા સમય થઈ ભીંસતી રે,
સઘળાં વાતાવરણ તોડી નીકળીએ.

અંધારું મુશ્કેલીના દ્વાર પર-
અજવાળું ઓઢી દોડી નીકળીએ.

નગ્રસસ્તાનમાં કોને શોધે છે રજની ?
શ્વાસો ક્યાં છે ? દફનાવી નીકળીએ.

નવો અવાજ | છ ગઝલો

૧. ક્યાં હતું ? | ઈન્તેખાબ અનસારી

એ દૃશ્ય ક્યાં હતું અને એ શ્રાવ્ય ક્યાં હતું ?
ઈશ્વર સ્વરૂપ તારું બધે ગ્રાહ્ય ક્યાં હતું ?

એને અહીં મળી શકું એ ભાગ્ય ક્યાં હતું ?
ચહેરા ઉપર ખરેખરું એ હાસ્ય ક્યાં હતું ?

વર્ષો વહી ગયાં પછી એની ખબર પડી,
સુખનું સ્વરૂપ સાચું અહીં બાહ્ય ક્યાં હતું ?

પુષ્કળ મળી રહી છે મને દાદ પણ કહું !
મારા થકી લખાયેલું એ કાવ્ય ક્યાં હતું ?

ચાહે છે એ મને કહે, આકાશ જેટલું !
એથી વધારે સારું કોઈ વાક્ય ક્યાં હતું ?

સાગર તરી જવું ભલે અઘરું ઘણું હતું !
કાંઠે રહીને ડૂબવું પણ માન્ય ક્યાં હતું ?

એક જ હતાં હૃદય અને ધબકાર પણ છતાં,
થોડા સમય પછી કશું પણ સામ્ય ક્યાં હતું ?

૨. સૂરજ કુરિયા

ઊંચે જવાની ઝંખના ભારે પડી મને,
એકાંતની પ્રતાડના ભારે પડી મને.

બસ એટલે અટકી જવામાં શાણપણ હતું,
સપના ઉપરની કલ્પના ભારે પડી મને.

સમજી શક્યા ન વાતને તેથી કદાચ એ,
મારી ગઝલની વ્યંજના ભારે પડી મને.

મેં માંગણી કરી હતી કે વિદ્વત્તા મળે,
મારી કરેલી પ્રાર્થના ભારે પડી મને.

ઉત્તમ વિચાર આવતાં મોડેથી રાતના,
વ્હેલા સૂવાની યોજના ભારે પડી મને.

એકાદ વાર ઠીક હતી પણ પછી નડી,
આદત બની જો યાચના ભારે પડી મને.

બીજા ઘણાય દર્દને જીરવી ગયો 'સૂરજ'
ખુદની જણેલ યાતના ભારે પડી મને.

૩. ગેબી લુવારવી

ખસી જાય છે દોસ્ત કપરા સમયમાં,
પડી જાય છે આમ પડદા સમયમાં.

ગુનેગાર છું હું નથી તું ગુનેગાર,
ગરીબ આદમીને શું નખરાં સમયમાં.

હથેળીમાં લઈ દર્દ રસ્તાને સોંપો,
બની જાય છે દોસ્ત રસ્તા સમયમાં.

સ્મશાને જ બળતા નથી માણસો કંઈ,
ઘણાને મેં જોયા છે બળતા સમયમાં.

ઘણા બાપ મિલકતમાં દેવું મૂકી જાય,
ઘણા લાલજીને છે વલખાં સમયમાં.

કોઈ મામૂલી માણસોનું નથી કામ,
દીવાના જ પાડે છે પડઘા સમયમાં.

સમય માર્ગમાં પર્વતો લઈ ઊભો છે,
અમે પણ થયા 'ગેબી' ઝરણા સમયમાં.

૪. ડૉ. પ્રણય વાઘેલા

કદ વધીને જેનું બસ ખસખસ હશે,
એને પણ ડુંગર કે'છે? માણસ હશે!

ક્યાં બધે આદિત્યનું ઓજસ હશે?
ઝૂંપડીને પોતીકું ફાનસ હશે!

ખાતરી છે કે અમૂલો હુંય થઈશ,
લોહ છું, પણ ક્યાંક તો પારસ હશે!

આધુનિક રાવણની ઓળખ એ જ કે,
અર્થ એની વાતના દસ દસ હશે

જિંદગી ક્યાં છે અલાદિનનો ચિરાગ,
છોડ! જાવા દે, હવે ના ઘસ... હશે.

હું જીવન સમજી જીવન જીવ્યા કર્યું,
ક્યાં હતો અંદેશ કે ફારસ હશે!

છાનું-છપનું ફૂલને ચૂમ્યો પવન,
એના શું પડઘમ હશે? સરઘસ હશે?

૫. મિતા ગોર મેવાડા

કોઈ પણ વિવાદની ત્યાં તક નથી,
એટલે આ વાર્તા રોચક નથી.

મૌન રાખી છે ખુમારી જ્યારથી,
બે જણા વચ્ચે કોઈ રકઝક નથી.

ઘાવ ઝીલી પણ એ ધક ધક કરતું રહે,
આ હૃદય દુઃખ દર્દને લાયક નથી.

છત, દીવાલો બાંધી પણ ઘર ના બન્યું,
બારણાં પર એટલે દસ્તક નથી.

પ્રેમમાં નિષ્ફળ નથી હું કેમ કે,
મેં વફાદારીની રાખી જક નથી.

જગના રંગમંચે અભિનય સૌ કરે,
પણ સભાગારે કોઈ પ્રેક્ષક નથી.

કાઢ્યું સરવૈયું જો સંબંધોનું તો,
લાગણી ખાતે કોઈ આવક નથી.

૬. અંકિતા મારુ 'જીનલ'

હો દિવસ કે રાત મલકાતી નથી,
જિંદગાની કેમ બદલાતી નથી?

દિલ સુધી આવી તરત પાછી ફરે,
છે હવા ચાલાક, અટવાતી નથી.

શું કવિતા કોઈ 'લજ્જા' પર લખું!
આજની કન્યાઓ શરમાતી નથી.

છે ખરા હીરા સમી મારી ગઝલ,
પણ, ઝવેરીઓથી પરખાતી નથી.

મોત સામેથી 'જીનલ' ભેટી પડે.
જિંદગી તો ક્યાંય ભટકાતી નથી!

ખટમીઠાં બોર | મનોહર ત્રિવેદી

ખટમીઠાં બોર જેને ખાવાં છે એને તો થોડા
થોડા કાંટા તો વાગે
તોફાની ટોળકીના છોકરાઓ બીકને તો બાર
ગાઉ ધક્કેલે આગે

સીમ અને ગામ વચ્ચે ભેદ જેના મનમાં છે
એને ઘરબહાર તમે જોયા?
ટેકરીએ ટેકરીએ, વાંકી કો' કેડીએ : ત્યાં
વોંકળે પૂગીને પગ ધોયા?
ખડકીની સાંકળ પરગામ જેને લાગે તો
એવાને ઓરું શું લાગે?

વગડો વીંધીને જે જાય એ જ પામે છે
રાતાંચટ્ટાંક કાંઈ લૂંજાં
ગામ કે નિશાળ ચૉક ચોરાને ભૂલીને ભરે
પોતપોતાનાં ગુંજાં

ભૂખબૂખ આઘી ને આઘી ઠેલાય અને
તરસ-બરસ સામેથી લાગે

વાયરાએ રસ્તે જનારને કીધું કે
જનમોજનમથી જે રસિયા -
એ જ અહીં આવે ને જાય : હોય પરવડતા
ટેરવાં પર લોહીના ટશિયા

આવકારો આપવાને શબરીની જેમ જુઓ,
બોરડી પણ રાતદિવસ જાગે
ખટમીઠાં બોર જેને ખાવાં છે એને થોડા
થોડા કાંટા તો વાગે

વહાલા છે | મનોહર ત્રિવેદી

વહાલા છે ધોરી બે કાબરા
ફળિયામાં જેમ નિત નીરખે છે
પોતાના તરવરિયા છોકરા ને છાબરા -

બાપ્પો :
એમ સાંભળ્યું તો આંખ નહીં આંખ :
એની આંખ જાણે અમરતની વાટકી
ડોકે જરાક હાથ પસવાર્યો ત્યાં જ.
લેતા રુવાંટીભેર દેહ, ઝાટકી.

હાલો! - કહેતાંક ગાડું જાય ઊભે મારગે
ના ગણકારે ઝાડી કે ઝાંખરાં
ફળિયામાં જેમ નિત નીરખે છે
પોતાના તરવરિયા છોકરા ને છાબરા

ખીલા લગ સાંઝૂકી સીમ આખી ઠલવાતી
ફાટ ફાટ થાતી ગમાણ
ખરીએથી, શિંગડેથી, આછેરું ભાંભરીને
ખુશીઓની કરતા એ જાણ

એમને શું રોકે વરસાદ કદી ટાઢ
વળી વૈશાખી તડકાઓ આકરા!
ફળિયામાં જેમ નિત નીરખે છે
પોતાના તરવરિયા છોકરા ને છાબરા

સર્જકોને વિનંતી : હાલ 'પરબ' માટે પૂરતી સામગ્રી ઉપલબ્ધ હોવાથી તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી રચનાઓ ન મોકલવા વિનંતી છે.

ટૂંકી વાર્તા

ડાકણ

સાગર શાહ

ખબર નહીં એ શું હતું. પહેલી વાર જ હું આવી કોઈ જગાએ આવેલો. ફિલ્મોમાં જોયેલું બધું. ફરેલોય છું ઘણું. પણ આવું કશું ક્યારેય જોયું ન્હોતું. સાવ વેરાન એવી કોઈ જગા. દૂર દૂર સુધી પથરાયેલી. એકદમ ભૂખરું આકાશ હતું ને એમાંથી નારંગી પ્રકાશ વરસતો હતો. પણ આકાશ – આખું જ સ્થિર. ના વાદળ, ના સૂરજ, ના ચંદ્ર. થોડે દૂર એક ટેકરી દેખાતી હતી ને એની તળેટીમાં થોડાંક મકાનો. મને લાગે છે કે રસ્તો ત્યાં જ જતો હતો. આખો રસ્તો. લાલ માટીવાળો. બંને બાજુ ખેતરો. ઘઉંનાં. ક્યાંક બાજરાનાંય હશે ને હું ચાલતો રહ્યો.

ચાલતાં ચાલતાં હું એક ત્રિભેટા પર આવી ઊભો. બંને રસ્તા એક જ વસાહત તરફ દોરી જતા હતા. દૂરથી દેખાતી હતી એ વસાહત. ધોળા-પીળા-ભૂખરા રંગનાં મકાનોની. વસાહત ક્યાંક જોયેલી પણ લાગતી'તી. બરાબર યાદ ન્હોતું આવતું પણ...

એક રસ્તો એ વસાહતના આગળના ભાગમાં આવેલા મેઇન ગેટ સુધી જતો'તો. બીજો પાછળના ભાગમાં. મેં મેઇન ગેટવાળા રસ્તે જવાનું પસંદ કર્યું. ઢાળ હતો. ચાલવાનું થોડું સરળ બન્યું. મેં એકદમ ઊંચે ઊડતાં પક્ષી નોંધ્યાં. સમડી જેવાં. ક્યાંક ક્યાંક કોઈ મરઘાનો ને બતકનો અવાજ સંભળાતો હતો.

નજીક જઈને જોયું તો મકાનોની વસાહત ફરતે એક મોટી દીવાલ હતી. સિમેન્ટની દીવાલ. જાણે નાનકડો કોટ. દીવાલમાં એક ઝાંપો હતો. બંધ. કાળા રંગે રંગેલો. એમાં એક નાનકડો દરવાજો હતો. ઝાંપાની અંદર જાણે એક ચોકીઝાંપો. એ પણ બંધ જ હતો. ચોકીઝાંપાની પોતાની ઇસ્ટાપડી હતી. મેં એ સહેજ ખખડાવી. કશો જવાબ ન આવ્યો. મેં ઇસ્ટાપડી ફરી સહેજ જોરથી ખખડાવી. અચાનક ચોકીઝાંપો ખૂલ્યો. હું અંદર ગયો. ઝાંપાની પાછળ એક વૃદ્ધા ઊભી હતી. ગાલ બેસી ગયેલા. આંખો સાવ ઝીણી. ચહેરો કરચલીવાળો. હાવભાવ રુક્ષ. રબારી સ્ત્રી જેવું કાળું બ્લાઉઝ. વચ્ચે ભૂરું ભરત. વાળ સાવ પીંખાયેલા જેવા. જીંથરા જ કહો ને. ને નજર એકદમ વેધક.

એવામાં મેં ત્રાંસી નજરે જોયું તો મારી સામેના મકાન પર, એટલે ઝાંપાની સામેના મકાનની બાલ્કનીમાં એક બીજી થોડી ભરાવદાર વૃદ્ધા આવીને ઊભી રહેલી. ગોરી ગોરી. બોબ્ડ કટ. કૈંક પુરુષ જેવી લાગતી હતી. અમુક પુરુષો ઝંડા જેવી કહેતા હોય છે ને એવી. એણે પણ કાળા રંગનાં ચણિયા-બ્લાઉઝ પહેરેલાં. એના બ્લાઉઝમાં ગુલાબી રંગના પૅચ હતા. તેણે ચોકીદારણીને કશુંક પૂછ્યું. ચોકીદારણીએ ટૂંકમાં જવાબ આપ્યો. એમની

ભાષા તો મને ન સમજાઈ પણ એવું લાગ્યું કે પેલી સ્ત્રીએ પૂછ્યું હશે કે કોણ છે આ? ને ચોકીદારણીએ જાણે કહ્યું, 'મને શી ખબર?'

પછી પેલી બાલ્કનીવાળી ભરાવદાર વૃદ્ધાએ મારી સામે જોઈને કંઈક વિચિત્ર ભાષામાં કશુંક પૂછ્યું.

મેં એને સમજાવ્યું કે હું ગુજરાતી, હિન્દી ને અંગ્રેજી – આ ત્રણ ભાષા જ સમજું છું. એટલે એક નાનો પોઝ લઈને એણે મને પૂછ્યું કે અહીં શું કામ આવ્યા છો? બોર્ડ દેખાતું નથી?

'ક્યાં છે બોર્ડ?'

'મૂરખા, બહાર પડ્યું છે. આંખો છે કે કોડીઓ?'

અચાનક એણે એવું તોછડાઈથી મૂરખા કહ્યું કે હું છેડાઈ પડ્યો ને છોભીલો છોભીલો હું બહાર ગયો, બોર્ડ વાંચવા.

'ઓહ'. મારા મોંમાંથી નીકળી ગયું. હું પ્રવેશદ્વાર ને ડોસીમાં એટલો વ્યસ્ત થઈ ગયેલો કે પ્રવેશદ્વારની બાજુમાં મૂકેલું બોર્ડ જોવાનું જ ભૂલી ગયેલો. બોર્ડ પર એક વાક્ય સાત આઠ ભાષામાં લખેલું હતું. મને હિન્દી અને અંગ્રેજીમાં લખેલું સમજાયું. Men not allowed અને યહાં પુરુષો કે લિયે પ્રવેશ વર્જિત હૈ. મેં એને જોઈને પ્રભાવિત થયાનો ડોળ કર્યો અને પછી પાછો અંદર ગયો. પેલી ચોકીદારણી સામે જોયું. એની તો એની એ જ વેધક નજર. ને પછી મેં પેલી બાલ્કનીવાળી ભરાવદાર વૃદ્ધા સામે જોયું. એની આંખોમાં જબરદસ્ત ગુસ્સો. જાણે હું કોઈ રીઢો ગુનેગાર ન હોઉં. મેં બીતાં બીતાં કહ્યું, 'ઓકે તો હું રજા લઉં.' ને હું પાછો ફરવા જતો હતો કે..

એણે બૂમ પાડી 'ટણપા ઉપર આવી જા.' મેં પૂછ્યું 'કોણ?' તો કહે, 'અલ્યા તારી નાની છું' ને એ મોટી ગાળ બોલી.. પહેલાં તો હું ગાળથી છેડાઈ પડ્યો. જાણે કોઈએ સોટી મારી હોય એવો ચચરાટ થયો. બીજો વિચાર આવ્યો કે આ પઠ્ઠા જેવી ડોસી - મારી નાની? મને નવાઈ લાગી. મારી નાની તો હું સાવ બાળક હતો ત્યારે જ ગુજરી ગયેલી. મને એનું સાવ આછું સ્મરણ. એક ફોટો અમારે ત્યાં લગાડેલો રહેતો. પણ એ તો સાડી, લાંબા વાળ ને એકદમ સુશીલ દેખાવ. ને આ તો એકદમ હડબમ ને આવી સાવ તોછડી ભાષા. વાતે વાતે ગાળો. હું અંદર અંદર મૂંઝાતો રહ્યો. જવું કે ના જવું? અંદર જઈશ તો પાછો કેવી રીતે આવીશ? ને ઘેર ક્યારે પાછો જઈશ – એ બધા વિચારોમાં હું આપોઆપ ખેંચાતો કયારે વૃદ્ધાના ઘરમાં દાખલ થયો રામ જાણે.

એનું ઘર આમ સામાન્ય હતું. દીવાનખંડ ને રસોડું ને એક બેડરૂમ જણાતો હતો. કોઈ નાના કસ્બાના સારા સુઘડ મિડલ ક્લાસ ઘર જેવું ઘર. સોફા ને ટીવી ને લૅમ્પ. થોડો અંદર પ્રવેશ્યો તો બાજુમાં એક રસોડું. એક જબરી નવાઈની વાત જોકે એ હતી કે બેડરૂમની ફર્શ પર પોતું એની મેળે ઢસડાતું હતું. દીવાનખંડમાં ઝાડુ પણ એની મેળે જ વળાતું હતું. રસોડાના સિંકમાં વાસણો જાતે ધોવાતાં હતાં. જાણે કોઈ અદશ્ય હાથો વડે. રસોડાના દરવાજાની સામે એક સર્પાકાર સીડી હતી. આમાંથી જ જવાતું હશે ને ધાબા સુધી? પેલી વૃદ્ધા સુધી? મેં સીડી પર પગ મૂક્યો. ને સીડી ધ્રૂજવા લાગી. મને લાગ્યું કે હું ગુરુત્વાકર્ષણથી વિપરીત ઊંધી દિશામાં ઉપર તરફ પડી રહ્યો છું. સીડી ખરી પણ નાનકડી સુરંગ જેવી. તમને ફંગોળતી હોય જાણે.

થોડી વારમાં હું ઉપર પહોંચ્યો. મજબૂત જમીનને પગ અડ્યા તો હાશકારો થયો. મેં જોયું તો એ અગાશીની પાળી પર જઈને ઊભી હતી. હવે મને કશાની નવાઈ નહોતી લાગતી. કેમ કે સમજાતું જતું હતું કે આ કાં તો કોઈ જાદુગરણી છે અથવા તો કોઈ ડાકણ.

ચારે બાજુ મકાનો જ મકાનો દેખાતાં હતાં. એણે મને કહ્યું, 'ચલ, આવી જા. મેં કહ્યું, 'ક્યાં?' તો કહે 'અલ્યા ઢીલી કાછડીના બાપવાળા ...બસ ચાલતો રહે.' મેં કહ્યું, 'ગાંડી થઈ છો કે શું? હું હવામાં નથી ચાલી શકતો. તમે ગુરુત્વાકર્ષણનો નિયમ જાણો છો કે નહીં?' તો કહે, 'બહુ બોલ્યો ટણપા. હું કહું એમ કર. મારી પાછળ ચાલ્યો આવ.' પછી મેં જે જોયું એ જોઈને મારી આંખો ફાટી ગઈ. મારી સો-કોલ્ડ નાની ચાલતી હતી ને એ જેમ જેમ ચાલતી હતી તેમ તેમ હવામાં એક પુલ બનતો જતો હતો. સિમેન્ટના પુલ જેવો જ લાગતો. મને તો મારા જોયા પર વિશ્વાસ ન થાય. એણે દૂરથી બૂમ મારી. 'ક્યાં સુધી જોતો રહીશ આમ ઠોયા. પગની પાનીમાં બુદ્ધિ રાખવાવાળા...આવવા માંડ મારી પાછળ.' મેં બીતાં બીતાં મારો એક પગ આગળ લંબાવ્યો. પુલ સાંકડો હતો. પણ એકદમ નક્કર. સિમેન્ટ કૉન્ક્રીટના પુલ જેવો જ. અમે ચાલ્યે જતાં હતાં. એ આગળ ને હું પાછળ. આજુબાજુ મકાનો ને આકાશ. બે-ચાર પક્ષીઓ. સમડી જેવાં.

અમે એક મોટા મકાનની અગાશીએ આવી પહોંચ્યાં. અગાશી પર બે-ત્રણ યુવાન સ્ત્રીઓ હતી. એ જ પ્રકારના બ્લાઉઝ ચણિયા. બૉયકટ વાળ. આકર્ષક પણ કહી શકાય. હું ચાલતો રહ્યો. એક-બેની સાથે મારી આંખ પણ મળી.

અમે એના ઘર જેવી જ, સુરંગનો અનુભવ કરાવતી સર્પાકાર સીડી પરથી નીચે ઊતર્યાં. નીચે જઈને જોયું તો એક મોટો સભાખંડ હતો. જેમાં અનેક સ્ત્રીઓ સાદી લાકડાની ખુરશી પર બેઠી હતી. જુદા જુદા પોશાકમાં. કોઈ ચાઈનીઝ ગાઉનમાં. તો કોઈ સલવાર કમીઝમાં. કોઈ બુરખામાં તો કોઈ ફ્રૉક-એપ્રનમાં. હું જેવો મારી નાની પાછળ એમના ખંડમાં પ્રવેશ્યો કે મને જોઈને બધી અચાનક એકસાથે હાથ ઊંચા કરીને 'હો હા હો હા' એવો અવાજ કરવા માંડી. હું ચોંકી ગયો. મેં જોયું કે દૂર એક લાકડાના સિંહાસન પર એક સ્ત્રી બેઠેલી. આફ્રિકન જેવી. જાડી. તેણે ઉપરના ભાગમાં કશું પહેર્યું નહોતું. સિંહાસનના બૅક સપોર્ટ પર એક કાગડો બેઠેલો. એની જમણી બાજુએ એક ભાલા પર છૂંછા જેવું કશુંક હતું. મેં ધ્યાનથી જોયું તો ખ્યાલ આવ્યો કે એ પુરુષની મૂછો હતી. એ સ્ત્રીની આજુબાજુ બે-બે એમ કુલ ચાર સ્ત્રીઓ બેઠેલી. ખુરશી પર. ધોળી, કાળી, ઘઉંવર્ણી, બધા રંગની.

પછી એણે બેઠા બેઠા પોતાની ભાષામાં કશુંક કહ્યું. જોરથી - કશુંક મંત્ર જેવું. ને ચમત્કાર થયો. સ્ત્રીઓ બેઠી હતી એની વચ્ચે એક ફાટ પડી. એમાંથી એક પ્લૅટફૉર્મ ઊપસી આવ્યું.

પછી બે સ્ત્રીઓ મારા હાથમાં હાથ નાખીને મને એસ્કૉર્ટ કરતી હોય એમ ફાટ પરથી હવામાં ચાલતી ચાલતી લઈ ગઈ. હું નીચે જોઉં તો એકદમ ઊંડી ખીણ જેવું. ને અમે એના ઉપર આરામથી ચાલતાં. મેં અધ્ધર શ્વાસે ચાલ્યે રાખ્યું.

છેવટે અમે પહોંચ્યાં પ્લૅટફૉર્મ સુધી. અમારી સામે પ્લૅટફૉર્મ પર એક બેઠક હતી. જેના પર ત્રણ શિલ્પ હતાં. એક નળી જેવું, એક ટેકરી જેવું ને એક પથ્થરમાં ઊભી આંખ

હતી. ઓહ. બે સેકંડ પછી મને લાઇટ થઈ. એ શિશ્ન, સ્તન અને યોનિનાં શિલ્પ હતાં. મેં જોયું કે અમારી પાછળ એક ત્રીજી સ્ત્રી પણ આવી હતી. ધોળી. એણે જૂની ઢબનાં ફ્રૉક-એપ્રન પહેર્યાં હતાં. એકાએક સિંહાસન પર બેઠેલી સ્ત્રી જોરથી કશુંક બોલી.

એ ચૂપ થઈ પછી સન્નાટો સંભળાયો. પેલી ધોળી કશુંક બોલી. એ બ્રિટિશ ઇંગ્લિશમાં એવું ગૂંગણું ગૂંગણું બોલતી હતી કે ત્રીજી વારે મને સમજાયું. 'પ્લીઝ, રિમૂવ યોર શર્ટ.' 'વ્હાય?' મેં પૂછ્યું એને. 'રિમૂવ યોર શર્ટ પ્લીઝ.' એણે એકદમ દૃઢ અવાજે કહ્યું. મેં શર્ટ ખોલ્યું. જેવું ખોલીને એને હાથમાં લીધું કે તરત આજુબાજુવાળી સ્ત્રીઓએ ફરી મારા હાથ પકડી લીધા. ને પેલી ધોળીએ પોતાના એપ્રનના ખિસ્સામાંથી ક્રીમ ને બ્રશ કાઢી મારી છાતી પર ક્રીમ લગાવવા માંડ્યું. 'આ શું કરો છો?' મેં રાડ પાડીને પૂછ્યું. પણ સભાખંડમાં પિનડ્રોપ શાંતિ હતી. મેં મારી નાની સામે જોયું. પણ એ કશા હાવભાવ વિના સામે જોઈ રહી હતી. એણે મારી સામે નજર પણ મિલાવી નહીં. હું લાચાર હતો. કેમ કે બંને સ્ત્રીઓની પક્કડ બહુ જ મજબૂત હતી. પેલી સ્ત્રીએ ક્રીમ લગાડ્યું. પછી ક્રીમ અને બ્રશ પોતાના ખિસ્સામાં પાછાં નાખ્યાં. પછી ફરી પોતાના એપ્રનના ખિસ્સામાંથી અસ્ત્રો કાઢ્યો. ને એક નાની સૂપડી કાઢી. ને મારી છાતીના વાળ એ શેવ કરવા લાગી. એ બધા વાળ સૂપડીમાં પડતા હતા. બધા વાળ શેવ કરી એણે અસ્ત્રો બાજુ પર મૂક્યો ને સૂપડીના વાળ પેલાં ત્રણ શિલ્પો પર નાખ્યા. પછી એપ્રનમાં થોડો ઊંડે હાથ નાખ્યો તો એક પાણી ભરેલી ડોલ બહાર આવી. પછી એક ડબલું નીકળ્યું. ને ફરી એણે હાથ નાખ્યો. તો એક છાબડી બહાર આવી. એમાં ફૂલોની ભૂરી ભૂરી પાંખડી હતી. ટેબી-બુઇઆનાં ફૂલોની હોય એવી. અચાનક પેલી સિંહાસનવાળી સ્ત્રી ફરી એના જાડા અવાજમાં કશુંક બોલી. એટલે પેલી સ્ત્રીએ ડોલમાંથી ડબલું ભરી મારા માથા પર પાણી નાખ્યું. અને મારા માથામાંથી આવતું પાણી પેલી પાંખડીઓવાળી છાબડી પર ઝીલ્યું. પછી એ પાણીવાળી છાબડીનો અભિષેક કર્યો પેલા શિશ્નવાળા શિલ્પ પર. દરમિયાન બધી સ્ત્રીઓ મોટા સ્વરે એમની ભાષામાં કશુંક બોલવા લાગી. લયબદ્ધ એકસાથે થતું એમનું ગાયન સાંભળવામાં ગમે એવું હતું. ખ્રિસ્તીઓના સમૂહગાન જેવું. પણ એ આખા ગાયન દરમિયાન પેલી સ્ત્રી મારા માથા પર ડબલું નાખ્યે જતી'તી ને ભૂરી પાંદડીઓ પલાળી એક પછી એક ત્રણેય શિલ્પો પર ઢોળ્યે જતી હતી.

આ ક્રિયા કુલ પંદર-સોળ વાર થઈ હશે. ફરી સન્નાટો છવાઈ ગયો. મારું માથું પલળી પલળીને ઠરી ગયું હતું. પેલી ધોળીએ મુઠ્ઠી ખોલીને બંધ કરી મારા માથા તરફ કરી મારું માથું સૂકવી દીધું. ને એ રીતે જ ડોલ-ડબલું અદૃશ્ય કરી દીધાં. પેલી બે સ્ત્રીઓ ફરી મને એસ્કૉર્ટ કરીને પાછી લઈ ગઈ.

પ્લૅટફૉર્મ પાછું ભોંયમાં ગરક થઈ ગયું. તિરાડ પુરાઈ ગઈ. ને હું ફરી પેલી મહારાણી સમક્ષ હતો.

'આ બધું શું ચાલે છે?'

મેં જોરથી ઘાંટો પાડ્યો. મારી અકળામણ ચરમસીમાએ હતી.

'તમે અમારી વિધિનો અર્થ જાણવા માંગો છો?'

મહારાણીએ ઠંડા કલેજે પૂછ્યું.

'જે હોય એ. મને કહો કે આ બધું શું ચાલે છે ?' હું બરાડ્યો.

'વિધિ વિશે તો અમે તમને કહી નહીં શકીએ. તમે ઇચ્છો તો અમારી પ્રાર્થના તમને સમજાવી શકીએ.'

'ભલે. પણ કૈંક કહો તો ખરા.' મારો અવાજ કૈંક તરડાઈ ગયો.

'કઈ ભાષામાં ?' એના દૃઢ પણ લાગણીહીન અવાજમાં મારી અકળામણના કશા પડઘા કે પ્રતિભાવ નહોતા.

'ગુજરાતીમાં.' મેં એને હેરાન કરવાના ઈરાદાથી કહ્યું.

એણે એક છોકરીને આગળ આવવા કહ્યું. ને એ એમની ભાષામાં પોતાનું ગાયન કે પ્રાર્થના કે મંત્રો જે હોય એ બોલવા લાગી. દરમિયાન મહારાણીએ હવામાં પોતાની આંગળીઓથી કૈંક લખ્યું. અને પેલી છોકરી જે બોલતી હતી એ મને ગુજરાતીમાં સંભળાવા લાગ્યું.

અમે નથી દેવી નથી ડાકણ
નથી શિકારી, નથી મારણ.

અમને ન ખપે તમારી પ્રશંસા કે ન ખપે તમારી મજાક
ન ખપે તમારી પૂજા કે ન ખપે તમારી ગાળ

માતાઓથી અમને કશી તકલીફ નથી.
પણ અમે માત્ર માતા નથી.
અમે માતા તરીકે સુખી હોઈએ
તો દુઃખી પણ હોઈએ.
અમે માતૃત્વને ચાહીએય ખરા
ને ધિક્કારીએય ખરા...

અમને સ્વર્ગ નથી જોઈતું.
નથી જોઈતું કોઈ યુટોપિયા
જોઈએ છે થોડી હૂંફ, થોડો પ્રેમ.
થોડું હસવાનું. થોડું રડવાનું.
થોડું કામ ને બહારની દુનિયામાં નાનું પણ પોતાનું સ્થાન.

જે દરેક માણસને જોઈતું હોય છે તે જ જોઈએ અમને.
માણસ તરીકે અમે ઓળખાઈએ. પરખાઈએ.
માણસ તરીકે અમે જીવીએ. મરીએ.

આ પ્રાર્થના કે પૂજા કે વિધિમંત્ર પૂરા થયા ને ફરી વાતાવરણમાં શાંતિ પ્રસરી રહી.

'યુ મે ગો નાઓ.' મહારાણી બોલી. ને મારી નાની મારી પાસે આવી. આંખોના ઈશારાથી ચાલવાનું કહ્યું. ને હું એની પાછળ ચાલવા લાગ્યો. બધી ખુરશી પર બેઠેલી વિવિધ પોશાકોમાં સજ્જ સ્ત્રીઓને જોતો જોતો.

ત્યાં મારી નજર પેલી બે આંખો પર પડી. એ પણ મને જોઈ રહી હતી. કેવી રીતે ભુલાય એ આંખોને. મનમાં ને મનમાં એને સાદ પણ દેવાઈ ગયો. પણ એણે તરત આંખો ઢાળી દીધી. અને પોતાને અદશ્ય કરી દીધી. સાલું. એની ખુરશી જ ખાલી થઈ ગઈ. હું એને જોઈ ઊભો રહી ગયેલો. તો હવે એના ગાયબ થઈ ગયા પછી એક ચોકીદારણી હાથ પકડીને મને નાનીની પાછળ લઈ જવા લાગી.

અમે પેલી સીડીથી ઉપર ચડ્યા. અને પુલ પર થઈને પાછા ફરવા લાગ્યા. હવામાં ચાલતા ચાલતા. નાની આગળ. હું પાછળ. એકાએક નાની બોલી.

'એક સવાલ તું મને પૂછ. એક સવાલ હું તને પૂછું.'

હું વિચારમાં પડી ગયો. એક જ સવાલ હોય તો શું પૂછવું?

'મારો આ નગરમાં પ્રવેશ કેવી રીતે થયો?' થોડી વાર વિચારીને મેં પૂછ્યું.

'કદાચ તે કોઈ સ્ત્રીને સમજવા પ્રયત્ન કર્યો હશે. અહીં એવા પુરુષો જ આવી શકે છે ને એવા પુરુષો પાસે અમે પૂજાની વિધિ કરાવીએ છીએ.'

'પણ એ વિધિનો અર્થ શું? આ છાતીના વાળ ને બધું?'

'મેં તને કહેલું કે એક જ સવાલ.' પછી થોડી વાર રહીને બોલી. 'કદાચ તેં પહેલો સવાલ આ પૂછ્યો હોત તોપણ હું તને ના જણાવી શકત. અમે અમારી વિધિ વિશે કોઈને કશું કહી શકતાં નથી.'

એ આઈ કૉન્ટેક્ટ વગર બોલતી હતી પણ મને સ્પષ્ટ સંભળાતું હતું. એના અવાજની તાકાત જ એવી હતી કદાચ.

'તમારે મને શું પૂછવું છે?'

'તારાં લગ્ન થઈ ગયાં છે?'

'હા. થઈ ગયાં છે. એક દીકરી પણ છે. પણ મારી પત્ની દોઢ વરસ પહેલાં ઘર છોડીને ચાલી ગઈ.'

'એવી ઘણી સ્ત્રીઓ હોય છે અહીં.'

'હા કદાચ.' મારા મનમાં પેલી આંખો તરવા લાગી.

'હુંય જતી રહી હતી થોડો વખત તારી મા, મામા ને નાનાને છોડીને.'

'કેમ?'

'ખબર નહીં. ડર. સારી મા નહીં બની શકવાનો ડર. પોતાની જિંદગી છીનવાઈ જવાનો ડર.'

'પછી?'

'પછી પાછી આવી ગઈ. ગિલ્ટ ના સહન થયું.'

સંતાનોને છોડવાનું ગિલ્ટ કોનાથી સહન થાય? હું મનોમન વિચારતો હતો.

‘યાદ રાખીશ ને આ સફર? આ અનુભવ?’ અમે પ્રવેશદ્વાર નજીક પહોંચ્યાં ત્યાં એણે પૂછ્યું.

મેં હા પાડી. વિલાતું સ્મિત કરતાં.

ને અમે પ્રવેશદ્વાર પર આવી પહોંચ્યાં.

આવજે આવજો. પછી અમે થોડા સંકોચપૂર્વક એકબીજાને ભેટ્યાં. પેલી ચોકીદારણીએ પણ મારી સામું જોઈને આછું સ્મિત કર્યું. હું ચોકીઝાંપામાંથી થઈને બહાર રસ્તા પર આવ્યો ને ચોકીદારણીએ ઝાંપો બંધ કર્યો.

*

એક દિવસ હું ઑફિસેથી ઘરે આવ્યો ને મેં જોયું કે ડાઇનિંગ ટેબલ પર મારી મમ્મી શ્રેયા, મારી ત્રણ વરસની દીકરીને જમાડતી હતી. શ્રેયા કંટાળી હતી. એને વધારે ખાવું ન્હોતું. મમ્મી આગ્રહ કરતી હતી. હું થાકેલો હતો. બેની રકઝકથી વધારે કંટાળો ચડ્યો. મમ્મીને કહ્યું, ‘જવા દે ને મમ્મી.’ ‘જાઓ બેટા’ એમ કહીને મેં શ્રેયાને ખુરશી પરથી ઊભી કરી. યે કરીને એ અમારા કૂતરા નિયોને રમાડવા જતી રહી.

મમ્મી મારી થાળી કાઢીને આવી. એની ચાલ જોઈને મને નાની...

મેં મમ્મીને પૂછ્યું, ‘મમ્મી, નાની હૃષ્ટપુષ્ટ હતી કે ફોટામાં દેખાય છે એવી પાતળી?’

‘અરર... જમતી વખતે એની ક્યાં વાત કરે છે? એ તો ડાકણ હતી ડાકણ.’

■

અગત્યની સુચનાઓ

(૧) ‘પરબ’નું લવાજમ હવે નીચે આપેલા QR કોડથી ભરી શકાશે.
લવાજમ : રૂા. ૧૫૦/- (એક વરસના)
સંસ્થાકીય લવાજમ : રૂા. ૩૦૦/- (એક વરસના)
આજીવન સભાપદ : વ્યક્તિ દીઠ રૂા. ૩,૦૦૦/-
સંસ્થા આજીવન સભ્ય પદ રૂા. ૫,૦૦૦/-
લવાજમ ભર્યા પછી તમારું સરનામું, સંપર્ક નંબર Whatsappથી શ્રી ચંદ્રકાન્ત ભાવસારને નીચેના નંબર પર જાણ કરવી.
પોતાના નંબરથી ૯૭૭૩૨૨૨૪૨૫

(QR કોડ)

(૨) ટપાલની અનિયમિતતાને કારણે કેટલાક ગ્રાહકોને ‘પરબ’ના અંકો મળતા નથી. જે ગ્રાહકો ટપાલને બદલે કુરિયર દ્વારા અંક મેળવવા માગતા હોય તેમણે લવાજમ ઉપરાંત બીજા વાર્ષિક રૂા. ૨૫૦-૦૦ મોકલવાના રહેશે. આપ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આ રકમ જમા કરાવશો પછીથી કુરિયર દ્વારા પ્રતિ માસ અંક મોકલવામાં આવશે. મોબાઇલ નંબર અવશ્ય મોકલવો.

નિરાંત

રૂપા લખલાણી

નહાઈ લઉં?...રિદ્ધિએ વિચાર્યું — કામવાળા બહેનને આવવામાં હજુ વાર છે. આજે દૂધની તો ના પાડી છે, અને છાપું તો દરવાજો ન ઉઘાડીએ તો જાળી પાસે નાખીને જતો જ રહે છે ને? આ તો પપ્પાજીને એવું હોય કે હાથોહાથ લેવું — સરસ્વતીને એમ દરવાજા પાસે ફેંકીને જતો રહે એ સારું કહેવાય? શાળાએ ભલે એમને નિવૃત્ત જાહેર કર્યા પણ એમની અંદરનો શિક્ષક ક્યારેય નિવૃત્ત ન થયો. રોજ સવારે નહાઈ ધોઈને મોબાઇલમાં પ્રાર્થના વગાડે — દિવસ પ્રમાણે. રિદ્ધિને પાછું એવું કે સવારમાં જે ગીત કાને પડ્યું એ તરત મોઢે ચઢી જાય અને આખો દિવસ ગવાયા કરે. આખો સોમવાર 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' વહ્યા કરે. અને આખો મંગળવાર 'જીવન અંજલિ' થયા કરે. હવે તો નાનકડી રિધિમા પણ મમ્મીને ગાતાં જોતી ત્યારે ખીજવતી – પ્રેમળ જ્યોતિ તારો દાખવી? હા લા, આજે ગુરુવાર, નહીં? રવિવારે પાછી પ્રાર્થના બંધ હોય, સ્કૂલમાં રજા હોય, ઘરનાં બાળકો ઊંઘતાં હોય.

નહાઈ જ લઉં પે'લા – એણે ફરી વિચાર્યું. આ નાઇટો પહેરીને ક્યાં સુધી ફર્યા કરું? સાસુમાને ગાઉન પહેરેલી રિદ્ધિ ઓછી ગમતી. એ સીધું કંઈ ન કહે પણ નાઇટીને 'નાઇટો' કહે એટલે એમના મૂડનો ખ્યાલ રિદ્ધિને આવી જાય. એમાં જો વળી અત્યારે એમનો ફોન આવી ગયો તો શું કહેશે પોતે? કે હજી નહાઈ પણ નથી? રોજ તો આ સમયે એણે નહાઈને દીવા-બત્તી પણ પતાવી દીધા હોય. ભલેને એ કશું કહે નહીં, પણ એમ તો થાય જ ને કે...

ફટાફટ નહાઈ લઉં પહેલાં, દીવો ભલેને ન કરવાનો હોય – રિદ્ધિ ઊભી થવા ગઈ ત્યાં મોબાઇલ વાગ્યો. 'જેની બીક હતી એ જ થયું. કહી દઈશ કે હા નહાઈ લીધું, ખરાઈ કરવા વીડિયો કૉલ થોડી કરવાનાં છે?'

જોયું તો મમ્મીનો ફોન હતો, મમ્મીજીનો નહિ. હાશ થઈ.

'બધાં પહોંચી ગયાં સુખરૂપ? શું કરતી હતી?'

'હા, વહેલી સવારે મૅસેજ આવી ગયો'તો ચિંતનનો. આજે ત્યાં પ્રસાદ લઈને રાત્રે નીકળી જશે. કાલ સવારે તો બધા પાછા.' બીજા પ્રશ્નનો જવાબ આપવાનું રિદ્ધિએ ટાળ્યું.

'વર્ષમાં એક વાર માતાજીના નિવેદ થાય એમાંય તારે ન જવાયું. ગોળી ખાઈ લીધી હોય તો? હવે છેક આવતા વર્ષે મેળ પડે તો પડે.'

ધારત તો તે જઈ શકી હોત. અડતાલીસ વર્ષે, હવે તો તે બે દિવસે ચોખ્ખી થઈ જાય છે. અને એને તો આજે ચોથો દિવસ થયો. માને વધું કશું કહેવાનું એનું મન ન હતું.

'મને ગોળી નથી સદતી. ખબર તો છે તને.'

'હવે બે છોકરાં થઈ ગયાં પછી શું સદે ને ન સદે? આજકાલની છોકરીઓ તો બાપા વેવલી ભારે. અમે તો તુલસીમાં સોપારી ખોસીને નિરાંતે માતાજીના ભરોસે નીકળી પડતાં. અમને તો કોઈ દિ' આવી તકલીફો નથી નડી', માએ પચાસ વખત કહેલી વાત એકાવનમી વખત કહી.

'સારું. મૂકું?' રિદ્ધિએ વધુ વાત ટાળી.

મોબાઇલ બંધ થયો ત્યાં સૌથી પહેલી નજર પડી મ્યુઝિક એપ ઉપર. ફટ દઈને આંગળી મુકાઈ ગઈ. આજ સુધી આ એપ ફોનમાં છે એ પણ એના ધ્યાનમાં નહોતું આવ્યું. રિધિમા અથવા અંશ બન્નેમાંથી કોઈએ ડાઉનલોડ કરી હશે. સર્ચ હિસ્ટ્રીમાં તો કોણ જાણે કેવા કેવા અંગ્રેજી ગાયકો અને કલાકારોનાં નામ હતાં. ઉત્સુકતાથી તેણે જે પહેલું દેખાયું તે આલબમ સિલેક્ટ કર્યું. બે-પાંચ મિનિટ પ્રયત્ન કર્યો સમજવાનો કે શું ગવાય છે-કશું પલ્લે ન પડ્યું. તેને થયું, આ બેય આખ્ખો દિવસ કાનમાં ભૂંગળાં ભેરવી આ કકળાટ સાંભળતાં હશે! આના કરતાં તો પપ્પાજીની પ્રાર્થના સારી.

તેણે ઘોંઘાટ બંધ કર્યો. હવે પોતે શું સાંભળવું તે વિચારી રહી. કેટલો સમય થયો હતો અમસ્તાં જ ગીતો સાંભળ્યા ને! પોતાને કયાં ગીતો ગમતાં એ પણ ભુલાઈ ગયેલું. નાનપણની લગભગ દરેક સાંજ રેડિયો અથવા ટેપરેકૉર્ડર પર ગીતો સાંભળવામાં વીતી હતી. પપ્પાએ ટી.વી. ઉપરના ખાનામાં ટુ ઇન વન ટેપરેકૉર્ડર ગોઠવ્યું હતું અને એમાં પાતળા પ્લાયવૂડ ખીલીઓ વડે ઊભા ફિટ કરી દઈને કૅસેટોને વિભાગ પ્રમાણે ગોઠવી હતી. પપ્પા બૅંકેથી આવે ત્યારે એ અને એની બહેનો કાં લેસન કરતી હોય, કાં કપડાં વાળતી હોય કાં ભાજી કે વટાણા કે એવું કંઈક લઈને વચ્ચે છાપું પાથરીને બેઠી હોય. મમ્મી રસોડામાં રસોઈ કરતી હોય. પપ્પા કૅસેટ ચડાવે અને એ બધાં ગીતો સાંભળે, ક્યારેક સાથે ગાય પણ ખરા. એની નાની બહેનને શબ્દો ખબર ન હોય તોપણ ગાવા જોઈએ. પપ્પાને લતાજી ખૂબ ગમતાં-યાદ આવ્યું. એક વખત તેમણે 'વાદીયાં મેરા દામન રાસતે મેરી બાંહે..' ચલાવ્યું ત્યારે લસણ ફોલતાં ફોલતાં તાનમાં આવીને રુચિ ગાવા લાગેલી 'વાદીયાં મેરા દામન રાસતે મેરી માં હે..' અત્યારે પણ એ યાદ આવતાં તેને હસવું આવી ગયું.

એણે સીધું ગીત જ સર્ચ કર્યું-વાદીયાં મેરા દામન. હિટ્સ ઑફ લતા મંગેશકરનું લિસ્ટ ખૂલ્યું અને ગીત શરૂ થયું. એણે સાથે ગાવાનું ચાલુ કર્યું. અને રુચિને યાદ કરીને ધરાર એક-બે વાર 'રાસતે મેરી માં હે' ગાઈ લીધું. અને એણે રુચિને ગીતની લિન્ક મોકલી. મનમાં વિચાર્યુંય ખરું કે તેને થશે કે કેટલા સમયથી વાત નથી કરી અને આજે અચાનક આ ગીત કેમ મોકલ્યું? સમય જ નથી રહેતો કોઈને નિરાંતે ફોન કરવાનો. સાથે મૅસેજ પણ કર્યો - યાદ આવ્યું? તરત રુચિનો ખડખડાટ હસતાં ઇમોજીવાળો જવાબ આવ્યો - સાથે લખ્યું હતું - LOL.

પહેલાં નહાઈ લઉં. પછી એની સાથે વાત કરું, નિરાંતે. એવું વિચારી ગીત ગણગણતાં એ બાથરૂમ તરફ ગઈ. મોબાઇલ પલંગ પર રાખી અંદર જઈ બાથરૂમનો દરવાજો બંધ કર્યો અને નળ ચાલુ કર્યો તો ગીતનો અવાજ આવતો બંધ થઈ ગયો. એને ભાસ થયો કે રિંગ વાગે છે. એ ઉતાવળે બહાર આવી તો ગીત તો વાગતું જ હતું. થયું પહેલાં નહાઈ લે – પછી ગીત સાંભળે. પણ તરત એવુંય થયું કે આમ લતાનાં ગીતો સાંભળતાં સાંભળતાં નાહવાની જાહોજલાલી પછી ક્યારે મળશે ? આમેય આજે ક્યાં કોઈ છે ઘરમાં ? બાથરૂમનો દરવાજો ખુલ્લો રાખી એ નાહવા બેઠી.

ચિંતનને બાથટબનો ખૂબ શોખ હતો. અહીં બાથરૂમમાં તેણે એક અદ્યતન બાથટબ મુકાવ્યું હતું. નાહવા માટે ક્યારેય રિદ્ધિ પાસે દસ મિનિટથી વધુનો સમય ન રહેતો. આ ટબનો ઉપયોગ એણે આજ સુધી ક્યારેય નહોતો કર્યો. નિરાંતે એને જોવાની ફુરસદ પણ નહોતી રહી ક્યારેય. રિધિમા અને અંશ જ્યારે એમાં નાહવા પડતાં ત્યારે એમને બહાર ખેંચવા પૂરતો આ ટબની કિનારીઓનો સ્પર્શ એણે કર્યો હતો.

‘શું દેડકાની જેમ પાણીમાં પડ્યાં છો ?’ બંને પર ખોટી રીસ કરતી એ બોલે એટલે

‘દેડકાઓની મમ્મી દેડકી..’ દેડકાની જેમ પાણીમાં કૂદકા મારીને યુગલગીત ગાતાં હોય એમ બંને રિદ્ધિ પર પાણી ઉડાડે. ટબના પાણીનો બસ એટલો સ્પર્શ એને થયો હતો.

એણે ટબ ભરવાનું શરૂ કર્યું. કેવો સુંદર ભૂરો રંગ હતો ટબનો. એ રંગને કારણે અંદરનું પાણી વધુ સ્વચ્છ લાગતું હશે ? ટબમાં ક્યાંય કોઈ ક્ષારના ડાઘ નહીં, તારથી ઘસીને સાફ કર્યાનાં નિશાન નહીં. એણે ખૂણામાં પડેલી પેલી ભૂખરી ડોલ સામે જોયું. એમાં તો ક્યારેય પાણી આટલું ચોખ્ખું નથી લાગ્યું. એને થયું - રોજિંદી વસ્તુઓ શા માટે અસુંદર થતી જતી હશે ?

એણે આખું ટબ ભર્યું. કોણ જાણે આજે કેમ પાણીના બગાડનો વિચાર ન આવ્યો. ચિંતન ઘણી વખત તેના નાહવાના પાણીમાં તેણે મંગાવેલું હિમાલયન લેવેન્ડરનું એસેન્શિયલ ઑઇલ નાંખતો. અને એ નહાઈને નીકળતો ત્યારે એક કુદરતી સુગંધથી આખું ઘર મઘમઘી ઊઠતું. એ સુગંધ ચિંતનની ઓળખ બની ગઈ હતી. ક્યારેક નાહ્યા પછી એ રિદ્ધિને સ્પર્શતો ત્યારે એ સુગંધ રિદ્ધિનાં પણ હાથોમાં, ડોકમાં અને ચહેરા પરથી પણ આવતી. અંશ કહેતો પણ ખરો કે આજે તારામાંથી પપ્પાની સુગંધ આવે છે.

સહસા એને વિચાર આવ્યો – જો કોઈ ગંધથી એણે ઓળખાવાનું હોય તો કઈ ગંધ એની ઓળખ બને ? અને એણે પોતાના હાથ સૂંઘ્યા. એમાં દૂધની વાસ આવતી હતી. વાસી દૂધની મલાઈ કાઢતી વખતે ઢોળાઈ ગયેલી મલાઈ એણે હાથેથી ભરી હતી. એને યાદ આવ્યું - એક વખત રિધિમાએ એનો હાથ હડસેલીને કહ્યું હતું- મમ્મી તારામાંથી મસાલાની સ્મેલ આવે છે.

તેણે એસેન્શિયલ ઑઇલની શીશી હાથમાં લીધી અને ટબના પાણીમાં હિમાલયન લેવેન્ડરનાં થોડાં ટીપાં નાખવા ગઈ. પણ રોકાઈ ગઈ. શીશી બાજુ પર મૂકી તેણે કંઈક વિચાર્યું અને ઝડપથી ફ્રીઝમાં રાખેલું ગુલાબજળ લઈ આવી અને પાણીમાં રેડ્યું. આ વખતની ગુલાબજળની સુગંધ એને નવી લાગી. જાણે એની પોતાની. જમણો હાથ કોણી સુધી ટબમાં નાંખી તેણે સુગંધને ધીમે ધીમે પાણીમાં ભેળવી. પછી હાથ બહાર કાઢી

હથેળી સૂંઘી. હજી પણ દૂધની હલકી વાસ હાથમાં હતી. તેણે ગુલાબજળનાં સીધાં જ આઠ-દસ ટીપાં હથેળીમાં લીધાં અને બંને હાથ જોર જોરથી ઘસી લીધા.

તેણે ટબમાંથી જમણી હથેળીમાં થોડું પાણી લીધું અને ડાબા હાથ પર રેડ્યું-સૂંઘ્યું-ફરી રેડ્યું-ફરી સૂંઘ્યું. આહાહાહા, આ સુગંધ પોતાના હાથમાંથી આવે છે! તેણે બંને હથેળીમાં પાણી ભરી છાલક મોઢા પર મારી. હવે પોતાનો ચહેરો તે કેવી રીતે સૂંઘે? તેને થયું આ આંગળીઓનાં ટેરવાં ઉપર એકાદું નાનકડું નાક મૂક્યું હોત ઈશ્વરે તો! અને તે હસી પડી. તેણે બે આંગળીઓ ગાલ પર મૂકી અને નાક વડે જોરથી શ્વાસ લીધો. અને ફરી હસી પડી – ખડખડાટ. જાણે ચહેરા પરની ખુશ્બૂ સૂંઘાઈ ગઈ!!

નાઇટી ઉલાળીને બહાર પલંગ પર ફેંકી. પગ ટબમાં મૂકવા જતી હતી ત્યારે નજર પગના ચીરા પર પડી. આમ તો ઘણી વાર જોયા હતા. પણ આજે એને તે ગંદા લાગ્યા. આ પગે અંદર જઈશ તો આ સુગંધીદાર પાણી ગંદું થઈ જશે. એણે સ્ટૂલ પર બેસી, સ્ક્રબર વડે પગને થોડા ચોખ્ખા કર્યા. ચીરામાંનો મેલ ધોવાઈ ગયો હતો. પગ પર એક ડબલું પાણી રેડી તે ટબમાં પ્રવેશી. હળવેથી બેઠી. એણે બંને હાથને ટબના તળિયે મૂક્યા. ચોખ્ખા ભૂરા પાણી નીચે તેના હાથ સુંદર લાગી રહ્યા હતા. પાણીમાં પડતો લાઇટનો પ્રકાશ તેના હાથને એક સોનેરી આભા આપતો હતો. તે થોડી વાર હાથને જોતી રહી. ફરી હથેળીમાં પાણી લઈ સૂંઘ્યું.

પહેલી વાર તે આમ પાણીની વચ્ચે બેઠી હતી, કોઈ આવરણ વગર. એક સુગંધીદાર ટાઢક છેક અંદર સુધી પ્રવેશી રહી હતી. ધીમે રહીને તે આડી પડી. પોતાના શરીરને તેણે આમ નહોતું જોયું. પાણી નીચે તેના પેટ પરના લિસોટા, પગ પરની રુવાંટી, પંજા પર પડેલા ચપ્પલનાં નિશાન, ડૂંટીની છેક નીચે મારેલો ઑપરેશનનો કાપો, જમણા પગની ઘૂંટી પર પડી ગયેલો ડણનો ડાઘ બધું જ કેવું સ્પષ્ટ દેખાતું હતું. જમણા હાથના અંગૂઠા પર પડેલા ચીરા પર આંગળી ફેરવતી તે પોતાના શરીરને જોઈ રહી. કાનમાં લતાનો સુરીલો અવાજ પડી રહ્યો હતો. તેણે આંખ બંધ કરી સુગંધ અને સૂર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તે ક્યારે ઊંઘી ગઈ એની તેને પોતાને ખબર ન રહી.

થોડી વારે તે જાગી ત્યારે આજે રોજની જેમ – હાય હાય મોડું થયું, એવો કોઈ વિચાર અડ્યો સુધ્ધાં નહીં. તે ફરી નિરાંતે પડી રહી. 'યે સમા..સમા હૈ યે પ્યાર કા..' ગીત વાગી રહ્યું હતું. એ પૂરું થયું ત્યાં મોબાઇલની રિંગ વાગી. ફોનની રિંગ સાથે શરીરમાં પ્રવેશી જતી ઉતાવળ પણ જાણે આજે રજા પર હોય એમ લાગ્યું. ટુવાલ વીંટી તે બહાર આવી. સાસુમાનો કૉલ હતો. તેણે વિચાર્યું કે કહી દઈશ કે નહાવા બેઠી હતી. ભલેને થોડાં ખિજાય. જુઠ્ઠું બોલીને આજના આનંદની મજા નથી બગાડવી.

એ થોડાં અકળાયેલાં લાગ્યાં. 'શું કરતી હતી? ક્યારના ફોન કરતાં હતાં તને. મેં તો કહ્યું ચિંતનને કે ઊંઘતી હશે હજુ. એણે તો વીડિયો કૉલ કરેલો કે તને આરતીનો લાભ મળે.'

પોતે માંદી હોય એ સિવાય ક્યારેય આમ મોડે સુધી નથી ઊંઘી. છતાં?

એક ક્ષણ રોકાઈને રિદ્ધિ બોલી, 'મમ્મી, ફ્રીઝ સાફ કરતી હતી. ફોન તો રૂમમાં જ રહી ગયેલો. આ તો હમણાં ડસ્ટિંગ કરવા અંદર આવી એટલે ધ્યાન પડ્યું. સાઇલન્ટ પર હતો.'

ફોન મૂક્યો એટલે તે એવી ભીની જ અરીસા સામે ઊભી રહી પોતાને જોતી રહી, નિરાંતે. જાણે કોઈ અજાણી વ્યક્તિને જોતી હોય. તેની ચામડી એકસરખી ગોરી હતી. હાથ કાળા, પગ વધુ રૂપાળા એવું નહોતું. બે બાળકો પછી પણ તેનો દેહ સપ્રમાણ હતો. વાળની સફેદી ઉંમરની ચાડી ખાતી હતી. પણ તે પચાસની નજીક પહોંચેલી તો નહોતી જ લાગતી. – ઓહો, આવું બધું તો તેણે આ અગાઉ ક્યારેય નહોતું જોયું. અરે, અરીસામાં પોતાને આમ આખી જોઈ હોય એનેય કેટલાં વર્ષો વીતી ગયાં.

શરીર થોડું સુકાઈ ગયું હતું. તેને થયું કે તે હજુ પૂરતી ભીની નહોતી થઈ. પગ પાસે પડેલા ટુવાલને ટપી જઈને તે ફરી બાથરૂમ તરફ વળી.

■

દરેક કૃતિમાં 'સત્યનો આવિષ્કાર' અને 'સૌંદર્યનું દર્શન' હોવાનો દાવો કરવામાં આવે ત્યારે કલાના બજારમાં સત્ય અને સૌંદર્યના ભાવ ગગડી ગયા છે, એમ જ માનવું રહ્યું. દ્વિતીય કક્ષાના એક ઉપકવિ માટે અતિ ઉત્સાહમાં કહી બેસીએ કે એની કવિતામાં પરિણત પ્રજ્ઞાનાં દર્શન થાય છે, ત્યારે એવું કહેનારને માટે કે પેલા નિર્દોષ કવિને માટે દયા ઊપજવાને બદલે ખુદ 'પ્રજ્ઞા' પ્રત્યે જ દિલસોજી દાખવવી પડે. સત્ય, સૌંદર્ય, પ્રજ્ઞા, વગેરે બધી જ શબ્દાવલિઓનો અવિવેકી ઉપયોગ થાય ત્યારે એ તૂંબડીમાંના કાંકરા કરતાં વિશેષ કાર્યસાધક નથી રહેતી.

આમ થવાનું એક કારણ કદાચ એ હોય કે સમગ્ર વિવેચનની પ્રવૃત્તિ વધારે ને વધારે શબ્દાળુ બનતી જાય છે. જે વાત ચાર વાક્યોમાં કહી શકાતી હોય ત્યાં ચાર પાનાં ભરીએ ત્યારે એમાં સ્વાભાવિક જ નિરર્થક શબ્દવ્યય અને એથી, વિશેષણવ્યય થવાનો. કદાચ મુદ્રણયુગની આ બલિહારી હોય અને, આવી શબ્દાળુ પ્રક્રિયા જીવનનાં સર્વ ક્ષેત્રોમાં તથા દુનિયાના ઘણાખરા દેશોમાં વ્યાપક બનતી જતી હોય તોપણ નવાઈ નહિ. છતાં, આ બાબતમાં અંગ્રેજ પ્રજાની અપૂર્ણ કથન-(અન્ડરસ્ટેટમેન્ટ)ની ટેવ અપનાવવા જેવી લાગે છે. અલબત્ત, અનાવશ્યક 'શબ્દપાત' સામે તો ભારતીય શાસ્ત્રકારોએ પણ ચેતવણી ઉચ્ચારી જ છે. તેથી જ, વિવેચનની પરિભાષામાં - અને સમગ્ર જીવનવ્યવહારમાં પણ– મિતાક્ષરી શૈલીનો આગ્રહ રખાય તો આપણાં નિવેદનોમાં અને મંતવ્યોમાં, એ જ પરિભાષામાં કહીએ તો, 'સત્ય'નો અથવા સાચકલાપણાનો રણકો વધારે સ્પષ્ટ સંભળાશે.]

– ચુનીલાલ મડિયા, ચંદ અલ્ફાઝ, ૧૧૬

હિમડંખ

બકુલ ડેકાટે

માર્ચ મહિનાને અંતે ભારી હિમવર્ષાને કારણે હિમચાદર તળે દટાયેલો રસ્તો બૉર્ડર રોડ ઑર્ગેનાઇઝેશન/BROની મદદથી સાફ થઈ ચૂક્યો હતો. પરિણામે શ્રીનગરને લેહ સાથે જોડતાં નૅશનલ હાઈવે-૧ આલ્ફા પર વાહનોની અવરજવર ચાલુ થઈ હતી. નહિવત્ ટ્રાફિકવાળા સર્પાકાર રસ્તા પર સંતુલન જાળવવાને મથતી એક કાર સડસડાટ દોડતી હતી. પહાડી પ્રદેશ હોવાને કારણે સાંકડા રસ્તાની કિનારીએ બાંધેલી રેલિંગની બીજી તરફનો ભૂપૃષ્ઠ ઢોળાવવાળો હતો. કારનો ચાલક ૧૭ વર્ષનો બાળક હતો. તેની બાજુની સીટ પર ચાલીસ વર્ષનો, કેસરી પાઘડી પહેરેલ પંજાબી પુરુષ ગુસ્સે હતો.

“પુત્તર, જેમ બટાલિયનનું બ્રિગેડિયર આગળ કાંઈ ના ચાલે એમ તારી મમ્મી આગળ મારું નથી ચાલતું. તારી મમ્મીની જીદને કારણે જ કાચી ઉંમર છતાં હું તને ડ્રાઇવિંગ શીખવું છું.” રાખોડી રંગનું ચુસ્ત બ્લેઝરવાળું થ્રી-પીસ સૂટ પહેરેલી વ્યક્તિએ ઘૂંટાયેલા અવાજમાં સગીર પુત્રને ઠપકાર્યો.

“પ્યારે પ્યો. તુસ્સી ચિલ મારો. લેટ મી ડ્રાઇવ.” સાઇડ મિરરમાં પાછળ વાહન આવતું ન દેખાતાં બાળકે આગળના વળાંકથી કાર જમણી તરફ વાળી.

“વળાંક વખતે તો સ્પીડ સ્લો કરવાનું રાખ, બત્યાબોલ. BROની ટીમે રસ્તાની બંને તરફની બરફની દીવાલોને તોડીને રસ્તો સાફ કરી નાખ્યો છે. જો જરાક પણ ભૂલચૂક થઈ તો...” રસ્તાની કિનારીએ લંબાતી જતી ખીણ તરફ જોઈને પૅસેન્જર સીટ પર બેઠેલી ગુરુબચ્ચન સિંઘ નામની વ્યક્તિ તાડૂકી.

“સિયાચીન ગ્લૅશિયરના પોચા હિમમાં ચાલવાને કારણે તમે સ્લો પડી ગયા છો, રાઇફલમૅન. પણ હું સ્લો નથી.” પ્યોની વાત અવગણી બત્યાબોલે વધુ એક વળાંક પાસે ફૂલ સ્પીડમાં ગાડીને દિશા આપી.

“પુત્તર, આંખ કાણી કરવી, દિશા નહિ. તારા રાઇફલમૅન પિતા માટે સિયાચીન કર્મભૂમિ છે અને કદાચ મરણભૂમિ પણ! અને મારી ઇચ્છા છે કે તું પણ લદ્દાખ સ્કાઉટ્સમાં ભરતી થઈ સિયાચીનનો પ્રહરી બને!” કહીને ગુરુબચ્ચને બત્યાબોલનો કાન આમળ્યો, “ભવિષ્યમાં ક્યારેય સૈનિક વિશે આવી મજાક કરીશ?”

“સૉરી, પ્યો. નહિ કરું પણ કાન તો છોડો.” કાન છોડાવવાના પ્રયત્નમાં બત્યાબોલે હાથ સ્ટિયરિંગ પરથી હટાવી લીધો. બેધ્યાન બત્યાબોલને જાણ જ ન થઈ કે આગળ

અકસ્માતની સંભાવનાવાળો તીવ્ર વળાંક આવી ગયો છે. અલબત્ત, સચેત ગુરુબચ્ચનની આંખોએ રોડ રેલિંગની બીજી તરફનો વિસ્તરતો ખીણપ્રદેશ જોઈ લીધો. તેમણે કાન છોડીને વીજળીવેગે સ્ટિયરિંગ પર પકડ જમાવી અને કારની રેલિંગ સાથેની અથડામણ ટાળી દીધી.

થીજી ગયેલા લદ્દાખના જોખમી રસ્તાઓ છતાં ગુરુબચ્ચને પલકવારમાં કાર પર કાબૂ મેળવી લીધો. પુત્રનો જીવ બચાવ્યાની ખુશી હજી તો ચહેરા પર ઝળકી જ હતી કે સામેથી એક કૂતરો દોડતો આવ્યો. એને બચાવવાના ચક્કરમાં ગુરુબચ્ચને સ્ટિયરિંગ ફેરવ્યું. કાર પુનઃ રોડ પરથી સરકી અને રેલિંગ તરફ ઢસડાઈ.

પરિસ્થિતિ પારખી લઈ ગુરુબચ્ચને ક્ષણનોય વિલંબ કર્યા વિના બત્યાબોલને કારની બહાર ફંગોળ્યો અને બ્રેક પર તમામ બળ લગાવી દીધું. જેને કારણે કારનો પાછળનો ભાગ બેકાબૂ બની રેલિંગ સાથે અથડાયો. પ્રચંડ આઘાતનું શોષણ કરવામાં અક્ષમ રેલિંગ તૂટી અને વેગમાન કાર હવામાં ફંગોળાઈ.

બહાર ફેંકાયેલા બત્યાબોલના શરીરે ઠેકઠેકાણે ઉઝરડા પડ્યા હતા. વેદનાથી કણસી રહેલા બત્યાબોલની નજર હવામાં ફંગોળાતી કાર પર હતી. તે જોઈ બત્યાબોલની છાતીમાં કદીય ના રુઝાય એવો ઊંડો ચીરો પડ્યો. તે પછીની ક્ષણે કાર ઢોળાવ પર પટકાઈ અને અટક્યા વગર ગબડતી રહી. તળિયે પહોંચેલી કાર જ્યારે અટકી ત્યારે મોટો વિસ્ફોટ થયો.

પથ્થરવત્ બત્યાબોલને તે સમયે શી પ્રતિક્રિયા આપવી તે સૂઝ્યું નહિ. આંખોમાં આંસુ ભરી એ ભસતા કૂતરા પાછળ પાગલ પેઠે દોડ્યો, "શું જરૂર હતી બરફની દીવાલોને તોડવાની? BROની ટીમ અને કૂતરાએ જ મારા પિતાનો જીવ લીધો."

દોડતાં દોડતાં તેની આંખો આગળ અંધારું ઘેરાવા લાગ્યું અને પલકવારમાં તે ઢળી પડ્યો. તેની આંખો મીંચાઈ તે પૂર્વે કાખઘોડીના સહારે ચાલતી એક વ્યક્તિનું ધૂંધળું મુખ તેની રેટિનામાં ઝિલાયું. તેના કર્ણપટલમાં "ઓય કાજુ, ઝડપ કર" જેવા અંતિમ શબ્દો અથડાયા.

* * *

બે વર્ષ બાદ.

પિતાના મોત માટે હજી પોતાને જવાબદાર ન માનતો બત્યાબોલ MBAમાં પ્રવેશ માટે ચોટલી બાંધીને મંડી પડ્યો હતો. પિતાના અવસાન બાદ એકાંતમાં ઝૂરતી માતા પરમીંદરની ચિંતા તેને કોરી ખાઈ રહી હતી. એટલે જ સ્તો, એને ઊંચા વેતનવાળી નોકરી કરવી હતી.

દૈનિક ક્રમ પ્રમાણે બત્યાબોલ મળસ્કે ચાર વાગ્યે ઊઠીને અભ્યાસમાં પરોવાઈ ગયો હતો. અભ્યાસને ન્યાય આપી તે ડાયરી લખવા બેઠો જ હશે ત્યારે સાત વાગ્યે પરમીંદર નાસ્તાની પ્લેટ અને સ્થાનિક વર્તમાનપત્ર સાથે ઓરડામાં દાખલ થઈ. અભ્યાસ મેજ પર પ્લેટ મૂકીને, અખબારમાં પ્રકાશિત એક મથાળું પુત્ર આગળ ધરી પરમીંદર બોલી, "આ વાંચ. શક્ય છે તને તારા પિતાની અંતિમ ઇચ્છા યાદ આવી જાય!"

કટાક્ષકથન પારખીને બત્યાબોલે મથાળા તરફ નજર કરી. મથાળું હતું : LSRC/ લદ્દાખ સ્કાઉટ્સ રેજિમેન્ટલ સેન્ટરમાં ૪૬ અઠવાડિયાંની સખત ટ્રેનિંગ પામી ઉત્તીર્ણ થયેલા ૧૨૭ જવાન LSRCનો અભિન્ન હિસ્સો બનશે.

"ક્યારે તારું લોહી ઊકળશે? ક્યારે પિતાની જેમ તારામાં દેશ માટે મરી ફીટવાની ભાવના જાગશે?" નિરાશામાં પરમીંદરે કપાળ કૂટ્યું.

"પપ્પાની જેમ તને એકલી મૂકીને હું ક્યાંય નથી જવાનો. ભણીગણીને દુનિયાભરની ખુશીઓ તને આપવી છે." દળદાર પુસ્તકમાં માથું છુપાવીને બત્યબોલે કહ્યું, "ભારતમાતાની રક્ષા માટે લાખો યુવાનો છે. મારા નહિ જવાથી દેશને કોઈ ફરક નથી પડવાનો."

"હા, બેટા. દેશને ફરક નહિ પડે પણ તારા પિતાના આત્માને ફરક પડશે. તને જન્મ આપનાર માતાની કૂખને શરમનો ભાર નડશે." ઊંડી આંખોમાં ઊભરી આવેલો પીડાનો ભાર દબાવીને પરમીંદરે કહ્યું, "સુખદાયી ભવિષ્ય અને ભારતીય ધ્વજમાં લપેટાયેલા પુત્રનો મૃતદેહ, આ બેમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરવો પડે ને, તો ત્રિરંગામાં લપેટાયેલા શહીદ પુત્રને હું પસંદ કરીશ!"

વ્યથિત પરમીંદર મુખ પર પીડાકારી રેખાઓ ધારણ કરી ઓરડાની બહાર દોડી ગઈ. માને વ્યથિત જોઈ વર્ષો બાદ પુનઃ બત્યાબોલના હૃદયમાં ઊંડો ચીરો પડ્યો. તેણે ડાયરી સાઇડમાં મૂકીને અખબાર ઊંચક્યું. આર્મીના પોશાકમાં સજ્જ સૈનિકોની છબી તરફ મીટ માંડી. અચાનક તેની નજર સમક્ષ પિતાની છબી ઊપસી આવી. જે તેની પાસે વચન માંગી રહ્યા હતા, "મને વચન આપ બત્યા કે તું પણ લદ્દાખ સ્કાઉટ જૉઇન કરીને સિયાચીનનો પ્રહરી બનીશ."

વર્ષો અગાઉનો ગળામાં ભરાયેલો શ્વાસ વલોવાઈને ડૂમો બની ગયો. કોઈને વચન આપતો હોય એમ હવામાં હાથ ઊંચો કરી તે બબડ્યો, "હું વચન આપું છું પિતાજી. ગમે તે ભોગે LSRCમાં મારી ઉમેદવારી નોંધાવીશ."

બીજી જ ક્ષણે MBAનાં પુસ્તકોને કચરાપેટીમાં પધરાવી દઈ તેણે લૅપટૉપ ઓપન કરી સર્ચ કર્યું, "LSRC એન્ટ્રી ફૉર્મ."

ઑનલાઇન ફૉર્મમાં તે જરૂરી વિગતો ભરતો હતો ત્યારે જ રખડું કૂતરાંઓની ભસાભસ શરૂ થઈ. મેજ પરથી પેપર વેઇટ ઉઠાવીને બારીની બહાર ઘા કરીને તે બરાડ્યો, "આખરે દુનિયાને કૂતરાંઓની જરૂરત શી છે? મારું ચાલે તો એકેએક કૂતરાની હત્યા કરી નાખું!"

* * *

"સમુદ્રસપાટીથી ૧૧,૫૦૦ ફીટની ઊંચાઈએ આવેલા LSRC સ્કાઉટ્સની માનસિક અને શારીરિક રીતે થકવી નાખનાર ટ્રેનિંગ વિશે કશું કહેવું છે બેટબૉલ?" આર્મી જીપમાં ડ્રાઇવરની બાજુની સીટમાં બેઠેલા મેજર બકુલ આપ્ટેએ અનંતતામાં ફેલાયેલા ગગનચુંબી પહાડોનો પથારો જોઈ મૂછ પર તાવ દઈને કહ્યું, "કારણ કે આ તો ફક્ત ટ્રેઇલર છે. સંપૂર્ણ ચલચિત્ર તો સિયાચીન ગ્લૅશિયરના બેઝ કૅમ્પ ખાતે દેખાશે."

જીપની પાછળની સીટ પર ઇન્ડિયન મિલિટરી એકૅડેમી તરફથી "સોર્ડ ઑફ ઑનર"નો સન્માન પ્રાપ્ત કરનાર લ્યુટેનન્ટ દિલીપ ઠકરાર લાંબા સમયથી નિદ્રાસુખ માણી રહ્યા હતા.

રેજિમેન્ટનો હિસ્સો બન્યા બાદ એક સમયના બત્યાબોલને 'બેટબૉલ'નું હુલામણું નામ મળ્યું હતું. ઝંસ્કાર-સિંધુ નદીના પ્રવાહની સમાંતરે બનેલી સડક પર દોડતી જીપના ચાલક બેટબૉલે રમતિયાળ અંદાજમાં જવાબ આપ્યો, "ખર્દુંગ લા ઘાટમાં આવેલી નુબ્રા નદીના કાંઠે વસેલા હુન્દર ગામનો હું વતની છું. પૂરો લદ્દાખી. પાતળી હવા અને ઠંડી મારા માટે સાધારણ છે. તમારે આ સવાલ પાછળ આવી રહેલા શક્તિમાન ટ્રકના આલ્ફા ગ્રેડના સૈનિકોને પૂછવો જોઈએ."

"લદ્દાખી છું, તો ડ્રાઈવિંગથી આટલો ડરે છે કેમ?" કરડાકી નજર સાથે મેજર બકુલે ઘણા સમયથી હૃદયમાં ધરબી રાખેલો હિમ જેવો પ્રશ્ન પૂછ્યો. તેમણે અવલોક્યું હતું કે બેટબૉલ હંમેશાં ડ્રાઈવિંગથી દૂર ભાગતો.

"હાલ તો ડ્રાઈવ કરું છું ને!" બેટબૉલે સ્વબચાવ કર્યો.

"લેહથી વાયા ખર્દુંગ લા વટાવીને લદ્દાખમાં પ્રવેશવા સુધીનું અંતર તો મેં કાપ્યું. એ બે દિવસ દરમ્યાન તેં ફક્ત ડાયરી લખી. મારા દબાણને વશ થઈ હાલ તેં સ્ટિયરિંગ હાથમાં લીધું." મેજર બકુલે બેટબૉલને ઠપકો આપ્યો.

જવાબ આપવાને બદલે બરફીલા રસ્તા પર ધીમી ગતિએ આગળ વધતી જીપને બેટબૉલે બ્રેક મારી દીધી. જીપમાંથી નીચે ઊતરીને એકાંતમાં ઓળઘોળ થયેલા ઓળખીતા હિમપહાડોને જોઈને તેણે વિષય બદલવાનો પ્રયત્ન કર્યો, "નુબ્રા ખીણમાં વહેતી નદીના કાંઠે વસેલું અંતિમ ગામ વારશી તમારી નજર સમક્ષ છે."

લાંબી સુષુપ્તાવસ્થા બાદ આંચકા સાથે અટકેલી જીપને કારણે ઠંડીમાં ઠૂંઠવાયેલા દિલીપની ઊંઘમાં ખલેલ પડી. તેને ભયંકર ઠંડીનો ખાસ અનુભવ નહિ છતાં "કોલ્ડર ઇઝ બેટર, હોટર ઇઝ બેટર"ની માનસિકતા ધરાવનાર દિલીપે શરીરને કષ્ટ પડે એ હેતુસર સામે ચાલીને સિયાચીન પોસ્ટમાં ડ્યૂટી માંગી હતી.

આળસ મરડીને બધા જીપની બહાર કૂદી પડ્યા. તેમની થાકેલી આંખો સામે સાલ્ટોરો રેન્જની ઉત્તુંગ પર્વતમાળા હતી. એક સમયે ખળખળ વહેતી નુબ્રા નદી થીજેલી હતી. હરિયાળીનું નામોનિશાન ન હતું. ક્યાંક પશ્ચિમના, આઇબેક્સ જાતિની બકરીઓ પહાડી ઢોળાવ પર કૂદકા મારતી હતી. આકાશમાં ચીની કુલંગ જેવાં ઋતુપ્રવાસી પંખીડાંઓની ઊડાઊડ હતી.

બધાંની નજર ચોપાસ દોડી રહી હતી ત્યારે જ પાછળથી બીજી બે જીપ આર્મી ઑફિસર્સ સાથે અને ત્રણ ઑલિવ-ગ્રીન રંગની શક્તિમાન ટ્રક આલ્ફા ગ્રેડના સૈનિકો સાથે આવી પહોંચી. જેમાં રેસિડેન્ટ મેડિકલ ઑફિસર્સ પણ હતા.

આર્મીનો કાફલો આવતો જોઈ સ્નો સૂટમાં સજ્જ સેન્ટ્રી વિભાગના કર્મીઓ તે તરફ ઉતાવળે દોડ્યા. તેમને પાસે આવતા જોઈ મેજર બકુલે રાડ નાખી, "લંબા કદમ રખ, ઓય." તેમની ગર્જના સાંભળી હાંફતા કર્મીઓના પગમાં જાણે કે પાંખો ઊગી.

"અમારા ક્વાર્ટર્સ?" સેન્ટ્રી કર્મચારીઓને ખખડાવતા હોય એમ બકુલે પ્રશ્ન કર્યો. જવાબમાં કર્મચારીઓ સૈનિક કાફલાને મજબૂત ફાઈબર ગ્લાસના બનેલા તેમના ક્વાર્ટર્સ તરફ દોરી ગયા.

ઉતાવળમાં ભાન ભૂલેલો બેટબૉલ તેની ડાયરી જીપમાં ભૂલીને ક્વાર્ટર્સ તરફ દોડ્યો. જોકે દિલીપની નજર તે ડાયરી પર પડી. ચાલતાં ચાલતાં તેણે ડાયરીનાં પાનાં ઉથલાવ્યાં. ડાયરીનું લખાણ વાંચતાંવેંત દિલીપે હિમડંખની પીડા અનુભવી.

* * *

૪ મહિના બાદ.

"બરફથી ઢંકાયેલા રસ્તાઓ સાફ કરવા મેં આર્મીની તાલીમ નહોતી લીધી." હિમઝંઝાવાતોના ઘાટ તરીકે નામચીન બનેલા ઝોજી લા ઘાટે ચાલીસેક આર્મી જવાનો BROની ટીમ સાથે ડામરના રસ્તા પરથી બરફના ઢગને હટાવી રહ્યા હતા. લેફ્ટનન્ટ-જનરલના હુકમને કારણે લદ્દાખ રેજિમેન્ટ પણ રસ્તો સાફ કરી રહી હતી. અલબત્ત, હિમમાં ટ્રૉલી લઈને ફરતા બેટબૉલને આ કામ નાપસંદ હતું. તેનો અણગમો દિલીપ સાથેના સંવાદમાં છલકાઈ ઊઠ્યો.

બેટબૉલના તોછડાઈભર્યા શબ્દોથી દિલીપને આંચકો લાગ્યો. પાવડા વડે ખોદાયેલું હિમ ટ્રૉલીમાં નાખવાનું અટકાવી દિલીપે ધગધગતા સ્વરે કહ્યું, "સરહદે લડવું એ જ સૈનિકની ફરજ અને ઓળખ છે? એ સિવાયનાં કાર્યો સૈનિક ના કરી શકે?" નજરને મોકળી મેલીને વિસ્તરતા હિમસાગર તરફ દૃષ્ટિ કરી દિલીપે હોઠ ભીંસ્યા, "સરહદની સુરક્ષા લશ્કર માટે મુખ્ય લક્ષ્યાંક હોવો જોઈએ. એના માટે કરવું પડતું દરેક કાર્ય સ્વીકાર્ય હોવું જોઈએ."

"હું તમારા વિચારોનો આદર કરું છું પણ તમે કલ્પના કરો કે ક્ષત્રિય શસ્ત્રને બદલે ઝાડુ પકડે તો!" બરફને કારણે ભારી થયેલી ટ્રૉલીને મહામહેનતે પોચા હિમમાં ખસેડવાનો પ્રયત્ન કરતો બેટબૉલ દિલીપની લગોલગ આવીને ઊભો રહી ગયો. ખોદાયેલો બરફ ટ્રૉલીમાં પધરાવી દેતો દિલીપ પણ એકદમ અટકી ગયો. જ્યારે અન્ય એક કર્મચારી સંપૂર્ણપણે ભરાયેલી ટ્રૉલી રસ્તાથી દૂરના એક ખૂણામાં ઉથલાવી આવ્યો.

"તું સૈનિક છે કે ક્ષત્રિય? જાતિ, વંશને લઈને આવી ટિપ્પણી કરવી ઉચિત છે?" હાથમાં પકડેલો પાવડો દિલીપે જમીન પર પછાડ્યો.

"ઉચિત નથી પણ મારી વાત તો સમજો. થોડાક દિવસ અગાઉ ગલવાન ઘાટી સરહદે ઘૂસી આવેલા ચાઇના લશ્કર સાથે બાથ ભીડીને શહીદી વહોરી લેનાર ૨૦ જવાનોના મોતનો મારે બદલો લેવો છે. આ લદ્દાખી હમાલોની જેમ બરફ સાફ કરતાં કરતાં મરવું નથી." બુલડોઝર, આઇસ કટર, જે.સી.બી મશીન, પાવડા વગેરેની મદદથી રસ્તો સાફ કરી રહેલા BRO ટીમના સ્થાનિક સભ્યો તરફ અંગુલીનિર્દેશ કરી બેટબૉલે અંતરમનમાં ધરબાયેલી અકળામણને છૂટો દોર આપ્યો. યાંત્રિક ઘોંઘાટ છતાં બેટબૉલની અકળામણનો પડઘો BROની ફરજપરસ્ત ટોળકીને સંભળાયો છતાં તેમણે આંખ આડા કાન કર્યા.

બેટબૉલના અશિસ્તભર્યા વર્તનને કારણે દિલીપ મનોમન ધૂંધવાયો. એટલે જ પાવડાનો છૂટો ઘા કરી બેટબૉલને બાવડેથી ઝાલીને બુલડોઝર સમીપે ઢસડી ગયો અને બુલડોઝર ડ્રાઇવરને ઉદ્દેશી તેણે હુકમ આપ્યો, "ઓય સરફરાઝ, નીચે આવ."

બુલડોઝરને મૌન કરી સરફરાઝ નીચે ઊતર્યો. તેની સાથે એક રુવાંટીદાર કૂતરો પણ નીચે આવ્યો. BRO કર્મચારી અને કૂતરાને એકસાથે જોઈ બેટબૉલને સખત ચીડ ચડી.

ઠંડીથી રક્ષણ મેળવવા માટે અન્ય જવાનોની માફક સરફરાઝે હાથમાં મિટેન તરીકે ઓળખાતાં હાથમોજાં પહેર્યાં હતાં. ટટ્ટાર છાતી, ઉન્નત મસ્તક સાથે તેણે સેલ્યુટ ઠોકી. સામી સેલ્યુટ આપી દિલીપે પૂછ્યું, "ઓળખે છે વરદી વગરના આ એક્સ-આર્મીમૅનને ?"

બેટબૉલના જવાબની રાહ જોયા વિના જ દિલીપે સરફરાઝની પીઠ પર ધબ્બો માર્યો, "ગલવાન ઘાટીમાં ૨૦ જવાનો કેમ શહીદ થયા, સરફરાઝ ?"

"હિમવર્ષાને કારણે ! જો હું સમયસર બરફની દીવાલ તોડીને રસ્તો સાફ કરી શક્યો હોત તો ચીનાઓ સામે લડતા ભારતીય સૈનિકોની મદદ માટે બીજા સૈનિકો પહોંચી શક્યા હોત અને તેઓ જીવતા હોત !" કહી સરફરાઝ રડી પડ્યો. તે દરમ્યાન બેટબૉલ કૂતરાને લાત વડે દૂર હડસેલી ગાળો આપી રહ્યો હતો. તે જોઈ સરફરાઝે ત્વરિતપણે કૂતરાને ખોળામાં લઈ ગળગળા સાદે કહ્યું, "હિમવર્ષાનો શો દોષ ? કદાચ, મારા કારણે જ તેઓ... !"

"છોડ એ બધું. હવે જણાવ કે તારો પગ કેમનો કપાયો ?" દિલીપની નજર સરફરાઝના પગ પર સ્થિર થઈ.

"બરફ ખસેડતી વખતે એક વાર હિમપ્રપાત થયેલો. તે એમાં BROની ટોળકીને બચાવવા જતાં હું દટાયેલો અને એમાં જ મારો પગ... !" ઝેર જેવો કડવો ઘૂંટડો ગળે ઉતારતો હોય એમ ખચકાઈને સરફરાઝે કહ્યું. પણ પછી ગર્વભેર ઉમેર્યું, "પણ મને આનંદ છે કે BRO આજે પણ મને બુલડોઝર ચલાવવા દે છે."

"જોયું ! આ માણસ BROનો કર્મચારી પણ નથી. છતાં અહીંયાં સ્વેચ્છાએ કામ કરી રહ્યો છે. કેમ ?" બેટબૉલની આંખમાં આંખ પરોવી દિલીપે આગળ કહ્યું, "હિમવર્ષા, ટાંચાં સાધનો કે મોડા અપાયેલા આદેશોને કારણે જવાનો ગલવાન ઘાટીમાં માર્યા ગયા. છતાં વરદી વગરનો આ જવાન પોતાને દોષિત માને છે. BROની કામગીરી થકી જ સિયાચીનમાં જવાનોને અનાજ, શસ્ત્રસામગ્રી, મેડિકલ સુવિધાઓ મળે છે. જો તેઓ રોડ પરથી બરફ ના હટાવે તો લશ્કર અપંગ બની જાય. છતાં આવા વરદીવિહીન જવાનોને તું સૈનિક નથી માનતો ? સરફરાઝની આંખોમાં જોઈને કહી દે કે એ સૈનિક નથી."

ઉશ્કેરાટ સાથે પુછાયેલા પ્રશ્નોના ઉત્તર બેટબૉલ પાસે નહોતા.

"આ ડાયરી તારી છે ?" ઉષ્ણતારોધક થર્મલ પોશાકમાં સંતાડેલી ડાયરી બેટબૉલ આગળ ધરીને દિલીપે વિસ્ફોટ કર્યો. વિસ્ફોટની અગનઝાળમાં બેટબૉલની આંખમાં થીજેલું પાણી ઓગળી ગયું. આંચકા સાથે તેણે ડાયરી ઝૂંટવી લઈ છાતીએ ચાંપી. જેના કારણે ડાયરી પર ચોંટેલા બરફના કણ ખરી પડ્યા.

"મને તારા પિતા માટે દુઃખ છે." બેટબૉલના ખભે હાથ મૂકી દિલીપે ઠંડા પવનમાં શબ્દોને ઊડવા દીધા, "પણ એમના મોત માટે BRO કે કૂતરાં જવાબદાર નથી. એમના મોત માટે જવાબદાર છે સગીર વયનો અણસમજુ બાળક અને એની માતા ! માતા-પુત્રની

જીદ જો તેમણે માની ના હોત તો આજે તેઓ જીવતા હોત!" ખભો ઉલાળીને દિલીપનો હાથ હેઠો પાડી બેટબૉલ બે ડગલાં આગળ વધ્યો.

"પિતાના મોત માટે જવાબદાર હોવા છતાં તને કોઈ રંજ નથી. જ્યારે ગલવાન ઘાટીમાં શહીદોના મોત માટે જવાબદાર ન હોવા છતાં જવાબદારી સ્વીકારનાર BROના કર્મચારીને તું ગાળો ભાંડે છે! હિમડંખને કારણે અથવા બર્ફીલી ગર્તામાં પડવાને કારણે વર્ષેદહાડે કેટલાય કર્મચારી મરણ પામે છે, અપંગ બને છે. આવા વતનપરસ્તોને તું ગાળો ભાંડે છે!" ઉશ્કેરાટમાં આવી દિલીપે બેટબૉલની ગળચી પકડી લીધી.

ઉગ્ર બોલાચાલી હિંસક થતી જોઈ સરફરાઝ બેબાકળી ઉતાવળે તેમની તરફ દોડ્યો. પરંતુ હિમનો ઢગલો ઊંડો હોવાથી તેનો જમણો પગ અંદર ફસાઈ ગયો. ફસાયેલો પગ બહાર કાઢવાની જહેમતમાં જમણા પગના ઘૂંટણ પર તીવ્ર દબાણ સહિતનો ઝાટકો વાગ્યો. પરિણામે ઘૂંટણમાં બેસાડેલો પ્રોસ્થેટિક લેગ અલગ થઈને હિમના ઢગમાં દટાઈ ગયો. પગમાં જાણે શૂળ ભોકાઈ હોય એવી પીડાને કારણે તેણે શરીરને બર્ફીલી ચાદર પર છોડી દીધું. પોચા હિમમાં તેનું શરીર ખૂંપી ગયું. અડખેપડખે ગોઠવાયેલી ઠંડી, પીડાના બેવડા મારને કારણે તે કણસવા લાગ્યો.

કણસાટ સાંભળી દિલીપ, બેટબૉલ તે તરફ દોડ્યા. માલિકની દુર્દશા જોઈ કૂતરો પણ લાંબા કૂદકા લગાવી સરફરાઝ તરફ દોડ્યો. અણિયાળા દાંત વડે કૂતરો કૉલરથી પકડી સરફરાઝને બહાર ખેંચવા લાગ્યો. તે દરમ્યાન દિલીપ અને બેટબૉલ પણ આવી પહોંચ્યા. તેમણે સરફરાઝના હાથ પકડીને બહાર ખેંચી કાઢ્યો.

જોકે, કૂતરો હજી બરફ ખોદી રહ્યો હતો. થોડી વારે પૂંછડી પટપટાવતો કૂતરો મોઢામાં પ્રોસ્થેટિક લેગ દબાવીને સરફરાઝ પાસે આવ્યો. કૂતરાંનો ઇશારો સમજી લઈ દિલીપે પ્રોસ્થેટિક લેગ સરફરાઝના ઘૂંટણમાં બેસાડી દીધો. ત્યારે ખોળામાં ઊછળકૂદ કરતા કૂતરાને લાડ લડાવી સરફરાઝે કહ્યું, "મારો કાજુ એકદમ સાવધ! કેટલાય લોકોના જીવ બચાવી ચૂક્યો છે."

પગ ઘૂંટણમાં બેસાડ્યા બાદ દિલીપનો સહારો લઈ તે ઊભો થયો અને બુલડોઝર તરફ આગળ વધ્યો. તે સમયે સૂસવાતા ઠંડા પવનોમાં ભળેલો સરફરાઝનો ઉષ્માભર્યો અવાજ બેટબૉલને સંભળાયો, "ઓય કાજુ. ઝડપ કર."

પરિચિત વાક્ય સાંભળતાંવેંત બત્યાબોલની આંખો આગળ પરિચિત અંધારું ઘેરાયું. એ ત્યાં જ ઢળી પડ્યો. ત્યારે કાજુ એને કૉલરથી પકડી ખેંચવા લાગ્યો. ખેંચાણની એ ક્ષણે એક પરિદૃશ્ય ચાક્ષુષ થઈ ઊઠ્યું. જેમાં નૅશનલ હાઈવે-૧ આલ્ફાના તીવ્ર વળાંક પાસે સરફરાઝ 'Accident Prone'નું પાટિયું ખોસી રહ્યો હતો અને કાજુ ભસીભસીને આવતી ગાડીઓ પ્રત્યે માલિકનું ધ્યાન દોરતો હતો. ત્યારે એને સમજાયું કે પ્યોના મૃત્યુ માટે કાજુ નહિ પણ પોતે જવાબદાર હતો.

કાજુએ તો ત્યારે પણ એને બચાવેલો અને આજેય...!

■

ઘૂઘરીનો અવાજ

સ્વાતિ રાજીવ શાહ

એની આંખ અચાનક ખૂલી ગઈ. ઝીણો ઝીણો ઘૂઘરીનો અવાજ આવી રહ્યો હતો.

'ઘૂઘરીનો અવાજ... અત્યારે ?'

એણે માથું હલાવ્યું, જાણે ઘૂઘરી વિશેનો વિચાર પણ ઝટકી નાખવો હોય. પણ એમ પીછો ક્યાંથી છૂટે ?

'નક્કી મને ભણકારા થાય છે. બાકી ઘૂઘરીનો અવાજ અહીં ક્યાંથી આવે, એ પણ અડધી રાતે ? એણે ચાદર ખેંચીને માથાની ઉપર લઈ લીધી અને આંખો મીંચીને સૂવાનો પ્રયત્ન કર્યો. ફરી એ જ અવાજ. એણે બે હાથથી કાન ઢાંક્યા ને પછી ખોલ્યા. પણ અવાજ ફરી આવ્યો. હવે તો એ ચોક્કસ થઈ ગયું કે ભણકારા નથી, અવાજ તો આવે જ છે. ત્રણ ત્રણ વખત કંઈ ભૂલ થોડી થાય ? પણ...પણ એ શક્ય જ ક્યાંથી બને ?

ત્યાં તો ફરી એક વાર... ભલે ઝાંખો ઝાંખો, પણ અવાજ તો છે જ ! ને ઘૂઘરીનો જ અવાજ છે. એ ઊભી થઈ ને બારી પાસે ગઈ. પાછળ તો ખુલ્લો વાડો. ફળિયામાંથી જ વાડામાં જવાય. બહારનું કોઈ આવી ન શકે. ત્યાં પણ અંધારા સિવાય કંઈ જ દેખાયું નહીં. માત્ર ઘૂઘરીનો અવાજ કાને પડ્યો.

હવે તેને બીક લાગી. ઘૂઘરીનો અવાજ હોય તો નક્કી કો'ક ભૂત કે ચુડેલ જ ! બાકી માણસ તો આ અવાજ કરે જ નહીં – આ ઘરમાં કે આ ડેલામાં તો નહીં જ.

એણે બાજુમાં સૂતેલા સુરેશ પર નજર કરી. એ તો એ...યને ઘોડા વેચીને ઊંઘી ગયેલો. એને દયા આવી ગઈ. આખો દિવસ લુહારી કામથી થાકેલો બિચારો ઊંઘી જ જાય ને ! એની કાયમ એક પડખે સવાર પડતી. ક્યારેક જ બહુ થાક્યો હોય અને શરીર દુખતું હોય તો પડખાં ફરે, ને પછી પોતે હાથ-પગ દબાવી આપે ત્યારે બરાબર ઊંઘી જાય. આમાં એને ઝીણો ઝીણો અવાજ તો સંભળાય પણ ક્યાંથી ? આમ પણ ઘણ, હથોડા અને વેલ્ડિંગના અવાજો સાંભળી સાંભળીને બહેરા થયેલા એના કાન હવે ઝીણો અવાજ ઝીલી જ ક્યાં શકતા ?

ઘૂઘરીનો ઝીણો અવાજ ફરી આવ્યો. એણે સુરેશને ઢંઢોળ્યો, "સાંભળો છો ?"

પણ એમ એક વારમાં એ નો'તો સાંભળવાનો.

એણે બે-ત્રણ વાર જોરથી હલબલાવ્યો ત્યારે એ જરા જાગ્યો, "હું છે ? અડધી રાતે કાં ઉઠાડ ? હખે હુવા તો દે !" જે ગામડિયા બોલીથી શરૂઆતમાં એના હૃદયમાં

ચીરા પડતા એનાથી હવે એ ટેવાઈ ગઈ હતી. એ બોલી, "આ ક્યાંકથી ઘૂઘરીનો અવાજ આવે છે."

"ઘૂઘરીનો અવાજ નો આવે આંય. હુઈ જા છાનીમુની." ને એ પડખું ફરી ગયો. બીજી મિનિટે નસકોરાનો અવાજ શરૂ.

એણે ફરી ધ્યાન માંડ્યું. પણ થોડી વાર સુધી રાહ જોયા છતાં ઘૂઘરીનો અવાજ ફરી ન આવ્યો.

હાશ! બીક ઊડી ગઈ. એને લાગ્યું કે સાચે જ એ પોતાનો વહેમ હશે. ઘૂઘરીનો અવાજ અહીં હોય જ ક્યાંથી?

આખા ડેલામાં ચારેય ઘર એક જ કુટુંબનાં એટલે બધાયના રિવાજ સરખા, મનાઈઓ પણ. ને દેવની આડી, માતાજીની આડી, આપણાં કુટુંબમાં આમ ન થાય ને તેમ નથી થતું વગેરે પણ સાવ સરખાં. એટલે આજુબાજુના ઘરમાંથી પણ ઘૂઘરીનો અવાજ ન જ આવી શકે. તો પછી...એ સાચે જ એનો વહેમ હશે. પણ...દબાવી દીધેલી ઇચ્છાઓ આમ સાવ અચાનક મોલ વચ્ચે નિંદામણની જેમ ઊગી આવતી હશે? એ પણ સાવ કોઈ કારણ વગર?

આંખો બંધ કરતાં જ એને લાગ્યું કે એ ક્યાંક ઊંડે ઊંડે સરી રહી છે.

એક નાનકડી ઢીંગલી, ઘૂઘરીવાળાં ઝાંઝર પહેરીને છમ છમ ચાલતી...

એક કન્યા, નોરતામાં સજીધજીને ઝાંઝર પહેરીને રૂમઝૂમ ગરબે રમતી..

કૉલેજમાં પહેલી વાર જવા તૈયાર થતી વખતે ઝાંઝર કાઢીને માત્ર ચાર ઘૂઘરીવાળાં સાંકળાં પહેરતી છોકરી...

સગાઈનાં સાંકળાંમાં ઘૂઘરી ન જોતાં ડબડબાયેલી આંખે માની સામે જોઈ રહેલી છોકરી....

ઘૂઘરીનો રણકાર ઓછો ને ઓછો થતો ગયો, ને અંતે ગાયબ.

સવારે ઊઠીને એ કામમાં પરોવાઈ ગઈ ને રાતની વાત ભુલાઈ ગઈ. બપોરે કામ પતાવીને નવરી પડી એટલે ફરી એ અવાજ યાદ આવ્યો. એણે ચાનો કપ ધરતાં સાસુને કાને વાત નાખી.

બા, કાલ અડધી રાતે ઊંઘ ઊડી તો ઝીણો ઝીણો ઘૂઘરીનો અવાજ આવતો હતો.

સાસુ હસી પડ્યાં, "ઘેલી, રાતના તો કંહારી બોલતી હોય."

"કંહારી એટલે?"

"એક જાઇતનું જીવડું, જી રાતના જ બોલે."

"કંસારીનું કહો છો બા?" એને હવે સમજાયું.

"હા, ઈ જ. આંય ગામડામાં કંહારી કેવાય." ને પછી ધીમેથી ઉમેર્યું, "મોટી સે'રવારી નો જોય હોય તો!"

એ સમસમી ગઈ પણ ચૂપ રહી.

'ખરેખર જીવડાંનો અવાજ હોઈ શકે? ના, કંસારીનો અવાજ તો સાંભળેલો છે. આ એ નહોતો. હતો તો ચોખ્ખેચોખ્ખો ઘૂઘરીનો જ અવાજ.' વળી કામમાં પડી ને વિચાર અટક્યા. પણ વધુ વાર માટે નહીં.

'એ દિવસે રેખાભાભી કહેતાં હતાં એ...હું તો બોલી ગયેલી. તો ખરેખર કોઈ મારી સાથે... એણે દોડીને પોતાને અરીસામાં જોઈ, ધારીધારીને જોઈ. ના, પોતાના સિવાય કોઈ દેખાયું નહીં. તોય જઈને સાસુને પૂછ્યું, "બા, મારામાં તમને કોઈ બીજું દેખાય છે?"

"હું ગાંડા જેવી વાત કરસ? તારામાં વરી કોય બીજું થોડું દેખાય?"

"એમ નહીં,બા..."

"તો કેમ?" બાનો અવાજ ઊંચો થયો ને એ ચૂપ થઈ ગઈ.

સાંજે બહાનું કાઢીને એ રેખાભાભીને ઘેર ગઈ.

"ભાભી..." હજુ તો એટલું બોલી ત્યાં રેખાભાભી ઝડપથી ઊંધું ફરી ગયાં ને એ અટકી ગઈ. ભાભીએ ઝડપથી કબાટ ખોલીને બંધ મુઠ્ઠી કપડાંની થપ્પી નીચે સરકાવી ને કબાટ વાસી દીધો. તરત જ પલટીને ઓઝપાયેલું હસ્યાં.

"અરે સીતલ, આમ વાવાઝોડાની જેમ? હું થ્યું?"

એણે જે જોયું અને અજીબ લાગ્યું. પણ એને અવગણીને પોતાની વાત કરી.

"ભાભી, કાલે અડધી રાતે ઝીણો ઝીણો ઘૂઘરીનો અવાજ આવતો હતો." એને લાગ્યું કે આ સાંભળીને રેખાભાભીનો ચહેરો ફિક્કો પડી ગયો. પણ બીજી જ ક્ષણે એ દબાયેલા પણ મક્કમ અવાજે બોલ્યાં, "ઘેલહાગરી હું થા છો, સીતલ? વાલામૂઈ, તને નથ ખબર કે આપડા ડેલામાં ઘૂઘરીને ઘરવાની જ મનાઈ સે?"

"પણ ભાભી..."

"પણ ને બણ! મને ખબર્ય સે તને હાંકરા પે'રવાનો બોવ સોખ સે. તી ઈ હારુ તારા કાન બોલે સ. કોયને કે'તી નંય પાસી, નકર તને ઘનચક્કર કે'હે. હઈમજી ને!"

એણે પેલી જોડે આવવાવાળી વાત કહેવા કોશિશ કરી પણ...રેખાભાભીએ જલદી જલદી વાત આટોપીને એને ઘેર મોકલી આપી.

એનું મન આમથી તેમ ભટકતું રહ્યું - કંસારી, કે કોઈ બીજું જીવડું? ઘૂઘરી જ હોય તો કોની? માણસ કે ભૂત-ચુડેલ?

રાતે પથારીમાં પડતાં જ ફરી ગઈકાલે સાંભળેલા ઘૂઘરીના અવાજે પોત પ્રકાશ્યું. સુરેશ જાગતો હતો ત્યાં સુધી તો એ અત્યારની ક્ષણ અને ગઈકાલ રાતના ભણકારા વચ્ચે અટવાતી રહી પણ એના ઊંઘી ગયા પછી તો પૂરેપૂરી એ અવાજના ભરડામાં આવી ગઈ. ઉભડક જીવે રાહ જોતી રહી કે ફરી અવાજ આવે છે કે....બારેક વાગ્યા ને ફરી એ ઘમકાર સંભળાયો. એનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. એનાંથી સુરેશનો હાથ કચકચાવીને પકડાઈ

ગયો. એ તો પથ્થર થઈને ઘોરતો રહ્યો. એની નજર આપોઆપ બારી તરફ ગઈ. વાડામાં કંઈક હલતું વર્તાયું. એ જ…એ જ…હવે તો નક્કી.

"આ લોકો માતાજીની આડી, રિવાજો, વહેવારોનું નામ દઈને આપડી જિંદગીમાંથી કેટકેટલાં અરમાનોની બાદબાકી કરી નાખે, નહીં? હું કે'સ સીતલ?" એની જેઠાણી-મોટા સસરાની વહુ બોલી.

"શેની વાત કરો છો, ભાભી?"

"સેનીયે નહીં. અમથી જ વાત કરું સું."

"હા, રેખાભાભી, વાત તો સાચી. ને આપણાથી કંઈ કહેવાય પણ નહીં. આપણા સંસ્કાર આપણને નડે." એનાથી બોલાઈ ગયેલું.

રેખાભાભી હસી પડેલાં, "સંસ્કારનું ભૂત જીવ લઈને જાય. તારા જેઠ મારા હાટુ બવ જીવ બાળે પણ બા સામું બોલી નો હકે. ને માતાજીની આડીનો કોઈ રસ્તોય નો થાય."

"હા, ભાભી, સાચી વાત છે." બન્ને જણી જાણે પોતપોતાની બંધ બાજી રમી રહી હતી.

"આ જનમ તો આમ જ જવાનો. આવતા જન્મે બધા શોખ પૂરા કરાવજે માતાજી!" એણે ઉપર તરફ જોઈને હાથ જોડ્યા.

"સોખ તો ઠીક પણ ખોટ તો આ જનમે જ પૂરજે માવડી" રેખાભાભી ઉતાવળે બોલી ગયાં ને પછી જોરથી હસી પડ્યાં. શીતલ એમની બાળકની ખોટની પીડા પરખી ગઈ. વાત બદલવા બોલી,

"હવે હાલો, ઝટ પગ ઉપાડો, ભાભી, અંધારું થાવાની તૈયારી છે. ઝટ ઘરે પહોંચી જઈએ. નહીંતર વળી બા કે'શે કે મંદિરે આરતી કરવામાં કાંઈ રાત થોડી પડે? નક્કી કૂથલી કરવા ઊભી રહી ગઈ હશે."

"એય સીતલ, આમ સંધ્યાટાણે હાલ કે હાલો એમ નંઈ કે'વાનું. કોઈ ભૂત, ચુડેલ હાંભરી જાય તો ભેળા આવી જાય."

સાચે જ પરમદિવસે મારાથી બોલાઈ ગયેલું તે… મને જ વળગી હશે, નક્કી!

અચાનક પેટમાં ચૂંથારા જેવું થતું લાગ્યું. એને થયું કે પેશાબ છૂટી જશે. એ દોડીને બાથરૂમમાં ભરાઈ. હળવા થયા પછી પણ મન પરથી ભાર ન ઊતર્યો. એ બાથરૂમમાં જ ખૂણામાં પગ ગોઠણથી વાળીને બેય હાથ એની ફરતી વીંટાળીને બેસી ગઈ. ઘૂઘરીનો અવાજ જાણે કે દરવાજાની બહાર જ રોકાઈ જવાનો હોય. પણ ના, અહીં તો અવાજ જરા સરખો સંભળાયો.

એ પારેવા સરખી ફફડી રહી. એણે પગ ફરતે ભીંસ વધારી ને માથું ગોઠણ પર ઢાળી દીધું. જાણે ગૂંચળું વળીને પોતાના જ શરીરમાં છુપાઈ જવા ઇચ્છતી હોય.

ઠંડી ચડી ગઈ ને એમાં દાંત કટકટવા લાગ્યા. ઊબકોય આવ્યો. ભેગો ભેગો કપાળ પરથી રેલો પણ ઊતર્યો. આખું શરીર પણ રેબઝેબ. કપડાં પલળી ગયાં. એણે મદદ

માટે સુરેશને બૂમ પાડવા કોશિશ કરી, પણ અવાજ ગળામાં જ ફસાઈ ગયો. આંખો આકળવિકળ થવા લાગી. શરીર ઠંડું પડવા લાગ્યું. એને લાગ્યું કે બસ, હવે ખતમ. ચુડેલ એનો જીવ લઈ લેશે.

એટલામાં ઝાંઝરના અવાજ સાથે ધીમો ધીમો કોઈના હસવાનો અવાજ આવ્યો. એને છાતીમાં સખત મૂંઝારો ઊપડ્યો. એને થયું કે એ બેભાન થઈ જશે.

પણ એવામાં...

'તું આટલી કેમ બીએ છે ? ભણેલીગણેલી થઈને ભૂત-ચુડેલ જેવા વહેમમાં માને છે ?'

'પણ...મેં અવાજ સાંભળ્યો...'

'તો ? અવાજ સાંભળ્યો અને ડરી ગઈ ?' મૂક સંવાદ ચાલુ રહ્યો.

'અહીં આસપાસ ખરેખર ઘૂઘરીનો અવાજ હોવાનું શક્ય જ નથી એટલે...' એને પોતાને જ એ દલીલ પોકળ લાગી. હવે શરીરની ધ્રુજારી બંધ થઈ.

'તો સાચી છે. હકીકત શું છે એની તપાસ કરવાને બદલે હું તો ડરી ગઈ. આ રેખાભાભીની સંગતમાં હું પણ...ધૂળ પડી મારા ભણતરમાં !'

એ ઊભી થઈ ને પાણીની છાલક ચહેરા પર મારી.

કપડાં બદલીને પાણી પીધું.

સુરેશ તરફ એક નજર કરી. એ તો હજુ પણ એમ જ ઊંઘી રહ્યો હતો. મનોમન હનુમાનજીનું નામ લઈને એણે પગ ઉપાડ્યા. હળવેકથી દરવાજો ખોલીને ઓસરીમાં આવી. સાસુ-સસરાના ઓરડા તરફ જોયું. બધું એકદમ શાંત હોવાની ખાતરી કરીને એ ફળિયાને બદલે વાડા તરફ આગળ વધી.

વાતાવરણમાં ઠંડક હતી. વાડામાં ઘાસ પર પગ મૂકતાં જ ઠંડીનું લખલખું આવી ગયું. પળવાર તો એને પાછા વળી જવાનું મન થયું. પણ પછી ઘૂઘરીના અવાજનો રાઝ જાણવા હિંમત ભેગી કરી. નહીંતર રોજ આ જ ડરમાં જીવવું પડે. એ ધીમે પગલે, જરાય અવાજ ન થાય એની સાવચેતી રાખીને ઘૂઘરીના રણકારની દિશામાં આગળ વધી. વાડામાં સાવ અંધારું હતું. રણકારને અણસારે જ ચાલવાનું હતું. ધીરે ધીરે એની આંખો અંધકારથી ટેવાતી ગઈ. દૂર...વાડાના છેક સામા ઘરના ભાગે કંઈક હલનચલન વર્તાયું. એના પગ ડગમગ્યા પણ મનને મક્કમ કરીને એણે હલનચલનની દિશા પકડી.

થોડું જ આગળ વધતાં એક માનવાકૃતિ અને ઘૂઘરીનો અવાજ સ્પષ્ટ થયાં. હવે એની હિંમત ખૂલી એણે ઝડપ વધારી. થોડું નજીક પહોંચીને જે જોયું...એ ત્યાં જ થીજી ગઈ. ઝભ્ભો-લેંઘો પહેરેલો એક પુરુષ....ને લીલા રંગના દુપટ્ટાથી માથું ઢાંકેલું. થોડીક જ ઘૂઘરીવાળાં ઝાંઝર પહેરીને પગને ઠેસ મારીને ધીમી ગતિએ નૃત્ય કરી રહ્યો હતો. થોડી વારે એ ચક્કર લેતાં શીતલ બાજુ ફર્યો.

શીતલ એને જોઈ પૂતળું થઈ ગઈ, શીતલને જોઈ એ પણ. એ...એ રેખાભાભીનો વર...શીતલનો જેઠ હતો.

■

વીંજણો

રાજેશ વાઘેલા

ખો.. ખો.. અવાજ કરતી ‘બા’ ખોઈ જેવા ખાટલામાં પડી હતી. દુઃખની મારી કણસતી હતી. થોડી થોડી વારે ધમણ ચડતી હતી. ધમણ ચડતી એ ઘડીએ તો ‘બા’ સાવ ખેંચાઈ જતી. જોનારને લાગે કે અબ ઘડીએ જ બા જીવ ત્યજી દેશે, પણ એવું થતું નહોતું.

આ ઘટનાક્રમ છએક મહિનાથી ચાલ્યો આવતો હતો. ભાઈના માથે આખા ઘરની જવાબદારી હતી તે ભાઈનો આખો દિવસ કારખાનામાં નીકળી જતો અને ઘરે આખો દિવસ ભાભી હોય, પણ એ તો ‘બા’ના કણસાટ પ્રત્યે કાન જ ક્યાં ધરતી ?

હું સાસરેથી મહિનામાં એકાદબે વાર બા પાસે ખબરઅંતર પૂછવા આવી જતી. બાની આવી હાલત જોઈને અંદરથી સાવ વલોવાઈ જતી. આ વખતે તો બાની હાલત વધારે ખરાબ થઈ ગઈ હતી.

બા પાસે એકાદ દિવસથી વધુ રોકાઈ શકું એવી અનુકૂળતા નહોતી. સાસરે બધી જ જવાબદારી મારે શિરે હતી. સાંજ પડ્યે મારે ઘરે આવી જવું પડતું હતું. નહીંતર હું પોતે જ બાની સેવાચાકરી કરવા અહીં રોકાઈ જાઉં.

અત્યારે હું બાના ખબરઅંતર પૂછીને ઘરે જવા બસમાં બેઠી ત્યારના બાના વિચારો બસની ગતિ સાથે મન પર વહી રહ્યા હતા. મારું મન બાને આવી દુઃખી હાલતમાં જોઈને ઉકળાટ કરવા લાગતું. આ વખતે તો અંતરાત્મા અંદરથી કે’તો હતો કે “બા હવે છૂટી જાય તો સારું.”

ઘરે પહોંચતાંવેંત ખાટલામાં ફસડાઈ પડી. મન પરથી બાની આ હાલત ખસતી નહોતી.

અચાનક મારા મન પર નાનપણનો બા સાથેનો એક કિસ્સો સાંભરી આવ્યો. હું જ્યારે નાનપણમાં ખાટલે બેસતી ત્યારે પગ હલાવવાનું ચાલુ કરી દેતી. એ જોઈને બા ખિજાતી, “કેટલી વાર તને કીધું કે ખાટલે બેસ ત્યારે પગ ન હલાવવા!” મેં બાને એક વાર પૂછ્યું કે, “બા તું મને પગ હલાવવાની ના કેમ પાડે છે?” મારો સામો પ્રશ્ન સાંભળીને એણે ખુલાસો કર્યો હતો “પગ હલાવીએ તો બા ગુજરી જાય એટલે.” એ પછી મેં કોઈ દિવસ ખાટલે બેઠા પગ નહોતા હલાવ્યા.

એ ઘટના યાદ આવતાં ઝટ દઈને હું ખાટલામાં બેઠી થઈને જોર જોરથી બંને પગ હલાવવા મંડી.. જેમ વીંજણો વીંઝાય એમ.

■

નિબંધ

મુંબઈ મેનકા

પ્રવીણ ગઢવી

[પોતાના અવસાનના બે માસ પહેલાં પ્રવીણ ગઢવીએ આ નિબંધ ખાસ પરબને આપેલો, એ છપાય તે પહેલાં એમણે કાયમી વિદાય લીધી, એમને અંજલિ રૂપે આ નિબંધ રજૂ છે. – સંપાદક]

મુંબઈ નગરીને કવિ શ્રી નિરંજન ભગતે 'પુચ્છ વગરની મગરી' કહી છે. પરંતુ મેં મારા એક કાવ્યમાં 'મેનકા' કહી છે :

શાપિત મેનકા વૃશ્ચિક નક્ષત્ર થકી આવી પડી પૃથ્વી પરે.

શકુંતલાને સોંપી બાર ઍન્ડ રેસ્ટોરાંમાં પુનઃશ્ચ આકાશલોકે સંચરી.

દુષ્યંત હું બેઠો બાર રેસ્ટોરાં મધ્યે

શકુંતલા રહી પીરસી રાતરાણી શી અંગુલિઓ થકી સોમરસ કલકલ...

કરી રહી જાણે જળસિંચન બકુલને,

ઓ શકુંતલા, ન હરી જવા, ભૂલવા આવી ચઢ્યો હું આ શાપિત મુંબઈ મેનકા મધ્યે.

મારાં મોટાંબહેન અમૃતબહેનનાં લગ્ન થયાં પછી બનેવી રેલવે સર્વિસમાં પાસ થયા અને એમને મુંબઈમાં અંધેરી રેલવેસ્ટેશન પર ટી.સી. તરીકે પોસ્ટિંગ મળ્યું. તેથી અમૃતબહેનને મોઢેરાના રૂડા ટેકરા છોડી દૂર મુંબઈ જવું પડ્યું.

નાનો હતો ત્યારે મોઢેરા ગામમાં મુંબઈનું નામ સાંભળેલું, કેમ કે મારા કેટલાક દરજી મિત્રોના બાપાઓ મુંબઈ રહેતા હતા અને એમની માતાઓ ગામમાં રહી લોકોનાં ગાભાં-ગોદડાં સીવતી અને છોકરાં જણતી, ઉછેરતી હતી. ઉનાળામાં રમેણ કરવા દરજીઓ 'દેશ'માં આવે. મુંબઈ ત્યારે પરદેશ ગણાતું.

પરંતુ બહેન મુંબઈ ગયાં એટલે પહેલી વાર એ મને મુંબઈ લઈ ગયાં. એ વખતે સ્ટીમએન્જિનની ટ્રેનો હતી. આંખમાં કોલસી પડતી. પરંતુ એનો છૂકછૂક-ઠકઠક સંગીત જેવો કલરવ મીઠો લાગતો. વચ્ચે વચ્ચે સિસોટીઓ વાગતી રહે. મલાડની એક ચાલીમાં તે રહેતાં હતાં. આજુબાજુ વગડો. ખાડો અને તાડ-ખજૂરીનાં ઝાડ હતાં. પાણી ભરવા ખોતનો કૂવો હતો. એટલે મને તો મોઢેરા અને મલાડમાં કંઈ ફરક ન દેખાયો.

લોકલ ઇલેક્ટ્રિક ટ્રેનમાં બેસવાનો લહાવો મળ્યો. ખાલી ખટ-ખટ થાય. મોટાંબહેન એક વાર જુહૂ લઈ ગયાં. ઓહોહો! આટલો મોટો વિશાળ દરિયો હોય! સામે ક્ષિતિજમાં

જળ સિવાય કંઈ ન દેખાય. મોજાં ઊછળી ઊછળીને કિનારે પછડાટો ખાય. પહેલી વાર દરિયો જોયો અને કાયમ હૃદયમાં વસી ગયો. તેથી હૃદય વિશાળ થઈ ગયું!

પછી બનેવીએ અંધેરીમાં ફ્લૅટ લીધો. સ્ટેશન બહાર પેપર-બુક સ્ટોલ શરૂ કર્યો. હાઈસ્કૂલ ભણવા હું અમદાવાદ મોટા ભાઈને ત્યાં આવ્યો. મારી ઇચ્છા તો મુંબઈ ભણવાની હતી. પરંતુ 'બેનને ત્યાં ન રહેવાય' કહી બાપુજીએ નન્નો ભણી દીધો.

ખેર, હું સ્કૂલ-કૉલેજના દર દિવાળી વૅકેશનમાં મોઢેરા જાઉં અને ઉનાળુ વૅકેશનમાં મુંબઈ જાઉં. બનેવીના પેપર સ્ટોલ પર બપોરે સેવા આપું, જનરલ નૉલેજનાં પુસ્તકો વાંચ્યા કરું. સાંજે જુહૂ જાઉં કે ચર્ચગેટ જાઉં. જુહૂમાં ત્યારે નાળિયેરીની હારમાળા હતી અને મરીનલાઇન્સ પર ફ્લૅટો, હોટલો, રેસ્ટોરાંની હારમાળા હતી, તેથી જુહૂનો દરિયો મારા જેવો ગ્રામીણ લાગે અને નરીમાન પૉઇન્ટ પરનો દરિયો નાગરિક લાગે!

વૅકેશનમાં મુંબઈ જવાની પરંપરા કૉલેજ પૂરી થઈ અને નાયબ કલેક્ટર થયો, ત્યારે અટકી.

મને ચર્ચગેટ ઊતરી ચાલતા ચાલતા ફ્લોરા ફાઉન્ટેન થઈ ગેટ વે ઑફ ઇન્ડિયા જવું બહુ ગમે. જાણે લંડનમાં ફરતો હોઉં એવું લાગે. ફૉર્ટ વિસ્તારનું પ્લાનિંગ પણ લંડન જેવું છે. નામો પણ કેવાં? ચર્ચ ગેટ, ફ્લોરા ફાઉન્ટેન, મરીનડ્રાઇવ, પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, એલ્ફિન્સ્ટન કૉલેજ, જહાંગીર આર્ટ ગૅલરી, મૉડર્ન આર્ટ મ્યુઝિયમ, વિક્ટોરિયા ટર્મિનસ, ઍપોલો બંદર, કફ પરેડ, સસૂન ડૉક, બેલાર્ડ એસ્ટેટ! ગેટ વે પર બેસી ઊછળતો તોફાની દરિયો જોવો બહુ ગમે. ઘણી વાર મોટરબોટમાં બેસી દરિયામાં આંટા પણ મારતો.

બનેવીએ પછી અંધેરી(ઇસ્ટ)માં ભાઈથી અલગ ફ્લૅટ લીધો. એ મુખ્ય રોડથી અંદર, બગીચામાં હતો. ચોતરફ વિશાળ ઊંચાં-અજાણ્યાં વૃક્ષો. મોઢેરામાં તો અમે લીંબડા, બાવળ, ખીજડા, વખડા, બોરડી એટલાં જ ઝાડ જોયેલાં. આ તો મોટાં ફાનસ જેવાં ફણસ લટકતાં હોય એવાં ઝાડ! એમાં કોયલ, કંસારા અને સૂડા સતત બોલ્યા કરતા.

કૉલેજમાં હતો, ત્યારે પ્રથમ વાર પેપર સ્ટોલમાં કામ કરતા મિત્રો મને બાર રેસ્ટોરાંમાં લઈ ગયા. દરિયા જેવાં ફીણ ઊભરાતાં હોય તેવા મગમાં બિયર મંગાવ્યો. એમની વાદે મેંય ચાખ્યો, કડવો લીંબડાના પાંદના રસ જેવો! પહેલાં તો ન જ ભાવ્યો. પરંતુ આગ્રહ કર્યો એટલે ઘૂંટડા ભરતાં ભરતાં જિહ્વા ટેવાઈ ગઈ અને બિયર ભાવવા લાગ્યો, તે આજ દિન સુધી.

મુંબઈ આવું ત્યારે જુહૂ બીચ પર આવેલા બારમાં બેસું. બાજુની દીવાલ પર ભરતીથી ગાંડો થયેલો સમુદ્ર માથાં પછાડતો હોય ત્યારે પડખે ઊભેલી નાળિયેરીનાં પાન સંતૂર બજાવતાં હોય. ધીરે ધીરે બિયરના ઘૂંટ લેતાં જાણે હું સમુદ્ર પીતો હોઉં તેવો આનંદ આવે!

પછી તો ડાન્સબાર શરૂ થયાં. અંધેરીમાં મેનકા બાર રેસ્ટોરાં એક ફિલ્મ સ્ટુડિયો સામે જ હતું. તેમાં હું જ્યારે મુંબઈ ગયો હોઉં ત્યારે જાઉં. બિયરનો ઑર્ડર આપી બેસું. ઘૂંટ સાથે બાફેલા ચણા, તળેલી શિંગનું બાઇટિંગ હોય. સામે અર્ધનગ્ન, પારદર્શક, ચળકતાં વસ્ત્રોમાં બાર ડાન્સર ફિલ્મી ગીતોની ધૂન પર નૃત્ય કરતી હોય. પ્રકાશના લાલ-શ્વેત-નીલ લિસોટા ફેંકાયા કરે. ક્યારેક પ્રકાશના ટુકડા વરસે.

ઘણાં વરસો ડાન્સ બાર ચાલ્યાં. લોકો નોટો ઉછાળતા, નોટોના હાર પહેરાવતા અને બરબાદ થતા. એવાં કારણો ધરીને કોઈક મંત્રીએ પ્રતિબંધ મૂક્યો. વાસ્તવમાં તો એને હપતા જોઈતા હતા. બાર નૃત્યાંગનાઓ બેરોજગાર થઈ ગઈ. સુપ્રીમ કોર્ટ સુધી ગયાં તોય ન જીત્યાં. આખરે હવે સી.સી. કૅમેરા અને અનેકવિધ પ્રતિબંધો વચ્ચે બાર ડાન્સ યોજતાં ગણ્યાંગાંઠ્યાં રેસ્ટોરાં રહ્યાં છે. પરંતુ એનો પ્રાણ જતો રહ્યો છે. બાર ડાન્સરોને વારાંગના થવું પડ્યું. બાર ડાન્સરમાંથી વારાંગના બનેલી વૈશાલી હળદણકરે પોતાની આત્મકથા-સત્યકથા લખી છે.

એ જ મિત્રો મને એક વાર ફોકલૅન્ડ રોડ પર લઈ ગયા. ચોતરફ ભીડ અને ઘોંઘાટ. ફિલ્મી ગીતો વાગ્યા કરતાં હતાં. ત્રણ ત્રણ માળના માળા. માળાના ઝરૂખાઓમાં નીલકમલ જેવી તિર્યક નયન વારાંગનાઓ બેઠેલી અને ઉપર આવવા ઈશારા કરતી હતી. ઉપર મોટા ભાગે નેપાળી અને નીચે મદ્રાસી સ્ત્રીઓ હતી. મને તો મૃચ્છકટિકમ્‌ની વસંતસેનાઓ જ લાગી. વાર્તાઓ લખવાનો ચસ્કો, એટલે સિચ્યુએશન જોવા જવું ગમે.

વર્ષો પછી હું નેપાળ પ્રવાસે ગયેલો. ત્યારે ત્યાંની તિર્યક નયનાઓને જોતાં હિમાલયને ઠપકો આપતું કાવ્ય લખેલું કે ‘હે હિમદેવ, તું તારી પાર્વતીઓને કેમ સાચવી ન શક્યો?’

મુંબઈની જહાંગીર આર્ટ ગૅલરીમાં સમોવર નામે એક મજાનું રેસ્ટોરન્ટ હતું! ત્યાં ચ્હા-કૉફી-નાસ્તા તો મળે પણ બિયર પણ મળતો. મુંબઈના વિખ્યાત અને ઊગતા ચિત્રકારોનો ત્યાં મેળો હોય. આર્ટ ગૅલરીનાં ચિત્રો જોઈ બપોરે હું ત્યાં બિયર પીવા બેસતો. એ રેસ્ટોરાં બંધ થઈ ગયું ત્યારે મને કવિતા સૂઝેલી : ‘સમોવર રેસ્ટોરાં હવે નથી, પામ્યું મૃત્યુ. જહાંગીર આર્ટ ગૅલરી થઈ જાણે વિધવા. અહીં ઊડતી રંગની, બિયરની, દરિયાની છોળો! અહીં ઊડતી શબ્દ તિતલીઓ...’

મુંબઈ જ્યારે પણ જવાનું થાય ત્યારે અંધેરી લોકલમાં બેસી ચર્ચગેટ ઊતરું અને ચાલતો ચાલતો ફ્લોરા ફાઉન્ટેન થઈ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, જહાંગીર આર્ટ ગૅલરી, મૉડર્ન આર્ટ મ્યુઝિયમ અને ગેટવે ઑફ ઇન્ડિયા એમ ચાર ધામની યાત્રા અવશ્ય કરું. પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમના કારણે મારો ઇતિહાસમાં રસ જાગ્યો.

વળી નજીકમાં સ્ટ્રેન્ડ બુક શૉપ, ત્યાં પુસ્તકોની દુનિયામાં ખોવાઈ જવાનું. વળી, બૉમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીમાં જઈ પંખીઓની ભાળ કાઢવાની.

મુંબઈને ઇન્દ્રદેવના આશીર્વાદ મળ્યા છે. મુંબઈમાં વરસાદ પડે ત્યારે આપણને ગુજરાતમાં આશા બંધાય. પરંતુ તે તો મોટે ભાગે નર્મદાસ્નાન કરી પાછો જતો રહે છે! મુંબઈમાં તો વરસાદ ગાંડો થઈને ઝીંકાય, મુંબઈને તરબોળ-લથબથ કરી દે. ઘડીભર તો થાય, મુંબઈનું ક્રૂઝ દરિયામાં ડૂબ્યું કે શું? પણ થોડી વારમાં તો બધું પાણી દરિયામાં વહી જાય અને મુંબઈ ચોખ્ખુંચટાક, કોરુંકટાક થઈ જાય. વળી પાછું સવારના ચારથી રાતના એક વાગ્યા સુધી ઇલેક્ટ્રિક ટ્રેનોમાં ધમધમતું થઈ જાય.

કેવળ વરસાદ માણવા જ હું મુંબઈ ઘણી વાર ગયો છું. બહેનના ફ્લૅટની બંધ બારીના કાચમાંથી નિઃશબ્દ વરસતો વરસાદ મેં જોયો છે. જુહૂ બીચ પર દરિયાને નવરાવતો વરસાદ પણ મેં જોયો છે. મુંબઈનો વરસાદ અને દરિયો બેઉ ગાંડા! બેઉ પીને છાકટા થાય જાણે!

મુંબઈનો દરિયો જાણે કે મને દાવત આપતો. અમે બંને ફીણ ઊભરાતા બિયરના મગ પીતા. હું દરિયાને કવિતા સંભળાવું, દરિયો મને એનાં ભરતીનાં મૃદંગ!

મુંબઈમાં વરસાદના કારણે વનરાજિ ગાઢ. આભ આંબતા ફ્લૅટો વચ્ચે આભ આંબતાં ઊંચાં ઊંચાં વૃક્ષો જોવા મળે. અશોક, સરુ, ગરમાળો, સપ્તપર્ણી, વડ, પીંપળ, ફણસ, જાંબુડો, કદંબ, શિરીષ, આંબા જેવાં પરિચિત વૃક્ષો ઉપરાંત બાઓબાબ જેવાં કેટલાંય વિદેશી વૃક્ષો મુંબઈના માર્ગો, ઉદ્યાનો અને આરણ્યકોમાં જોવા મળે. બોરીવલી પાસે આવેલા સંજય ગાંધી પાર્કમાં જઈએ તો એક તરફ ફ્લૅટો દેખાય અને બીજી તરફ ઘટાદાર વૃક્ષો. ગાઢ જંગલમાં દીપડા પણ સવારસાંજ જોવા મળે. મુંબઈના મહાનગર વચ્ચે આવું ઘોર અરણ્ય જોતાં નવાઈ જ લાગે. મુંબઈ જાઉં ત્યારે વહેલી સવારે ત્યાં પક્ષીદર્શન માટે પહોંચી જાઉં. પછી તો મુંબઈની આસપાસ માહિમ નેચર પાર્ક, અલીબાગ, થાણા ખાડી ઇત્યાદિ આરણ્યકોમાં હું દૂરબીન, કૅમેરાના સથવારે પક્ષીઓ જોવા ઘૂમ્યો છું અને નડી બગલો, લક્કડખોદ, પીળક, ચોટલિયો સાપમાર, ચાષ, ઢોમડા, સિપાહી બુલબુલ, રાજા લાલ, ટપુસિયું, ડ્વાક આદિ પક્ષીઓ મેં જોયાં છે.

મુંબઈમાં પહેલાં ચોપાટી લોકપ્રિય હતી. ચોપાટી પાસે તારાપોર ઍક્વેરિયમ, મલબારહિલ, કમલા નહેરુ પાર્ક વગેરે જોવા મળે. પછી જુહૂબીચ લોકપ્રિય થયો. પરંતુ મુંબઈની ઉત્તરમાં ગોરાઈ, માર્વે, અસ્કા, મઢ, વરસોવા બીચ નાળિયેરીનાં વૃક્ષોની હારમાળાથી શોભે છે. તો દક્ષિણમાં કિહિમ, અલીબાગ, મુરુડ-જંજિરાફોર્ટ નામે મોતીના ભુક્કા જેવી શ્વેત રેતીથી ચમકતા બીચ આવેલા છે. બીચ પર બેસી પહેલાં નાળિયેર પાણી, પછી બિયર અને પછી ફ્રાય મચ્છી ખાવાનો આનંદ મેં લીધો છે. મુંબઈના આ બીચ માણ્યા પછી ગોવા જવાની જરૂર ન લાગે.

એક વાર હું ડિસેમ્બરમાં થાણા ક્રીકમાં ફ્લેમિંગો જોવા ગયેલો, તો હજારો ફ્લેમિંગોનો મેળો જોવા મળેલો. તેમના કર્કશ અવાજથી આકાશ કાંપતું હતું. આટલા સુંદર પક્ષીને આવો અવાજ કેમ મળ્યો હશે?

ગેટ વે ઑફ ઇન્ડિયાથી મોટરબોટમાં સાગરયાત્રા કરી એલિફન્ટાના ટાપુ પર આવેલી ગુફાઓ (હવે ધારાપુરી) જોવા જવાય. બોટ શરૂ થતાં જ ઢોમડાનાં ટોળાં બોટ સાથે સતત ઊડ્યા કરે અને પ્રવાસીઓ ફેંકે તે વેફર કે કુરકુરેને ઝીલતાં રહે. ટાપુ નજીક આવતાં જ તે હાથી જેવો દેખાય. જાણે કો અરણ્ય છાયો ઐરાવત સમુદ્રમાં ન્હાવા પડ્યો હોય અને જળ ફુત્કારતો હોય તેવો લાગે. પગથિયાં ચઢીને ઉપર જઈએ પછી શિવજીની ગુફાઓ આવે. આપણને થાય 'હિમાચ્છાદિત કૈલાસ શિખરાસન તજી ત્રિમૂર્તિ ચંદ્રશેખર અહીં દક્ષિણમાં સમુદ્રોલ્લંઘન કરી આ કીડી જેવડા ઐરાવત દ્વીપે કેમ આવ્યા હશે!' મુંબઈની સુખ-સમૃદ્ધિ માણવા? ત્રિમુખીમૂર્તિનું શિલ્પ ભવ્ય છે. મુંબઈ નગરી જ્યારે સપ્ત દ્વીપે વસેલું મત્સ્યગ્રામ હતી, ત્યારે કોને અહીં શિલ્પો કંડારવાનો વિચાર આવ્યો હશે?

મુંબઈની ઉત્તરે બોરીવલીમાં આવેલા સંજય ગાંધી નૅશનલ પાર્કમાં આવેલી કાન્હેરીની બૌદ્ધ ગુફાઓમાં પણ મેં આંટો માર્યો છે.

મુંબઈ ગયા પછી જ ઈડલી-ઢોસા ચાખ્યાં. અંધેરીમાં આરસા રેસ્ટોરાં જેવાં ઈડલી, ઢોસા, ઉત્તપમ, ઉપમા, અપ્પમ, મેંદુવડાં અમદાવાદમાં કદી ચાખવા મળ્યાં નથી.

અંધેરીમાં માલવણ રેસ્ટોરાં અને સુકન્યા રેસ્ટોરાંમાં અવારનવાર જાઉં અને બિયરનો મગ પીધા પછી માલવણ ફિશ ખાવાની મજા માણું.

મુંબઈ મેટ્રોપૉલિટન સિટી હોવા છતાં ત્યાં દરેક વર્ગને પોસાય તેવું સ્ટ્રીટફૂડથી માંડી ફાઇવ સ્ટાર હોટલનું ફૂડ મળે, જ્યારે દિલ્હીમાં તો ફૂટપાથથી સીધી ફાઇવ સ્ટાર, વચ્ચેના વર્ગને ખાવા કશું ન મળે. મુંબઈના મહમદઅલી રોડ પર ટીક્કા, કબાબ, ફ્રાયફિશ, તવા ચિકન ઇત્યાદિ અત્યંત વિખ્યાત. જોકે દિલ્હીના ચાંદની ચોકની તોલે ન આવે.

દિલ્હી હાઈફાઈ લાગે, જ્યારે મુંબઈ હોમ્લી લાગે. દિલ્હીમાં બાર નહિવત્, મુંબઈમાં ઠેર ઠેર. નશાબંધી ન હોવા છતાં મુંબઈમાં કાયદો–વ્યવસ્થા ઉત્તમ છે. અલબત્ત, ગૅંગ વૉર થાય પરંતુ સામાન્ય માણસને કોઈ પરેશાની નથી. રાતની છેલ્લી ટ્રેનમાં પણ સ્ત્રીઓ પ્રવાસ કરતી જોવા મળે. અપવાદ તો દરેક શહેર, સમાજમાં રહેવાના જ.

મુંબઈ પર મેં એક કાવ્ય લખેલું : 'મુંબઈ, તને મળવા આવું છું. પ્રિન્સ ઑફ વેલ્સનાં મમી ખોલવા આવું છું. સમોવર રેસ્ટોરાંમાં તાડ પર્ણો પરથી લસરતા તડકાની તાડી પીવા આવું છું. તારો દરિયો પીવા, વરસાદ ઝીલવા આવું છું. જહાંગીર આર્ટ ગૅલરીમાં ઊછળતા રંગોમાં રંગાવા આવું છું. પુરવધૂના વક્ષકમળોમાં માથું ગોપવા, દાદર પુલ કે બચ્ચે સાથે લખોટી રમવા, માહિમ ખાડીના મવાલીઓની ગાળો ખાવા આવું છું.'

છેલ્લાં ઘણાં વર્ષોથી મુંબઈ જવાનું થતું નથી.

પણ મુંબઈ તો છે એનું એ જ... દરિયાથી, બિયરથી છલોછલ છે. તેથી મેં વિદાયકાવ્ય લખી નાખ્યું છે :

'વિદાય, મુંબઈ મલાકા હે,

રહીશ સદા અતૃપ્ત તવ વારુણીનો, અતૃપ્ત તવ સાગરનો, અતૃપ્ત તવ રૂપરાશિનો, અતૃપ્ત તવ નવ વર્ષાનો

તવ વક્ષની હૂંફની વિદાય, મુંબઈ મલાકા હે!

મુંબઈ મેનકા હે!'

■

લોકપ્રિય અને ગંજાવર ફેલાવો ધરાવતાં સામયિકોના વેરાનમાં અલોકપ્રિય; ટચૂકડાં સામયિકોનાં રણદ્વીપો ક્ષણજીવી છતાં રળિયામણાં લાગવાનાં. પણ એ માત્ર શોભનસામગ્રી જ નથી હોતી; સર્જકોની આંતરિક જરૂરિયાતનો એ આવિષ્કાર હોય છે. સર્જકની અસાધારણ બેચેની કે અકળામણ વિના નવા સામયિકનો જન્મ શક્ય નથી. આપણે ત્યાં તેમ જ વિદેશોમાં હેરક 'લિટલ મૅગેઝિન' પાછળ એક સર્જનાત્મક યા વૈચારિક ઉદ્રેક જોવા મળે છે. પછી એ હેન્રી મિલરનું 'ધ રૂસ્ટર' હોય કે બંગાળના હંગ્રી યંગ મૅન નામે ઓળખાતા પ્રયોગવીર નવકવિઓનું 'કૃત્તિવાસ' હોય. આવાં પતાકડાં જેવાં પત્રો પણ પોતપોતાના યુગની સર્જક ચેતનાનાં વાહક બની રહેતાં હોય છે, એ કામગીરીનું મૂલ્ય જેવું–તેવું નથી. ક્ષણિકત્વ એમનો 'ટ્રેડમાર્ક' હોય છે. એમનો પ્રકાશ સૂર્ય કે ચંદ્રના સુસ્થિર અજવાળાને બદલે આગિયા જેવો ઝબૂક ઝબૂક થતો હોય છે. આગિયા જેવું જ અસ્થિર અને ક્ષણભંગુર એમનું અસ્તિત્વ; છતાં એ ક્ષણિક ઝબકાર જોવો ગમે એવો હોય છે. **– ચુનીલાલ મડિયા, ચંદ અલ્ફાઝ, ૪૯**

નિબંધ

અડધી રાતલડી

જિજ્ઞાસા પટેલ

અચાનક નીંદર ઊડે ને ઝાંખા ઝાંખા નાઇટલૅમ્પનો ઉજાસ ઊંઘરેટી આંખો સામે ઘુરકિયાં કરે એવું તો ઘણી વાર બને. શહેરની બંધિયાર રાતોને ઉજાળવાનો એકમાત્ર ઉપાય એ છે કે બારી ખોલી નાખો અને રાતના એક ટુકડાને ઘરમાં પ્રવેશવા દો. બહુ બહુ તો બાલ્કનીમાં કે અગાસીમાં જઈ શકો. આ સિવાય શહેરમાં રાતને માણવાના વિકલ્પો બહુ ઓછા છે. મેઘલી રાતે ભીના ભીના રસ્તા પર એકલાં ચાલવાની ઝંખના હજુ અધૂરી છે. આ રાત અને એકાંતનું વળગણ તો નાનપણથી લાગેલું.

મારા માટે રાત એટલે કોઈ ચિત્રકારે એક જ લસરકે પોતાનાં કૅન્વાસ પર દોરેલું– ખુલ્લી અગાસી, ઘેરા અંધકાર, વાદળીઓને છેડતા ઝાંખા ચંદ્ર અને આકાશની ગોદમાં ટોળે વળીને ખિલખિલાતા, ટીખળ કરતા તારલાઓનું મોહક ચિત્ર. ગાતાં ઝરણાંઓ, મહેકતાં ફૂલો, અક્કડ મૌન ધરી તપસ્યા કરતા પર્વતો, અડાબીડ ઊગેલાં જંગલો–સઘળુંયે દિવસના સ્પર્શમાત્રથી ઝળહળી ઊઠે ત્યારે દિવસનેય ગર્વ થતો હશે કે, “મારી ઊજળી મોહલાત સામે રાતની શું વિસાત ?” પણ રાત તો રાત છે. દિવસ જ્યાં બધું જ વિઘટિત કરી મૂકે છે ત્યાં રાત બધું એકરૂપ કરે છે. સઘળું એકાકાર કરવાનું સામર્થ્ય રાત પાસે છે. ધીરે ધીરે નાની રાતો વિકસતી ગઈ અને મને એનું ઘેલું લાગ્યું. રાતના અંધકારમાં ઓગળી જવું, વિલીન થઈ જવું, એકરૂપ થઈ જવું સહજ બનવા લાગ્યું. કોઈ પણ જાતના પ્રયત્નો વિના મેં મારી જાતને ચંદ્ર સાથે જોડી સંવેદનોને બમણા કરવાનું શીખી લીધું. અલબત્ત, બધી રાતો આવી નથી હોતી પણ ક્યારેક ક્યારેક હું રાતને પૂરેપૂરી જીવી લઉં છું.

હમણાં જ વીતી ચૂકેલી રાત આવી જ એક રાત હતી. અચાનક નીંદર ઊડી ગઈ. મેં બારી ખોલી, ધીમો ધીમો વરસાદ વરસતો હતો. ક્યાંક કોઈ ચામાચીડિયું બોલતું હતું. તમરાનો તીણો અવાજ રાતના સન્નાટાને ચીરતો કાન સાથે અથડાતો હતો. દેડકાનું ડ્રાંઉં ડ્રાંઉં સંભળાતું હતું. કૂતરાનો ભસવાનો અવાજ આવતો હતો. દૂર દેખાતા રોડ પર એકલદોકલ વાહન ઝડપથી પસાર થઈ જતું. આ સિવાય બધું જ શાંત હતું, સ્થિર હતું, ચુપ હતું. માત્ર વરસાદ જોર પકડી રહ્યો હતો. વાતાવરણમાં ઠંડક ભળતી જતી હતી ને એનો આહ્‌લાદ શ્વાસોશ્વાસમાં ઊતરતો જતો હતો. દૂરથી કોઈ અજાણ્યો અવાજ સંભળાયો. હા, એ રાતનો હિસ્સો ન હતો. લાગતું હતું કે, ક્યાંક ઝીણું જંતર વાગે છે. “અડધી રાતલડી મને રે જગાડી” એ કોઈએ કેમ લખ્યું હશે એ આજ સમજાયું. વાતાવરણમાં માદકતા છવાઈ ગઈ. કેટલો અજીબ સંબંધ છે પ્રકૃતિ અને સંગીતનો, હેં ને ? થોડું કાન દઈને સાંભળ્યું છતાં પણ ન સમજાયું કે આ કોના શબ્દો હતા ? જે હોય તે પણ એટલું તો ખરું જ કે, આ

એક નૈસર્ગિક જીવનપદ્ધતિને ઉજાગર કરતું ગીત હતું. કેટલું સંયોગિક ? પ્રકૃતિ અને ગીતો જીવનથી ભરેલાં છે. ગીતો કેટલી સહજતાથી આપણને નિસર્ગ સાથે જોડી દે છે ! એમાં વણાયેલાં પ્રકૃતિ તત્ત્વો તરફ જોવાની આપણી દૃષ્ટિ ગીતો સહજતાથી વિકસાવી દે છે. આમ પણ, પ્રકૃતિમાં તો ઝરણાનું ખળખળ, પવનના સુસવાટા, પક્ષીઓનો કલબલાટ, અફાટ સમુદ્રનો ઘુઘવાટ બધું જ લયબદ્ધ. અરે ! જંગલોમાં લાગેલા દાવાનળની ભભૂકતી લપટોમાં પણ જાણે કે કોઈ રિધમ છે. આમ જુઓ તો સંગીત અને પ્રકૃતિ અવિભાજ્ય તો ખરાં.

મોટે ભાગે, આપણે એવું માનતા હોઈએ છીએ કે, જે વસ્તુ વ્યક્તિ કે બીજું કંઈ પણ આપણને મળે છે, બધું સંજોગવશાત્ મળે છે. પરંતુ થોડા દિવસનાં નિરીક્ષણ પછી એવું જ સમજાયું છે કે, જે કંઈ આપણને મળે છે એ ચાહે વ્યક્તિ હોય, વસ્તુ હોય કે કોઈ ઘટના બની હોય - આ બધા માટે આપણે પોતે જ ક્યાંક ને ક્યાંક જવાબદાર છીએ. આપણી પાસે આવતી વસ્તુ, વ્યક્તિ કે ઘટનાને જાણે-અજાણે આપણે જ આકર્ષતા હોઈએ છીએ. જીવનમાં આવતી કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે ઘટના ગહન રીતે તો આપણને આપણી કોઈ વૃત્તિમાંથી મુક્ત કરવા જ આવે છે. ક્યારેક તો એવું લાગે કે, આપણી આસપાસ બનતું બધું જ આપણને કંઈક સમજાવવા માટેના ઇશારાઓ છે - અગમ્ય ઇશારાઓ. રાત એટલે મારા માટે કોઈ શિક્ષકે વિદ્યાર્થીને આપેલું ગૃહકાર્ય. દિવસભરના મોઘમ, અગમ્ય ઇશારાઓ અને સંવેદનોને ફરીથી અનુભવવાની ને ઉકેલવાની એક તક. મને મારી સાચી ઓળખાણ આવી રાતોએ જ કરાવી છે. હું નિસર્ગની નજીક જઈ શકું, એમાં ઓગળી શકું એવી સુવિધા મને રાત જ આપે છે. સાવ બનાવટી, ભારેખમ જિંદગી હળવીફૂલ થઈને રાતમાં વિરમે છે, વિશ્રામ પામે છે ત્યારે સંવેદનાના ઝરૂખેથી જીવનનાં તથ્યો ડોકિયું કરે.

આજ બારીના કાચમાંથી જોતાં કૈંક અલગ જ ઇશારો મળ્યો. થોડી ક્ષણો માટે એવું લાગ્યું કે, માત્ર હું જ બારીમાંથી નથી જોઈ રહી, પણ હું જ જાણે કે, કાચનું ઘર બની ગઈ છું ને કોઈ ઝાંખી રહ્યું છે એમાંથી બંને તરફ – ભીતર ને બહાર, આરપાર. એ જે જોઈ શકે એ તો હું ક્યાંથી જોઈ શકું ? હું તો માત્ર એના મોઘમ ઇશારે અજાણપણે દોરવાઈ શકું. આવું થાય ત્યારે લાગે કે, તર્કને તડકે મૂકીએ તો જીવન સમજાય, અપેક્ષાના વિષચક્રમાંથી બહાર નીકળીએ તો અનુભૂતિની આંગળી પકડી શકાય. જો ઘડીભર આ ઘટમાળમાંથી થંભીને ઊગતા સૂરજને ઘૂંટડે ઘૂંટડે પી શકીએ, ફૂલો ને ભમરાની વાતો સાંભળી શકીએ, ઊઘડતી સવાર ને આથમતી સાંજને માણી શકીએ, કોઈ બાળકને જોઈને આપણામાં બાળપણ વાવી શકીએ તો વહેતી હવામાં એના સ્પર્શનો છેડો ઝાલીને પહોંચી શકીએ એની એકદમ નજીક કે જે હવામાં જીવન ભરી શ્વાસ થઈ મારા રોમેરોમમાં પ્રસરે છે. કેટલું અજીબ છે નહીં, અસ્સલ કસ્તુરીમૃગ જેવું! “એ છે” એવું સમજાય તોય શું ફરક પડે ? એની હાજરી એ સમજણની વાત નથી. એનું આવવું અને વર્તાવું એ તો પાંપણે આવીને અટકી ગયેલા આંસુ જેવું – આવી અનુભૂતિઓ રાત અને એકાંત સિવાય બીજે ક્યાં મળે ?

રાત હોય ને એકાંત હોય પછી મને નથી લાગતું કે, કોઈ પોતાની જાતને પ્રકૃતિથી અળગી રાખી શકે. માણસ ગમે તેટલો ટેક્નૉલૉજીગ્રસ્ત થયો હોય તોપણ ગહન શાંતિ તો પ્રકૃતિની ગોદમાં જ પામતો હશે. વિશ્વની લગભગ બધી જ સભ્યતા પ્રકૃતિની ગોદમાં જ પાંગરી અને વિકસી. અલગ અલગ સભ્યતાઓ પરથી અને જીવનપદ્ધતિ પરથી એટલું

તો સ્પષ્ટ સમજાય છે કે માણસ અને પ્રકૃતિ અભિન્ન છે. આપણી પીપળાપૂજન, વડપૂજન, ગૌપૂજન કે સૂર્યને અર્ઘ્ય આપવા જેવી રીતિઓ પહેલી નજરે જોતાં તો એવું લાગે કે કોઈ અંધશ્રદ્ધાળુઓ કે ભાવુકોએ વિકસાવેલી ગતિવિધિઓ હશે, પણ ના, એવું નથી. માણસ અને પ્રકૃતિ વચ્ચે તાદાત્મ્ય સાધવા તાલમેલ બેસાડવા પૂર્ણ નૈસર્ગિકતા પર વિકસાવેલી જીવનપદ્ધતિ છે. આ આખીય જીવનશૈલીનો આધાર માત્ર નૈસર્ગિક પ્રેમ જ નહીં પણ માણસમાં સાર્વત્રિક પ્રેમના બીજનું રોપણ કરવાનું હોવો જોઈએ. બધી રીતિઓ કુદરત પ્રત્યેની આપણી કૃતજ્ઞતા છે. નૈસર્ગિક પ્રેમ એ તો આ કપરા ચઢાણનું પ્રથમ પગથિયું હશે. પ્રેમ પાસે ગજબની ચુંબકીય શક્તિ હશે. પ્રાકૃતિક તત્ત્વો કે, જેની પાસે તર્ક નામનું ઘાતક હથિયાર નથી એમનામાં આપણા પ્રેમનું રિફ્લેક્શન તરત જોઈ શકાય છે. અનુભવે મને સમજાયું છે કે, પ્રાકૃતિક તત્ત્વો કે, જે માણસ નામની પ્રજાતિથી દૂર ભાગતા હોય છે એ માત્ર પ્રેમના કારણે જ આપણી નજીક આવવાની હિંમત કરી શકતા હશે. જેની પાસે પાલતુ પ્રાણીઓ છે એમણે આ વાત અનુભવી જ હશે કે પ્રાણીઓ, પક્ષીઓ કે અન્ય પ્રાકૃતિક તત્ત્વો માણસની ભાષા કે વિચારો નહીં પણ ભાવને પકડે છે, એનર્જીને પકડે છે. એનર્જીને લીધે થતી સૂક્ષ્મ ગતિવિધિઓ પારખવાની નજર તો આપણી પાસે ક્યાંથી હોય? આપણે આવાં પરિવર્તનો ચૂકી જઈએ છીએ. કોને ખબર કે, ખળખળવું એ ઝરણાનું ગીત હોય કે પછી વાવાઝોડું કે ફાટી નીકળેલો દાવાનળ કે નિસર્ગની કારમી ચીસ હોય? ત્સુનામી કે ભૂકંપ એ તો લાગે કે, જાણે નિસર્ગ નામનું બાળક જીદે ચડીને આળોટતું ન હોય? અરે! અહીં તો મોસમ મોસમની હવા પણ નોખી ને અનોખી. આપણા જ ભાવોનું પ્રતિબિંબ એમની પ્રતિક્રિયાઓમાં ઊપસી આવતું હશે. આપણી જાતને વધુ નજીકથી સમજવાની–જાણવાની તક પણ અહીંથી જ મળે.

રાત જિંદગીનો સૌથી શાંત હિસ્સો લઈને આવે છે. જેમ ડહોળાયેલું પાણી ધીરે ધીરે આછરે એમ જ આખા દિવસના ઉધામા ખમેલું ડામાડોળ ચિત્ત રાત્રે નિરાંત અનુભવે. રોજ એક નવી શરૂઆત માટે જે સાનુકૂળ સ્થિતિને જોઈએ એ રાત પાસેથી મળે છે. અચાનક તંદ્રા તૂટી હોય એમ એકાએક વિચારો થંભી ગયા ને રસ્તા પર વહેતા ખળખળ અવાજે ધ્યાન ખેંચ્યું, મેં બહાર ડોકિયું કર્યું. બસ, હવે થોડી જ ક્ષણો બચી હતી રાત પૂરી થવામાં....... મેં બહાર નીકળીને થોડી ઘેરી ક્ષણો પીધી. વ્હાલ નીતરતું આભ શાંત થઈ ગયું હતું. નિરભ્ર આભને હું અને મને એ તાકતા ઊભા રહ્યા. ખરેખર ગજબનું અસીમ તત્ત્વ છે આકાશ – ન કોઈ ઓર ન કોઈ છોર. દૂર દૂર સુધી જોતાં તો એવું લાગ્યું કે, આજ સૂરજદાદા અવઢવાણે કે, વરસાદને પૂછતા ન હોય કે, “હજી તારે વરસવાનું છે તો હું રજા રાખું?” ત્યાં તો એક ઉતાવળું કિરણ વાદળ સાથે ધક્કામુક્કી કરતું ઝટપટ ફૂટ્યું ને આખાયે આભમાં કેસરિયો રંગ વેરાયો. જાણે કે, કોઈએ કેસરી ચંદરવો ના બાંધ્યો હોય. શ્વાસમાં પ્રસરતી ઠંડક એ અહેસાસ કરાવતી હતી કે, પ્રકૃતિનું એક એક તત્ત્વ આપણું ભાવજગત ખીલવવા તત્પર છે. આ ઐક્ય ચિત્તને ઘેરી શાંતિથી ભરી દે એવું છે. આપણા તરફથી વહેતા પ્રેમને પ્રકૃતિ બમણો કરીને પરત કરે છે. હવે તો “અડધી રાતલડી”નું ગણગણવું એ જ હાથવગો ઉપાય રહ્યો.

■

નિબંધ

લોખંડી

પ્રદીપ સંઘવી

પેંચમાં[1] પહેલે દિવસે સફારીમાં પાછાં ફરી રહ્યાં હતાં. ત્રણેક કલાક થયા હતા. સાંજ પડી ગઈ. પાર્કના કર્માજીરી છેડેથી દાખલ થયેલાં ને ટૂરિયા તરફ આવી રહ્યાં હતાં. ત્યાં અચાનક તીવ્ર સુગંધ આવી. નાક-આંખ ચકળવકળ થઈને શોધવા લાગ્યાં. પેંચ પર્ણપાતી વન છે એટલે ઘણાંખરાં વૃક્ષો હાલ દિગંબર અવસ્થામાં છે. ત્યાં અચાનક આ હરિયાળાં વૃક્ષોએ ધ્યાન ખેંચ્યું. અરે! આ તો લોખંડી! લીલી, ચમકતી પર્ણઘટા. ડાળીએ ડાળીએ ઝીણાં, સફેદ ફૂલોનાં ઝૂમખાં. ઝાડ નાનાં – ૪-૬ મીટર ઊંચાં; પણ એક એક ઝાડ પર સેંકડો ગુચ્છા. ચોતરફ સુગંધનાં મોજાં ઊછળે. આવી મધુરી, તીવ્ર અને ઉન્માદક ગન્ધ કોઈ કોઈ ફૂલોને જ હોય છે. બોરીવલી નૅશનલ પાર્કમાં કરમદીના ઋતુકાળમાં મેં માણી છે. બોરસલ્લી, સાતવીણ ને રાતરાણીની ગન્ધ પણ તીવ્ર અને મધુર હોય છે. પણ સેંકડો હેક્ટરમાં હજારો વૃક્ષ પરથી સુગન્ધનાં ઝરણાં ઊછળતાં હોય, ત્યારે તેની વચ્ચે સપડાયેલી વ્યક્તિની શી દશા થાય તે તો અનુભવ્યે જ સમજાય.

લોખંડીનાં ઝાડ તો મેં બોરીવલી નૅશનલ પાર્કમાં પણ જોયાં છે. ઘણી વાર તો આંખ બતાવવાનું ચૂકી જાય, તો નાક ચીંધે. તેની ગંધ ઘેરી લે પછી મળ્યા વિના જવું મુશ્કેલ છે. એક વાર ફેબ્રુઆરીમાં જંગલમાં જઈ રહ્યાં હતાં. ઠેર ઠેર કરમદીની સુગંધ હિલોળા લેતી હતી. એક વળાંક પાસે અર્ચનાએ કહ્યું : “જુઓ, ફરી કરમદીની સુગંધ!” પણ સુવાસ જુદી જ હતી. જોયું તો લોખંડી! કરમદીની ગાઢ સુગંધની વચ્ચેથી ઊંચકી લે તે કેવી જોરદાર સુગંધ હશે!

પરોઢિયે અંધારામાં ચાલતાં હોઈએ ત્યાંય એ નાક પકડીને બોલાવે, ‘એઈ!’ એટલે થોભવાનું, દુઆ-સલામ કરવાની; પછી જ આગળ જવાય. જોકે હું જ જાન્યુઆરીથી એને શોધતો ફરું. થોડા દિવસ પહેલાં એક ઝાડ પર કળીઓ જોયેલી; એટલે આજે મિત્રોને લઈને ત્યાં ગયો. ફૂલોના સફેદ ગુચ્છાઓ તો દૂરથી દેખાયા; પણ સુવાસ નજીકથી પણ નહિ! મને થયું – આજે આ દોસ્તો પાસે ફજેતી કરાવશે કે શું? કેમ કે હું તેની સુગંધનાં ગુણગાન અનેક વાર ગાઈ ચૂક્યો હતો. પછી અમે તેની પૂર્વમાં હતાં, તે ફરીને પશ્ચિમે ગયાં. અહો! શી સુગંધ! “લુચ્ચી! આવું કરવાનું?” મેં કહ્યું : તો કહે, “તું જ ઊંધો ઊભો હતો; મારો ક્યાં વાંક છે!” ખરું બાઈ!

---

૧. પેંચ – આ નૅશનલ પાર્કનો અડધો ભાગ મહારાષ્ટ્રમાં છે અને અડધો મધ્યપ્રદેશમાં. મારો અનુભવ મ.પ્ર.નો છે.

ફૂલોના ગુચ્છા ગોળ, ગીચોગીચ અને સફેદ હોય છે; પણ નીરખીને જુઓ તો તેમાં આછી ગુલાબી ઝાંય ભળેલી દેખાય. ગોરી સુંદરીઓ તો હોય છે; પણ એમાં સહેજ રતાશ ભળે તો દીપી ઊઠે. પછી તે લજ્જાની, ગુસ્સાની, ઉત્તેજનાની કે અમસ્તીયે હોય. મારો પરમ મિત્ર ચેતન ગોરો (કહેવત છે ને, નાગર બચ્ચો કાળો નહિ!); પણ આની ખાસિયત એવી કે ગળું હળવેથી દબાવે એટલે આખો ચહેરો લાલ થઈ જાય. ક્લાસની છોકરીઓ ઘણી વાર કહેતી, "એઈ! મોઢું લાલ કર ને!" એ ક્યારેક કૃપા કરતો; ક્યારેક નહિ.

ખીલેલાં ફૂલની ચાર પાંખડીઓ પાછળ તરફ વળેલી હોય. અંદર ચાર પાતળા પુંકેસર, વચ્ચે પીળી સ્ત્રીકેસરની નળી. મહિનામાસમાં ફળ થાય. પાકતાં તે જાંબુડિયા-કાળા રંગનાં થાય. ખવાય.

જ્યારે જ્યારે મારા વનમાં લોખંડીને મળું છું, પેંચનું લોખંડીવન અચૂક યાદ આવી જાય છે.

* * *

ગુજરાતીમાં નેવરી કહે છે. સંસ્કૃતમાં નેવલી. મરાઠી અને હિંદીમાં લોખંડી. લોખંડી શબ્દ કંઈક કઠોર અને રૂક્ષ તો છે; પણ જે તેની સુગંધના પાશમાં જકડાઈ ચૂક્યો હોય, તેને તે નામ વાપરવું અજુગતું નહિ લાગે.

અંગ્રેજી નામ Torch Tree. લોખંડીની ડાળી સહેલાઈથી સળગે છે. જે જમાનામાં ટપાલ લઈને હલકારાઓ એકથી બીજે ગામ કે જંગલમાં દોડતા હતા, ત્યારે લોખંડીની ડાળી તોડીને પેટાવતા! તેથી હિંદીમાં તેનું નામ મશાલ પેડ પણ છે.

વનસ્પતિશાસ્ત્રીય નામ Ixora pavetta / parviflora.

લોખંડી અને ગીધ

જ્યારે એમણે કહ્યું કે તમારા ક્રિકેટના મેદાનમાં લોખંડીનું ઝાડ છે, તો મારા માન્યામાં નો આવ્યું.

"ના રે ના! કોઈ લોખંડી નથી."

"છે."

"તો મારા જોવામાં કેમ નથી આવ્યું?"

"તું રમવા જાય છે. ઝાડ જોવા થોડો જ જાય છે?"

"પણ હોય તો દેખાય તો ખરું ને!"

"ત્યાં કેટલા આંબા છે? કેટલી આમલી, કેટલાં જાંબુ છે?"

"છે બધું. પણ કંઈ એમ જોયું નથી."

"બસ, એમ જ લોખંડી પણ છે. પણ તેં 'એમ' લોખંડી જોઈ નથી."

"પણ એની તો સુગંધ કેવી જોરદાર હોય! ખબર પડ્યા વિના નો રહે."

"તેં લોખંડી જોઈ છે? ક્યારે? ક્યાં?"

"દાદાજી જોડે. જંગલમાં."

"કેટલા વાગે?"

"પરોઢિયે ગ્યા'તા. અજવાળું થતાં જોઈ હતી."

"બસ તો! તમે નવ વાગે રમવા જાવ ત્યારે વાસ ઓછી જ હોય. રાતે-પરોઢિયે જ જોરદાર હોય."

હું વિચારમાં પડી ગયો. વાત તો સાચી. વહેલી સવારે જ જોઈ – સૂંઘી છે. એક વાર દાદાજી લઈ ગયા'તા. "જરા આ બાજુ જઈએ. લોખંડી બતાવું." અમે ઝાડ પાસે ગયા. ફૂલો તો ઘણાં હતાં – આછાં લીલાં. પણ ગંધ નહિ. દાદાજી પણ જરા નવાઈમાં પડી ગયા. પછી ઝાડની બીજી બાજુ જઈ કહે, "આમ આવ. હવે સૂંઘ."

ગયો. "અરે વાહ! આટલી બધી સુગંધ! ત્યાં કેમ નો'તી?"

"પવનની દિશા. પવન ત્યાંથી આ બાજુ આવે છે. એટલે."

હું મુગ્ધ થઈને સાંભળી, જોઈ, સૂંઘી રહ્યો.

પછી જાણે જાગીને એમને કહ્યું, "સારું. કાલે વહેલી સવારે જઈને જોઈશ."

"કરો ફત્તેહ!" કહીને કાકા ગયા.

* * *

હું વિચારમાં પડી ગયો. વાત તો સાચી. રમતી વખતે આવું દેખાતું નથી. ભણતી વખતે બીજું દેખાતું નથી. આ જ મેદાનની પડખે નાની ટેકરી છે. સુધીર ને હું ત્યાં ઘણી વાર ભણવાનું વાંચવા જતા. એક દિવસની વાત યાદ આવતાં હું મલકાયો. એક દિવસ હું ત્યાં એકલો જ હતો. સુધીર નહોતો આવ્યો. વાંચતાં વાંચતાં હું ઊંઘી ગયો. આંખ ખૂલી ને જોઉં તો મારી ફરતે આઠ–દસ ગીધ ઊભાં હતાં. ચમકીને બેઠો થઈ ગયો. તે બધાં પણ ચમકીને પાછાં હટ્યાં. પછી એક પછી એક ઊડી ગયાં. એમને કદાચ એમ કે આ મૂઓ છે કે શું? પણ હું તો જીવતો નીકળ્યો! ઘરે જઈને વાત કરી તો બધાંને મજા પડી ગઈ. "અરે! તેં તો એમને ચાટ પાડી દીધાં!" મોટા ભાઈએ કહ્યું.

* * *

તો આમ વાત છે. આમ તો એકાગ્રતા સારી વાત ગણાય છે. પણ ક્યારેક તૂટે તોય મજા આવે.

ખરુંને?

■

નાનાં બાળકો વડીલોની બોલચાલ, હાવભાવ આદિની નકલ કરે ત્યારે એ દૃશ્ય નીરખવું ગમે છે. બાળકોને મોઢે મોટેરાંઓના ચાંદૂડિયાં ક્ષમ્ય ગણાય. પણ મોટેરાંઓને મોઢે એવી ચેષ્ટા વરવી લાગે. સાહિત્ય, સંસ્કાર આદિ ક્ષેત્રોમાં વ્યક્તિઓ કે સંસ્થાઓ આવાં ચાંદૂડિયાંને ચાળે ચડે ત્યારે એ દૃશ્ય હાંસીપાત્ર બની રહે છે. કમનસીબે પ્રજાજીવનમાં મૂલ્યોનું ધોવાણ થવા માંડે ત્યારે આવી પ્રવૃત્તિ વેગ પકડવા માંડે છે. ખોટી મૂલ્યપ્રતિષ્ઠાને પરિણામે ગોળ અને ખોળ એક જ કાટલે જોખાવા માંડે છે. અસલને સ્થાને નકલની પ્રતિષ્ઠા થવા લાગે છે. કહેવાયું છે તેમ, જે પ્રજા સાચાંને છોડીને ખોટાંને, સુવર્ણને બદલે કથીરને સન્માને છે એ પ્રજા સાચા માણસો પેદા કરવાની ગુંજાઈશ જ ગુમાવી બેસે છે અને એથી લાંબે ગાળે વ્યક્તિઓની કે સંસ્થાઓની જ નહિ, સમસ્ત પ્રજાસમૂહની ઓજસ્વિતા ઓસરવા માંડે છે. – **ચુનીલાલ મડિયા, ચંદ અલ્ફાઝ, ૧૧૬**

મૃત્યુનું કૅલિડોસ્કોપ

અજય સોની

"લાલા... ઓલા સમાચાર વાંચ્યા છાપામાં?..."

હું ઝાટકાથી છાપું બંધ કરી દઉં છું. જાણે કોઈ મારી પાસે બેસીને મને જોઈ રહ્યું છે. પંખો ફરવાનો અવાજ ઘુમરાયા કરે છે. છાપાનાં પાનાં ફરફરે છે. હંમેશાં બંધ રહેતી બારીઓ મેં ખોલી નાખી છે. બાપાને બારીઓ ખોલવી ક્યાં ગમતી? હું રોજ દલીલ કરીને ખોલી નાખતો. જેવો હું આડોઅવળો થતો કે ફરી બારીઓ બંધ કરી નાખતા. બાપાના રૂમમાં હંમેશાં આછું અંધારું ભરાયેલું રહેતું. હું ઘણી વાર પ્રયત્નપૂર્વક એને હડસેલવાનો પ્રયત્ન કરતો પણ બાપાને જાણે એ અંધારાથી ઘરોબો કેળવાઈ ગયો હતો. ધીમે ફરવા ટેવાઈ ગયેલો પંખો પણ હમણાંથી ઝડપી ફરે છે. તેની હવાથી સેટી પર પાથરેલા ઓછાડની કોર ફરફર્યા કરે છે. ખીંટીએ ટીંગાતા બાપાના પંચિયાનો છેડો આમતેમ ડોલે છે. કોઈ અજ્ઞાત આંખો જાણે પંખો ધીમો થવાની રાહ જોતી હોય એવું લાગે છે. હું રૂમમાં નજર ફેરવું છું. બધું પહેલાં જેવું જ લાગે છે પણ એક ખાંચો પડી ગયો છે. હું જ મનને પૂછું છું અને હું જ માની જાઉં છું.

દિવસમાં કેટલીયે વાર સંભળાતો અવાજ ફરી ફરીને મારા કાને પડે છે.

'લાલા....એ લાલા..... આવી ગયો'

હજુ તો આંગણામાં પગ મૂક્યો હોય ત્યાં જ મારા દાદા જેને અમે બાપા કહેતા એમનો અવાજ અંદરના રૂમમાંથી આવે. મને ઘણી વાર આશ્ચર્ય થતું કે મારા આવવાની એમને ક્યાંથી જાણ થતી હશે? અંદર જઈને જોઉં તો ક્યારેક સૂતા હોય અથવા ચશ્માં વિના બેઠા હોય. હું ઘણી વાર પૂછું કે, "તમને કેમ ખબર પડી કે હું આવી ગયો છું."

તો હસી નાખે. પછી સામાન્ય વાત કહેતા હોય એમ કહે, "મને એમ થ્યું કે તું આવી ગ્યો હોઈશ."

હું એમના કરચલીવાળા ચહેરાને જોઈ રહું. મોટું નાક અને મોટા કાન. પહેલાં જરા વ્યવસ્થિત લાગતો ચહેરો પછી તો ગળતો ગયો. લાંબી સોટી જેવી કાયા અને સ્ફૂર્તિલું મન પણ પછી સહેજ નરમ પડેલું. પણ એમના મોંએ મેં ક્યારેય નબળી વાત નથી સાંભળી. નેવું વરસની ઉંમરે પણ નવું કામ કરવાની એમની તૈયારી અને વાતો મને આશ્ચર્યમાં મૂકી દેતાં. સતત કાંઈ ને કાંઈ કામ કર્યા કરવાની આદતે જ કદાચ એમને ટકાવી રાખ્યા હશે.

* * *

દરેક મૃત્યુની નોખી ભાત છે. કારણ, સ્થિતિ, સમય, સંજોગ જુદાં જુદાં પણ ઘટના એક જ સરખી બને છે. એક જીવ ચાલ્યો જાય છે. ક્યારેક પગ લપસે છે, ક્યારેક ઊલટી થાય છે, તો ક્યારેક ઊંઘમાં જ ચિરશાંતિ છવાઈ જાય છે. કોઈ રસ્તા વચ્ચે એકલું શ્વાસ છોડી દે છે તો કોઈ સ્વજનોથી ઘેરાયેલું હોવા છતાં એકલું ચાલી નીકળે છે. આમ જોઈએ તો દરેક વખતે એક જ વાત બને છે. એક જીવ; જે આ પૃથ્વી પર દાયકાઓ સુધી રહ્યો છે. અસબાબ ગોઠવ્યો છે. માયા ફેલાવી છે. એ બધું જ છોડીને અનંતની વાટે ચાલી નીકળે છે. એક આખી દુનિયા જનાર પોતાની આંખમાં સમેટીને પાછા ફરીને જોયા વિના જ ચાલી નીકળે છે. અને એક બહાનું પાછળ છોડી જાય છે. હા, બહાનું. કેમ આવું બની ગયું? એ પ્રશ્નના જવાબમાં સ્વજનો વર્ણવે છે – જીવના ચાલ્યા જવાની કથા. જે દરેક વખતે જુદી જ રહેવાની. કોઈ અંદેશા વિના ચુપકીદીથી બધાની હાજરીમાં તો વળી ક્યારેક કોઈની હાજરી વિના આવીને એક જીવને લઈ જાય છે. બાકી બધા ત્યાં જ જોતા બેઠા રહે છે. એ જીવ પોતાનું ખોળિયું મૂકીને ચાલ્યો જાય છે. બારીની તિરાડમાંથી કે પછી ખુલ્લા દરવાજામાંથી એ ચાલી નીકળે છે અને પાછળ એક જગ્યા હંમેશાં માટે ખાલી રહી જાય છે. જે હવે કોઈની હાજરી ઝંખે છે. અમુક વસ્તુઓ વપરાશવિહોણી થઈ જાય છે. એક અવાજ જે જન્મ્યા ત્યારથી સાંભળતા આવ્યા હોઈએ છીએ તે હવે ક્યારેય નથી સાંભળી શકવાના. જીવતુંજાગતું જણ એકાદ ઘડીમાં જ આ દુનિયામાંથી અલોપ થઈ જાય છે. પાછળ રહી જાય છે એનું સ્થૂળ શરીર. અધખુલ્લું મોં કે અધખુલ્લી આંખો અને સ્થિર – જડ થઈ ગયેલા હાથપગ.

બની ગયેલી એ ઘટના પહેલાં સ્વપ્ન લાગે. પછી ધીમે ધીમે આશ્ચર્ય પ્રગટાવતી સ્વીકાર તરફ ચાલી જાય. અમુક દિવસો ખાલી ખાલી રહે. દિનચર્યામાં પડી ગયેલો ખાંચો ધીમે ધીમે ભરાવા લાગે અને વાસ્તવ એના પૂર્ણરૂપ સાથે આપણને પોતાનામાં સમાવી લે. જે વ્યક્તિ ચાલી ગઈ છે એ કાંઈ એમ ચાલી નથી જતી. સ્મૃતિ રૂપે હંમેશાં આપણી સાથે જોડાયેલી રહે છે. શરીર ચાલ્યું જાય છે પણ આપણી અંદર વરસોથી સચવાતો જતો અવાજ, સ્પર્શ, દશ્યો અને સંવેદન એમ એકીઝાટકે નથી ભૂંસાઈ જતાં. કાળ ભલે ને એકાદ ઘડીમાં જ આપણા સ્વજનને આપણાથી દૂર લઈ જાય. પરંતુ આપણે એવું નથી કરી શકતા.

સ્વજનનું હંમેશાં માટે ચાલ્યા જવું એ એક ઘટના છે. તે ઘટના ઘટી જાય છે. ઘરનો એક ખૂણો ખાલી થઈ જાય છે. પણ એ વ્યક્તિ જે ઘરના દરેક ભાગમાં રહી હોય છે. જ્યાં જ્યાં એમનો સ્પર્શ થયો હોય છે એ દરેક વસ્તુ, જગ્યા આપણને સાંભરે છે. અને ફરી પાછું મન જઈ ચડે છે ત્યાં, જ્યાં આપણે વિતાવેલો સમય જ આપણી સામે હોય છે. હવે કદી નથી પહેરાવાનાં એ કપડાંની ગડીબંધ જોડ, જાડા કાચવાળાં ચશ્માં, પંચિયું, તાંબાનો લોટો, એક ડિશમાં વ્યવસ્થિત ગોઠવેલી દેશી બીડીઓ અને તેની પાસે જ પડેલી સૂડી–સોપારી. આ બધું એમ જ પડ્યું રહ્યું જેમ પહેલાં હતું. પણ હવે એક ફર્ક પડી ગયો છે. હવે દરરોજ આ વસ્તુઓને અડકનારું કોઈ નથી રહ્યું. સવારે છાપાની રાહ જોનારું જણ પણ હવે નથી રહ્યું. છાપું તો હજુયે ફેરીવાળો નાખી જાય છે. પણ ક્યાંય સુધી એમ જ આંગણામાં પડ્યું રહે છે. એનાં પાનાં હવામાં ફરફરે છે. ક્યારેક વળી એકાદ પાનું ઊડીને છૂટું પડી જાય છે. યાદ આવે ત્યારે પાનાં એકઠાં કરીને ઘરમાં એક ખૂણે છાપાને મૂકી દેવાય છે.

* * *

બાપાએ વરસો સુધી ચાંદીની વીંટીઓ બનાવી. એક વીંટીની પચીસ રૂપિયા મજૂરી મળે. રોજ સાંજે બજારમાં જાય. અમુક દુકાને આંટો મારીને કામ લઈ આવે. પછી બીજા દિવસની સવારથી કામ ચાલુ કરે. પ્રાયમસને પંપ મારીને ચાલુ કરે. ધમણ જેવો અવાજ ઘુમરાયા કરે. કેરોસીનની ગંધ રૂમમાં ફરી વળે. લાંબી પકડથી એક હાથમાં વીંટી પકડે. બીજા હાથમાં પ્રાયમસ લઈને રેણ કરતા જાય. છેલ્લે નવસારના પાણીમાં વીંટીને ગરમ કરીને ઝબોળે એટલે છમકારો બોલે. છમકારો વીંટી તૈયાર થઈ જવાની નિશાની. વીંટી બહાર કાઢે ત્યાં તો સફેદ દૂધ જેવી થઈ જાય. હું નાનો હતો ત્યારે આશ્ચર્યથી આ બધું જોઈ રહેતો. વીંટીને તૈયાર થઈ ગયેલી જોઈને બાપાના ચહેરા પર જે આનંદ, સંતોષ ફરી વળતો એ અછાનો ન રહેતો. નાનામાં નાના કામને ચીવટથી કરવાની ટેવ મને મારા દાદા તરફથી વારસમાં મળી હશે. મારા પપ્પાને પણ આમ જ કામમાં ખૂંપી જતા જોઉં છું તો નવાઈ લાગે છે. શું મળશે, કેટલું મળશે. એનો કોઈ વિચાર ક્યારેય મનમાં નથી આવ્યો.

બાપાને છેલ્લાં વરસોમાં શ્વાસની તકલીફ રહેતી હતી. શિયાળો આવે એટલે શરીર નરમ પડી જાય. પોતે કહે પણ ખરા કે, “આ શિયાળો ઊતરી જાય એટલે એક વરસ દીધું આડું, પછે કાંય નઈ થાય.” ને બોખું મોં હસવા લાગતું. હું એમને જોઈ રહેતો. ટકી રહેવાનું, ઝઝૂમવાનું અને એમ જાતને આશ્વાસન આપવાની એમની રીત મને વહાલી લાગતી. પછી પોતે જ કહેતા, “દેહ ધર્યો છે તેં એક દી’ પડવાનો તો છે! ભગવાન જેટલા દિ’ બેહવા દે એટલા દિ’ બેઠા છીએ. પછે જાવું તો છે જ.”

પછી અટકીને મારી સામે જોઈને કહેતા, “કાં લાલા... ? સાચું ને.... ?” હું હકારમાં માથું ધુણાવતો.

પછી ઉત્સાહમાં આવીને એ આદરેલા નવા કામની અને બાકી રહી ગયેલા કામની વાતો કરતા. ક્યારેક વળી તિજોરીમાંથી પ્લાસ્ટિકની ચોકી કાઢીને એમાં જોયા કરતા. કેટલું બાકી છે અને કેટલું કરવાનું છે એની મનોમન ગણતરીઓ કરતા. છેલ્લાં વરસોમાં તો ખાલી ચાંદીના શંખ બનાવતા. નાની-મોટી સાઇઝના કેટલાય શંખ એકસાથે માંડતા. હોળી આસપાસ બાપાના શરીર અને મનમાં જુદો જ ઉત્સાહ જોવા મળતો. શિયાળો ઊતરી ગયાનો રોમાંચ એમના મન પર ફરી વળતો. બાકી પડેલા કામની ગણતરીઓ કરતા. રોજ થોડું થોડું કામ કરતા. રાતે ક્યારે હું ઘરે આવું એની રાહ જોઈને બેસી રહેતા. જમીને એમની પાસે જાઉં કે કહેતા, “બેહ, બેહ લાલા, જો આજે...”

એમણે કરેલા કામની વાત રસથી કરતા. પછી કાલે કેટલું કામ કરવાનું છે એ કહેતા. શિખાઉ કારીગરની જેમ રાજી થઈને શંખ મારા હાથમાં આપીને કહેતા. “કેમ બરોબર છે ને...” મારા જવાબની એમનાથી રાહ ન જોવાય. હું હસી પડું તો એ પણ હસી પડતા. જો કોઈ વેપારી શંખ લેવાની તૈયારી બતાવે તો એમને કામ કરવાનું જોમ ચડતું. જલદી પૂરું કરવાની ઉતાવળ જાગતી. આખો દિવસ કામ કરીને થાકી જતા. સાંજે પથારીમાં પડ્યા પડ્યા કાંઈ ને કાંઈ બોલ્યા કરતા. હું એમની પાસે જતો તો બોલતા બંધ થઈ જતા. હું એમ જ ઊભો રહેતો એટલે પોતે સ્વગત બોલતા.

“કાંય નઈ, આજે તાવ જેવું લાગે છે.”

હું રોષભર્યા અવાજે એમને કામ ન કરવાનું કહેતો. એ સાંભળી લેતા. હું ચાલ્યો જતો એટલે પાછળથી કહેતા,

"બધું હમજું છું પણ જીવ નથી રે'તો શું કરું? આખો દિ' કંટાળો આવે છે."

એમના પ્રશ્નનો મારી પાસે કોઈ જવાબ ન હતો.

* * *

બપોરે અને રાતે જમ્યા પછી હું સોપારીનો ડબ્બો લઈને બાપા પાસે બેસું.

"હાવ ઝીણો ચૂરો કરી દેજે."

મારા હાથ સૂડી ચલાવે અને હું બાપાના ચહેરા પરની તાલાવેલી જોયા કરું. પછી ધીમે ધીમે મોઢું હલાવતા હલાવતા વાતો કરે. ઓછું સાંભળતા એટલે હું બહુધા ઇશારાથી ચલાવું. એ ઘણુંખરું સમજી જાય. સવારે છાપામાં વાંચેલી કોઈ વાત કે રાજકારણ સંબંધી ચર્ચા કરે. ૭૧ના યુદ્ધની કે પાકિસ્તાનની વાતો. દુકાળની વાતો. એમના ગામની વાતો, મિત્રો, સંબંધીઓ, કપરા સમયની અને એવી કેટલીયે વાતો હું સાંભળ્યા કરું. પછી ઊભો થવા જાઉં ત્યાં બોલે...

"બેહ..બેહ...ક્યાં જાશ."

હું ઇશારાથી કહું કે થોડી વારમાં આવું. પણ એ સમજી જાય. હું રૂમમાંથી બહાર નીકળી જાઉં ત્યાં પાછળથી એમનો હાસ્યમાં ભળી ગયેલો અવાજ આવે.

"ઘડીક બેઠો હોત તો વાત તો થાત."

મારા પગ અટકીને ફરી આગળ વધી જતા.

એક વાર એમની પાસે બેઠો હતો ને કોઈનો ફોન આવ્યો. 'હમણાં આવું' કહીને ઊભો થઈ ગયો. મોડી રાતે સૂવા જતો હતો ત્યાં એમના રૂમમાંથી અવાજ આવતાં હું એ તરફ ગયો. અંધારામાં પથારીમાં પગને હાથની આંટી મારીને દરવાજા તરફ નજર કરીને બેઠા હતા. બોલવા આતુર હોઠ બબડતા હતા. હું જઈને પાસે બેઠો ત્યાં જ કહે, "મને એમ કે હવે હૂઈ ગ્યો હઈશ. ક્યારનો વાટ જોતો'તો. હાંભળ ઈ વાત કઉં.'

ને બે-ત્રણ કલાક પહેલાં અધૂરી રહી ગયેલી; હું ભૂલી ગયેલો એ વાત ફરી રસથી માંડે. હું ભીનાશભરી નજરે એમને જોઈ રહું.

આજે જ્યારે બપોરે કે રાતે જમીને સોપારી ખાવા બેસું છું તો કોઈ અવાજ નથી આવતો. કાન માંડીને સાંભળું છું પણ સોપારી છોલાયા સિવાય કોઈ અવાજ નહીં. બેચેનીમાં ઉધરસ ખાવાનો અવાજ કે ન મને ટોકતો અવાજ. સોપારીનો ઝીણો ચૂરો કરીને હું જ ખાઈ જાઉં છું. એમની ધોળી હથેળીમાં રોજ ચૂરો કરીને મૂકવાની મારી ટેવ મને જ ખટકે છે. સોપારીના ડબ્બામાં ચીવટથી મુકાયેલી સોપારીઓ હવે અસ્તવ્યસ્ત પડી છે. નાના નાના કટકાઓ કેટલાય એકઠા થઈ ગયા છે. ક્યારેય સેટી પાસે તો ક્યારેક બારી પાસે તો વળી ક્યારેક કબાટના ખાનામાં પડી રહેતાં સૂડી-સોપારી પોતાની રોજની જગ્યા ભૂલી ગયાં છે.

છેલ્લે મારી સાથે જ બજારમાં ચાલ્યા હતા. ગલ્લામાંથી દેશી બીડીઓ અને મેડિકલમાંથી ઇસબગૂલના બે ડબ્બા લીધેલા. ઘરે જતી વખતે રસ્તામાં કહેતા હતા. "બીડીઓ તો દિવાળી હુધી હાલશે. હવે તો બે જ બીડી પીઉં છું. ઘણી નથી પીવી. ઉધરસ બઉ આવે છે."

આજે જ્યારે બારી પાસે પડેલી એમની વસ્તુઓ જોઉં છું તો થાય છે. બહુ લાંબું વિચારતા હતા બાપા. બીડીઓ લઈ આવ્યા એ પછી તો એકાદ મહિનો પણ માંડ ગયો હશે.

પતરાની નાનકડી ચોરસ ડિશ અને એમાં વ્યવસ્થિત ગોઠવેલી બીડીઓ. તેના પર પડેલું બાકસ. પાસે પડેલા બે ડબ્બાઓમાં ઇસબગૂલ. ચોમાસું ચાલ્યું જાય એટલે બીડીઓ પ્લાસ્ટિકની થેલીમાંથી કાઢીને તપાવે. જ્યાં સુધી બીડીઓ તપી ન જાય ત્યાં સુધી પોતે પણ તડકે બેઠા બેઠા બીડીને જોયા કરે. ઝૂડીને ગાલ પર અડાળીને તપાસે અને ફરી પાછી મૂકી દે. ઊભા પગે અદબ વાળીને બેઠા રહે. હજુયે એમની બેસવાની એ મુદ્રા આંખમાં સચવાયેલી છે. બીડી ભરેલી ડિશ મેં જ ખાલી કરી નાખી છે. બધી બીડીઓને એક થેલીમાં ભરી દીધી છે. થોડા દિવસ પહેલાં વિચાર આવેલો કે ગલ્લાવાળાને ત્યાં પાછી લઈ જઈશ. કહીશ કે, "હવે પીનારું કોઈ નથી. પાછી રાખી લો."

થેલીમાં બીડીઓ પાછી રાખતી વખતે થયેલું કે દરેક બીડી બાપાએ એમના હાથે ગોઠવીને રાખી છે. દરેકમાં એમના હાથની છાપ છે. એ હવે નથી પણ એમનાં આંગળાંની એ છાપને કેમ કરીને પાછી આપી આવું?

* * *

બાપાને પૈસાનો મોહ હતો. એમના પરથી ઘરની જવાબદારી દૂર થઈ તે પછીથી થોડું થોડું કામ કરીને એમણે એકઠા કરેલા પૈસા અને ચાંદીને એ ખૂબ જતનથી સાચવી રાખતા. વારંવાર ગણતા અને ફરી પાછા રાખી દેતા. ક્યારેક વાપરવાની જરૂર પડતી તો એમનો જીવ ઓછો ચાલતો. પહેલાં તો નકાર જ ભણતા, પછી વળી કમને પૈસા કાઢતા. અત્યારે વિચારું છું તો લાગે છે કે એમની પાસે ઘણા કહી શકાય એટલા પૈસા તો ન હતા. તો પછી કેમ આટલી હદે સાચવી રાખતા? એ વાતો કરતા એ પરથી એવું લાગતું કે એમણે સુખ કહી શકાય એવા દિવસો કદી જોયા જ ન હતા. હંમેશાં પૈસાની તાણ ભોગવી હતી એટલે પાછલાં વરસોમાં બે પાંદડે થયા પછી જે કાંઈ બચતું તેને એ મૂડી ગણતા થયેલા. જિંદગીના સાત-સાડા સાત દાયકામાં કદી અમુક હજાર રૂપિયાને એકઠા નહોતા જોયા. હંમેશાં પૈસાની કિંમત સમજાવતા અને કહેતા, "પૈસા વાપરવાની નહીં સંઘરવાની ચીજ છે."

એમની પાસે એક મોટો ડબ્બો હતો. તેમાં જૂના જમાનાના અવનવા સિક્કાઓ એમણે ભેગા કર્યા હતા. દિવસે દિવસે વધારતા જાય. જૂની નોટો અને નાણાંને સંઘરવાનો એમનો શોખ જાણે એમનો જીવનરસ હોય એવું લાગતું. હું નાનો હતો ત્યારે ક્યારેક કોઈ વાતે જીદે ચડતો તો એ મને છાનો રાખવા એમનો સિક્કાઓથી ભરેલો ડબ્બો ખાલી કરી આપતા. પછી કહેતા, "આ બધાને નોખા કરી કરીને પાછો ડબ્બામાં નાખતો આવ લે." એ બહુ રસથી જુદા જુદા સિક્કાઓ જોયા કરતો. એ ખાલી એમનો ખજાનો ન હતો.

એ બધાં જ સિક્કાઓ, નોટો, ચાંદી અને બાકી રહી ગયેલા ચાંદીના શંખ છોડીને બાપા ચાલ્યા ગયા. બધું એમ જ પડ્યું છે જેમ પહેલાં પડ્યું હતું. હવે રોજ તિજોરી ખોલીને બધું જોનાર જણ નથી રહ્યું. મને એમ પણ નથી થતું કે એ ડબ્બામાંના સિક્કાઓનો ઢગલો કરીને જોઉં. એક પ્રકારનો સન્નાટો મારી આસપાસ ભરાઈ ગયો છે. જે મને હંમેશ એમ કહેતો હોય એવું લાગે છે કે બાપા અહીં આસપાસ જ છે ક્યાંક. પણ એમના રૂમમાં,

એમની સેટી પર, તિજોરી પાસે કે બહાર આંગણામાં ખાટલે એ બેસતા તે બધી જગ્યાઓ હવે ખાલી છે. એમનો સમય હવે ખાલી વીતે છે. જે ખાંચો પડી ગયો છે એ કેમેય પુરાવાનો નથી. એ હું જાણું છું પણ મન એ સ્વીકારવા તૈયાર નથી. હજુયે એમની કોઈ વસ્તુ હાથે ચડે છે તો થાય છે કે હમણાં એમનો અવાજ આવશે અને કહેશે કે, "બરોબર રાખજે, આડીઅવળી નઈ." એમનાં ઇસ્ત્રીબંધ કપડાં, જાડા કાચવાળાં નજીક-દૂરનાં ચશ્માં, કામનાં ઓજારો બધું એમ જ પડ્યું છે જેમ પહેલાં હતું.

એમના રૂમમાં ખુલ્લી બારીમાંથી આવતો તડકો એ જ ભોંય પર પડે છે જ્યાં એ છેલ્લે સૂતા હતા. હું જોઈ રહું છું એ જગ્યાએ. તડકામાં ચમકતું એક કૃશ શરીર મને દેખાય છે. ટૂટિયું વાળીને ડાબે પડખે સૂતા છે. શ્વાસ ઊંડા ઊંડા ચાલે છે અને આંખો બંધ છે. હંમેશાં ધીમો પંખો રાખતા. છેલ્લે મને કહે છે કે, "પંખો વધારીને તું જા. મને ગરમી થાય છે."

હું રૂમનો દરવાજો બંધ કરતો બહાર જાઉં છું. પણ મન કેમેય ત્યાંથી ખસતું નથી. દરવાજાની આડશમાંથી જોઈ લઉં છું. માંડ ચાલતા શ્વાસના કારણે એમની છાતી હાંફે છે. હું એમની સાવ પાસે જઈને બેસી જાઉં છું. એમના કપાળે હાથ ફેરવું છું પણ એમની આંખો બંધ જ છે.

"બાપા... બાપા...."

હું સતત એમને બોલાવું છું. એમનું માથું મારા હાથમાં લઉં છું. એમની આંખો સહેજ ખૂલે છે ત્યાં જ મીંચાઈ જાય છે. પીળી ધબ્બ આંખોમાં જાણે કોઈ ઇચ્છા બચી ન હતી. ઊંડા ચાલતા શ્વાસ ધીમે ધીમે મંદ પડતા જાય છે. હું એમના હાથ-પગને સીધા કરું છું. એમના શરીરને ભોંય પર છોડું છું અને જોઈ રહું છું. સ્થિર થઈ ગયેલા એમના શરીરમાં કોઈ ચેતન બચ્યું ન હતું. છેલ્લે સુધી હું બાપાને બોલાવતો રહ્યો પણ બાપાએ હોંકારો પણ ન આપ્યો. હું પાસે જ હતો છતાં જતી વેળાએ એમ પણ ન કહ્યું કે જાઉં છું. જે અવાજ સાંભળવા કાન વરસોથી ટેવાયેલા હતા એ અવાજ "લાલા...એ લાલા..." એમ પણ ન કહ્યું અને એક શરીર જે નવ દાયકા પસાર કરી ગયું હતું એ હવે લાકડું થઈ ગયું હતું. સંધ્યાટાણું અને બાપાનું ચાલ્યા જવું ધીમે ધીમે મારામાં ઓગળતું જતું હતું. નજીકના સ્વજનો એકઠા થઈ રહ્યા અને હું મારા બાપાથી દૂર થતો રહ્યો. બહાર છાણાંમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. નનામી તૈયાર થતી હતી. હવે મારે જ મારા બાપાને મારાથી દૂર... ખૂબ દૂર... છોડવા જવાનું હતું. સ્મશાનમાં બળી ગયેલી ચિતાને જોઈ રહેતાં મને સતત બાપા યાદ આવતા હતા. એ પછી કેટલાય દિવસો, મહિનાઓ વીતી ગયા. આજે પણ બાપા નથી રહ્યા એ હકીકત મન નથી સ્વીકારી શક્યું પણ મારી આંખો કોણ જાણે કેમ એક પણ આંસુ નથી ખેરવી શકી. ન ત્યારે ન આજે...

* * *

મારા રૂમમાં કામ કરવાનો પાટલો પડ્યો રહેતો. એમાં બાપા પોતાના સોનીકામનાં ઓજારો રાખતા. કેટલાંય જૂનાં થઈ ગયેલાં, કટાઈ ગયેલાં, તૂટી ગયેલાં ઓજારો એમણે સાચવી રાખ્યાં હતાં. હું કહેતો કે 'આ બધું શું કામનું? કેમ સાચવી રાખ્યું છે?' તો કહેતા, 'ભલે ને પડ્યું. ઓજાર કોઈ દિ' વેચાય નહીં.' એ પાટલાનાં કેટલાંય ખાનાંમાં બાપાએ ચીવટથી રાખેલી વસ્તુઓ પડી છે. કાપણી, સાણસી, સમાણી, અતેડી, નાની

હથોડી અને કંઈકેટલું. હું હથોડી હાથમાં લઉં છું અને જોઈ રહું છું. વરસો સુધી બાપાએ આ હથોડી પર કામ કર્યું છે. એરણ પર ચાંદી ટીપી છે. મારા હાથમાંની હથોડી જાણે કે બાપાનો હાથ હોય એમ હું જોઈ રહું છું. આ જ હથોડી વડે એમણે ચાંદીની વીંટીને આકાર આપ્યો હતો. ગ્રહોના નંગને વીંટીમાં બેસાડ્યા હતા. હવે એ બધાં ઓજારો એમ જ પડ્યાં છે. વરસો સુધી બાપાના હાથનો સ્પર્શ પામેલાં ઓજારો હવે કદી એ હાથને નહીં પામે.

ઘણા બધા શંખ એકસાથે માંડતા. પછી ક્યારેય થાકી જતા. મને કહેતા, "આ ક્યારે પૂરા કરી લઈશ." પછી હસીને મારી સામે જોતા ને કહેતા, "ક્યાં ઉતાવળ છે હેં ? થાશે ર્યા ધીરે ધીરે.'

"તું તો સોનાનું કામ કર એટલે તને તો ટાઇમ જડે નઈ. નકાં વળી તને કઉં કે કરાવ મને થોડું..."

મારી સામે ચાતક નજરે જોઈ રહેતા બાપાની આંખોમાં હું હકાર જોઈ રહેતો હું કાંઈ ન બોલતો એટલે બાપા પોતાને જ જવાબ આપતા હોય એમ કહેતા.

"ના રે ના... તારું કામ પે'લું ભાઈ. મારે તો આ નવરાશનો ધંધો છે. મારે ક્યાં ઘરના ખર્ચા કાઢવા છે."

કામનો બાંકડો સાફ કરતો હતો ત્યાં એક ખાનામાં ઓજારો વચ્ચે ચાંદીનો શંખ પડ્યો હતો. સાથે રેણનો ટુકડો પણ. કદાચ રેણ કરતાં કરતાં ભૂલી ગયા હશે. હું હાથમાં લઈને જોઉં છું તો એમનો ઉત્સુક ચહેરો દેખાય છે. મનોમન થાય છે. "હું તમારા અધૂરા શંખ પૂરા કરીશ બાપા..."

■

વાર્તાલેખનમાં પ્રયોગશીલતાના અતિરેકનું ભયસ્થાન ધૂમકેતુએ આબાદ ચીંધી બતાવ્યું છે. પાંચ-છ વાર વાંચ્યા વિના સમજાય જ નહિ એવી નવલિકાની શક્યતા કલ્પીને એમણે આ સાહિત્યપ્રકારની દુર્બોધતાનું ભયસ્થાન પણ ચીંધી બતાવ્યું છે. આ ટકોર વાંચતાં વાંચતાં મનમાં થયું કે જે વાર્તા પાંચછ વાર વાંચ્યા પછી પણ ન સમજાય એ સાતમી કે આઠમી વાર વાંચતી વેળા પણ શાની સમજાય ? અથવા બીજી રીતે કહીએ તો એવી અતિ દુર્બોધ વાર્તામાં પછી કદાચ સમજવા જેવુંય શું હોય ? હજી ત્રીજી રીતે કહીએ તો આ પ્રકારનું ધૂંધળું કે ધુમ્મસિયું લખાણ કદાચ 'ધુમ્મસની કવિતા' ધરાવતું હોય તોપણ એ વાર્તા નામને પાત્ર પણ શાનું હોય ? પ્રયોગખોરીનું અંતિમ પરિણામ આટલી સ્પષ્ટતાથી કલ્પી આપવા બદલ સાચે જ, ધૂમકેતુનો આભાર માનવાનું મન થાય છે.

ટૂંકી વાર્તામાંથી ઘટનાતત્ત્વનો લોપ થયા પછી વાર્તાની પ્રયોગશીલ ભૂમિ અમેરિકામાં જ ફરી ઘટનાપ્રધાન વાર્તા લખાવા માંડી છે એ વધાઈ એકાદ વર્ષ પહેલાં મેં 'આરામ' વાર્તામાસિકમાં આપેલી. શ્રી ધૂમકેતુ પણ કાંઈક આવી જ આગાહી કરતા જણાય છે. પેલી પાંચ-છ વાર વાંચ્યા વિના સમજાય નહિ એવી વાર્તાઓના વિશિષ્ટ થઈ રહેલા પ્રયોગની સામે પ્રત્યાઘાત રૂપે નવલિકા કહેવાતી થાય એવો પ્રસંગ આવશે?

– ચુનીલાલ મડિયા, ચંદ અલ્ફાઝ, ૧૭૬

મૂછકટિકમ

દશરથ પટેલ

ખુરશીમાં બેસતાંની સાથે જ રમેશે મને મોટા સફેદ કપડામાં લપેટી, બોચીમાંથી બાંધી લીધો. બાજરીનાં કટ્ટાંની જેમ. મારું બધું ગોઠવાતું હતું એટલામાં મારી પાછળની ખુરશીમાં પણ કોઈક આવીને ગોઠવાયું. એટલે, રમેશે તરત જ એના કારીગરને બૂમ પાડીને એની સરભરામાં જોતર્યો. કારીગરે તરત જ એને પણ મારી જેમ કપડામાં લપેટી બોચીમાંથી બાંધી લીધો.

મને મારી સામેના અરીસામાં પાછળનું બધું દેખાઈ રહ્યું હતું.

પાછળની ખુરશીમાં બેસવાવાળો ખાધેપીધે એટલો બધો સુખી લાગતો હતો કે એનાં ધડ અમે માથું એકાકાર થઈ ગયાં હતાં. માથું જાણે કે ગરબા ઉપર મૂકેલા કુલડા જેવું લાગતું હતું. તેના જાડા અને ચોડા શરીર ઉપર ઊતરેલા પરસેવાના પાસ જાણે કે ખાલી તેલના પીપમાંથી નીતરેલા તેલના રેલા જેવા લાગતા હતા. ને, જ્યારે કપડામાં લપેટાયો પછી તો જાણે કે કોઈ મોટા ફુગ્ગામાં હવા ભરીને ફુલાવ્યા પછી ઉપરથી ગાંઠ મારી હોય એવું સહેજ ટપકા જેટલું જ મોઢું ડોકાતું હતું.

બેઠી દડીના ગોળમટોળ મોઢા ઉપર લાંબી પણ પાતળી રૂની દિવેટ જેવી મૂછોના બે છેડા બે બાજુ ફરફરતા હતા. વારાફરતી ચપટીમાં પકડી પકડીને એ વળ ચઢાવવા મથતો હતો, પણ મૂછના દોરા આછા અને એટલા બધા પાતળા હતા કે ચઢેલો વળ તરત જ ઊતરી જતો હતો. પણ એ હિમ્મત હારતો નહોતો.

ગમે તે હો, પણ લોકો રમેશની દુકાનના દીવાના તો ખરા જ. ક્યારે પણ જઈએ, ખુરશી ખાલી ના મળે. લાઇનમાં જ બેસવું પડે. હકડેઠઠ ઘરાકી હોય. એમાંય, ખાસ કરીને લોકો રમેશના હાથના જ દીવાના.

એક વાર રમેશનો હાથ જેની દાઢીમાં ફર્યો એ રમેશનો આશિક જ થઈ જતો. મારી જેમ. કદાચ એટલે જ બધા રમેશને 'રમા' કહીને જ સંબોધતા હશે!

કોઈ પૂછે કે 'ક્યાં દાઢી કરાવી?' તો કહે કે 'રમાને ત્યાં?'

ક્યારેક ક્યારેક મારી રમા પણ પૂછતી કે 'ઓહોહો...આટલું બધું ચળકતું કોણે કરી આપ્યું?' તો હું પણ હસતાં હસતાં કહેતો કે 'વહાલી, રમાએ...!'

રમાએ ફૂસ ફૂસ કરીને મોઢા ઉપર પાણીની છોળો ઉડાડી. પછી હળવેકથી મોઢા ઉપર હાથ ફેરવી, મોઢું ઠંડુંગાર કરી ધીરેથી પૂછ્યું.

‘ઇસસ્પેશિયલ કે ચાલુ ?’

‘ઇસસ્પેશિયલ... !’

મેં પણ એના અંદાજમાં જ જવાબ વાળ્યો એટલે રમાએ હળવેકથી એક પગ ખુરશી ઉપર ટેકવી, અડધોએક મારા ઉપર નમી, મુલાયમ હાથે મુલાયમ મુલાયમ કૂચો મારા લમણા ઉપર ઘસવો શરૂ કર્યો.

કૂચામાંથી આવતી ઇસસ્પેશિયલ સુગંધે મારાં નસકોરાં ભરી દીધાં. ઝીણું ઝીણું વાગતા રેડિયાના ગીતની રિધમ સાથે રમાનો કૂચો ગાલ ઉપર ઘસાતો જતો હતો. ગાલ સુંવાળા સુંવાળા થતા જતા હતા. વચ્ચે વચ્ચે રમાનો અને રેડિયાનો તાલ એક થતો જતો હતો, તો ક્યારેક તૂટી પણ જતો હતો. રમાનો હાથ જેમ જેમ ગાલ ઉપર ફરતો જતો હતો તેમ તેમ મારી આંખમાં ઘેન પુરાતું જતું હતું.

પાછળની ખુરશીમાં બેઠેલાનું પણ મારી સાથે જ ઘસાતું હતું. એનું મોઢું પણ ફીણથી ગોટાયું હતું. પણ હવે એ ફુગ્ગા જેવો નહીં, રૂના ઢગલા જેવો લાગતો હતો. માથામાં વાળ નહીં, ને મોઢું ફીણથી લથબથ. ઉપરથી સફેદ કપડામાં લપેટ્યો હતો એટલે ઉપરથી નીચે બધું એકતાર સફેદ જ સફેદ.

મારી આંખમાંથી ધીરે ધીરે બધું અદૃશ્ય થઈ રહ્યું હતું. થોડી વારમાં તો મારું મોઢું પણ ફીણના ગોટાથી ધોળાઈ ગયું. ઢંકાઈ પણ ગયું. રેડિયો અને રમાનું ગીત ક્યારે સંભળાતું બંધ થયું એ પણ ખબર ના રહી. રીતસર આંખ લાગી ગઈ. આહા! સ્વર્ગનું સુખ!

જગતમાં આનાથી ભરોસાપાત્ર સ્થળ બીજું કોઈ હોઈ શકે કે ? કેટલો બધો ભરોસો! ગળા ઉપર સરર સરર અસ્ત્રો ફરતો હોય તોપણ વહાલા બિન્દાસ જપ્પી મારી લે. આ જગ્યા જ એવી જાદુઈ હોય છે કે અહીંયાં રાજા હોય કે રંક બધાની ય આંખ લાગી જાય.

થોડી વાર પછી એક બાજુનું લમણું થોડું ગરમ ગરમ લાગ્યું એટલે પાંપણ સ્હેજ ઊંચકાઈ.

જોયું તો રમેશ ગાયબ.

હળવેકથી લમણે હાથ દીધો તો એક બાજુનું લેવાઈ ગયું હતું. બીજી બાજુનું કૂચો ઘસીને તૈયાર રાખ્યું હતું. કપાસનાં કાલાંમાંથી ફૂટેલા રૂના ગોટા જેમ એક બાજુ ફીણ લબડતું હતું.

રેડિયો થોડો થોડો સંભળાતો હતો પણ એમાં રમાના સૂરનો અભાવ વર્તાયો એટલે મેં હળવેકથી બૂમ પાડી.

‘રમા..... !’

બૂમ પાડતાંની સાથે જ સામે અરીસામાં નજર પડી તો પાછળની ખુરશીમાં બેઠેલા રૂના ઢગલાએ દાઢી કરતા કારીગરને બોચીમાંથી દબોચ્યો હતો. જાણે કે કોઈ ડાઘિયાએ કોઈ ગલૂડિયાને બોચીમાંથી દબોચ્યું છે. કારીગર બિચારો ગલૂડિયાની જેમ ઉં ઉં કરતો છૂટવા મથી રહ્યો હતો.

રમેશ પણ દેખાયો. એ પણ એના કારીગરને છોડાવામાં ખુરશીની આગળપાછળ વલખાં મારી રહ્યો હતો.

મારે ઊભું થવું હતું પણ એક બાજુનું એઠું લઈને કેવી રીતે ઊઠું? એટલે હું ખુરશીમાં બેઠાં બેઠાં જ અરીસામાં જોઈ રહ્યો.

મને લાગ્યું કે દાઢી કરતાં કરતાં અસ્ત્રો કે એમ કાંઈ લાગી ગયું હશે એટલે પેલાએ કારીગરને બોચીમાંથી દબોચ્યો છે.

'તારા બાપાની... તને મૂછ પર હાથ લગાવવાનો કોણે કહ્યો'તો?' એ જોરથી તાડૂકયો એટલે મને સમજાઈ ગયું કે ડખો મૂછનો છે.

એની રૂની દિવેટ જેવી મૂછો મારી સ્મૃતિમાં ચઢી. એ જે અંદાજથી મૂછોને તાવતો હતો એ ઉપરથી તો એવું લાગતું હતું કે એના માટે એની મૂછનો એક એક વાળ લાખાની મૂછના ભારોભારનો છે. પણ મને ફેર એટલો લાગ્યો કે લાખાની મૂછમાં અગણિત વાળ હશે, આની મૂછમાં ગણિત હતા.

જેમ જેમ એ દર્પણમાં મૂછ વગરનું મોઢું જોતો હતો તેમ તેમ એનો પારો આસમાને જતો હતો. એવા ધમપછાડા કરતો હતો કે કોઈ પણ રીતે એની મૂછ પાછી આવી જાય.

કારીગર સમેત હઢુહો (એમ ને એમ) એ ખુરશીમાંથી ઊભો થયો.

ઊભા થતાંની સાથે જ ડોકમાં બાંધેલું સફેદ કપડું છૂટી ગયું. પાતળા પગમાં ઊભું થયેલું જાડું શરીર, મૂછ વગરનું ગોળમટોળ મોઢું ને વાળ વગરની ચળકતી ટાલમાં એ હવે ભમરડા જેવો લાગતો હતો.

'માઈ બાપ...! ખુરશીમાં બેસતાંની સાથે જ તમે જ તો કહ્યું'તું કે ચોખું કરી નાંખ લ્યા...!' બગલમાં દબોચાયેલો કારીગર વિનંતીના સૂરમાં કરગરી રહ્યો હતો.

'તારો બાપો! ચોખું એટલે... મૂછ કાઢી નાંખવાનું થોડું કહ્યું'તું!'

'તને ખબર છે, આજ સુધી અમારા ખાનદાનમાં કોઈએ અમારી મૂછમાં હાથ નથી ઘાલ્યો...!'

'હા, બાપુ પણ આટલી વાર જવા દ્યો. બિચારો નવો નવો કારીગર...' વચ્ચે પડતાં રમાએ હાથ જોડીને કહ્યું.

'ઓ...! તો નવો કારીગર છે એમ...!'

'હા સાયેબ!'

'તો મારા હાહરા, તેં મારા ઉપર અખતરો કરવા મૂક્યો'તો?' કારીગરની સાથે સાથે એને રમાને પણ દબોચ્યો.

મારે પણ કહેવું હતું કે 'જવા દે હવે બિચારાને. હવેથી એ તારી નહીં, કોઈની પણ મૂછમાં હાથ નહીં નાંખે. જે થયું એ થયું ભૈ. થોડા દા'ડા ખમી ખા...! આમાં એવું થોડું હોય છે કે ગત અવસર આવે નહીં, ગઈ ન આવે મૂછ...!'

પણ એનો આક્રોશ જોઈને હું ચૂપ જ રહ્યો.

મને એકદમ મારી મૂછ યાદ આવી.

જેવો મેં મારી મૂછ ઉપર હાથ મૂક્યો, ત્યાં તો અરીસામાં મારી અને એની નજર એક થઈ.

'તું હાહરા મને મૂછ બતાવે છે... ?' રમાને અને કારીગરને પડતો મૂકી એ વરુની જેમ મારી ઉપર ધસ્યો.

'અરે ના ના.. હું તો મારી મૂછ... !'

'મારી મૂછ... !' કહેતાં એકદમ મારી આંખ ખૂલી ગઈ.

'હું થ્યું સાયેબ... !' હળવેકથી રમાએ પૂછ્યું.

જોયું તો મારી પણ એક બાજુની ઊડી ગઈ હતી. બીજી બાજુની ફીણમાં દટાયેલી હતી.

'અરે એં રમલી તેં આ શું કર્યું... ! મારી મૂછ... ?'

આગબબુલો થાઉં એ પહેલાં તો સપનું મોઢે ચઢ્યું. 'આમાં એવું થોડું હોય છે કે ગત અવસર આવે નહીં, ગઈ ન આવે મૂછ... !'

'કાંઈ નહીં રમા ! જલદી કર... !' કહેતાં મેં આત્મસંતોષ માની લીધો કે આપણે ક્યાં લાખાની મૂછ જેવી લાખેણી છે તે હલારો. આવશે ત્યારે આવશે.

'હા સાયેબ...' કહેતાંની સાથે જ રમાએ બીજી બાજુંનું પણ ચોખ્ખું કરી નાખ્યું.

ખુરશીમાંથી ઊભા થતાં ફરી પાછળ અરીસામાં નજર પડી તો રમાનો કારીગર એક બાજુ બેઠો બેઠો અદાથી તમાકુ મસળી રહ્યો હતો. અને ખુરશીમાં બેઠેલો રૂનો ઢગલો ચપટીમાં દાબી દાબીને મૂછોને તાવ દઈ રહ્યો હતો. પણ મૂછ ચપટીમાંથી છટકતાંની સાથે હવામાં વેરાઈ જતી હતી વળ તૂટે કે જીવ જાય. એ હિમ્મત હારે એવું લાગતું નહોતું.

■

પૃથ્વી

લાંબી પહોળી દુનિયા વિહંગ-
–દૃષ્ટિ મહી મેં અવ પ્રોઈ લીધી,
ભૂગોળ-પોથી નકશે ભણ્યો'તો
અક્ષાંશ-રેખાંશ ધ્રુવાંકિતા જે
પૃથ્વી ગણાતી વિપુલા, અરે એ
પ્રદક્ષિણા એક જ માંહી મેં તો
માપી લીધી ને દગમાં સમાવી.
શી નાનકી આ વિપુલા ગણાતી
પૃથ્વી અરે ! ના. અવ ચિત્ત માંહે
ચિત્રો રચાતાં અધિકાં વિશાળ,
ભણાવતી જે નહિ કો નિશાળ,
એવો રચાયો બસ એટલાસ !
દીઠી હતી જે દગ માંહી સાન્ત
વ્યાપી રહી ચિત્ત વિશે અનંત !

– ચુનીલાલ મડિયા, મડિયાનું સમગ્ર પદ્ય, ૭૦

ભાડુઆતનું નગરભ્રમણ

ડૉ. જાનકી શાહ

ગુજરાતીમાં એક જૂની કહેવત છે કે, 'ઘાટ ઘાટનાં પાણી પીધાં છે'. પણ હવે આ કહેવતને વધુ ધારદાર રીતે કહેવી હોય તો કહેવાય કે, ગલી ગલીનાં મકાન લીધાં છે. યુનિસેફ, યુનેસ્કો, યુનાઇટેડ નૅશન્સને કરવા દો ગ્લોબલ વૉર્મિંગની ચિંતા, આજે એનાથી વધુ અગત્યની સમસ્યા વિશે વાત કરવાની છે – ભાડુઆતની સમસ્યા! એટલે કે આજે આપણે 'ભાડવાત' કરીએ. લેણદાર અને દેણદાર વચ્ચેના સંબંધો પર તો ઘણું લખાયું હશે પણ મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના સંબંધો વિશે ગુજરાતીમાં ખાસ લખાયું નથી. ખબર નહિ કેમ પણ દરેક મકાનમાલિક પોતાને કૃષ્ણ સમજે છે અને ભાડુઆતને સુદામા! પણ આ 'કૃષ્ણ'માં એ કૃષ્ણનો અંશમાત્ર ગુણ હોતો નથી. કારણ કે, તેઓ તાંદુલની ભાજી (ઘરભાડું) તો લે છે જ પણ સાથે જ એ પણ ઇચ્છા રાખે છે કે જે ખેતરમાં તાંદુલ ઉગાડી હોય ત્યાં કયા રંગનો પડદો રાખવાનો, કેટલું પાણી ક્યારે રેડવાનું અને શું શું નહીં! ભારતનો ચમકતો સમાજ કેટલી કાળાશ લઈને બેઠો છે તે જોવું હોય તો ભાડુઆત બની જવાની જરૂર છે. આ સમસ્યા હવે સામાજિક કૅન્સરની જેમ ફેલાઈ રહી છે ત્યારે તેના પર હળવી જ ખરી પણ ચર્ચા કરવાની જરૂર છે. હવે તો નવદંપતીને 'સદા ખુશ રહો'ને બદલે 'સારા મકાનમાલિક મળે' તેવા આશીર્વાદ આપવા પડે તેવી નોબત આવી ગઈ છે. એક ભાડુઆત જ સમજી શકે કે 'ધરતીનો છેડો ઘર' કહેવત અધૂરી છે અને સાચી કહેવત તો 'ધરતીનો છેડો પોતાનું ઘર' છે.

જ્યારે પણ મારી આત્મકથા લખાશે ત્યારે તેમાં ભાડુઆતના અનુભવો પર એક વિશેષ પ્રકરણ હશે તે અત્યારથી નક્કી છે. અને કેમ ન હોય? 'કહાની ઘર ઘર કી'થી વિપરીત આ મારી 'ઘર ઘર કી કહાની' છે. એક શુભ મોકે નોકરી મળી ત્યારથી આજ સુધી હું આવી 'આધુનિક વણઝારા'ની જેમ રહી છું. જે રીતે મુક્ત ઇલેક્ટ્રૉન ગમે ત્યાં ભટકે તેમ મારાં પણ સરનામાં બદલાતાં રહ્યાં અને આ કારનામા પર લેખો લખાતા રહ્યા. આ વિષય પર મેં લખેલા લેખો સામયિકમાં આવતા નહિ એટલે ઘડીભર તો થયું કે સંપાદક પણ મકાનમાલિક જ હશે! સમસ્યા તો પાછી ત્યાં આવે કે દર થોડા સમયે મકાન બદલવાનું થાય ત્યારે જ્યાં જ્યાં જૂની ટપાલ આવતી હોય ત્યાં ત્યાં સરનામું બદલાવવું પડે. આટલો બદલાવ પણ નહીં સારો. આવી તકલીફો નવા વિચારો આપે છે કે, આટલા બદલાતા ભારતમાં પણ વારંવાર સરનામાં કેમ બદલાતાં રહે છે? અને ચાલો બદલાયા તો પેલા નંદન નિલેકાનીને કહો કે સરનામા માટે એક સેન્ટ્રલાઇઝ્ડ વ્યવસ્થા બનાવે, કે જેથી ત્યાં સરનામું બદલવાથી બધે જ એકસાથે સરનામું બદલાઈ જાય.

તમે આ લેખ મકાનમાલિકની દૃષ્ટિથી નહિ પણ ભાડુઆતની દૃષ્ટિથી વાંચો છો એમ ધારું છું અને સાથે જ એમ પણ ધારું છું કે હાલનો મકાનમાલિક સાહિત્યપ્રેમી નહીં જ હોય. હા, તો આ આખા ઘટનાક્રમની શરૂઆત થાય છે મકાન જોવા જવાથી. મને આ 'જોવા જવાની' ક્રિયા જ અટપટી લાગે છે. તોપણ, જોવા તો જવું જ પડે. મકાનમાલિક તાજમહેલ બતાવતો હોય તેમ તેનું ઈંટોથી બનેલ મકાન બતાવે અને 'શાહજહાં' આપણે એના હાથ પણ ન કાપી શકીએ! પછી શરૂ થાય ઉત્તરાયણ – તે ફેંકે અને આપણે લપેટવાનું. એક મકાનમાલિક ફેંકવામાં એ ભૂલી ગયો કે મારે આ શહેરમાં ઘર નથી, આ વિશાળ પૃથ્વી પર કોઈ એક જગ્યાએ બહુ મોટું તો નહીં પણ ત્રણેક હજાર સ્ક્વેર ફીટનું એક ઘર છે. તે કહે કે જુઓ, આ બારી ખોલો ને બહાર બગીચો. મારે એ બૉટનીના માસ્ટરને કહેવું હતું કે જાતે ઊગી નીકળેલા 'ઘાસના મોલમાં' ગુલાબના ફૂલની એક દુકાન હોય તેને બગીચો ન કહેવાય. આવા સમયે એક રિવાજ હોય છે જો તમને ખબર ન હોય તો જણાવી દઉં. જે રીતે સામાન ઓરડામાં મૂક્યા પછી હોટલનો નોકર કંઈક ટીપની અપેક્ષાએ ઊભો રહે છે કે પછી ખાસ તૈયાર થયેલી સ્ત્રી પોતાનાં વખાણ ઝંખતી હોય છે તેમ જ્યારે મકાનમાલિક મકાનનાં વખાણ કરીને થાકે ત્યારે તેની અપેક્ષા હોય છે કે આપણે તેના મકાનને 'top house of the world'નો ખિતાબ આપીએ. તેમના માટે મકાનમાં તો કોઈ સમસ્યા હોતી જ નથી, સમસ્યા તો વળી તુચ્છ ભાડુઆતમાં હોય છે. એક મકાન તો ચારેબાજુ લોખંડના તાર અને ઊંચી દીવાલો પર કાચથી ઘેરાયેલું હતું. તેનો માલિક કહે કે એકદમ સુરક્ષિત મકાન છે. જ્યારે સમાજ સુરક્ષિત ન હોય ત્યારે મકાનો સુરક્ષિત બનાવવાં પડે છે. મારે તેને કહેવું હતું કે સુરક્ષિત તો સેન્ટ્રલ જેલ પણ હોય છે.

હવે શરૂ થાય છે MBAનો ક્લાસ. જે રીતે નાનપણમાં આપણે રસ્સીખેંચ રમ્યા હોય તેમ અહીં બે આંકડા વચ્ચે રસ્સીખેંચ રમવાની હોય છે. મકાનમાલિક તેના આંકડાને વિધવિધ રીતે ટેકો આપે કે બીજા એકાદ-બે જણ સાથે વાતો ચાલે છે તો ભાડુઆત બે-ચાર મોટાં નામ વચ્ચે લાવે છે. આ રીતે મહામુશ્કેલીએ એક આંકડો નક્કી થાય છે. પૂછી જોજો નીતિઆયોગને, દેશના ગરીબીના આંકડા 'સેટ કરવામાં' પણ આટલી મુશ્કેલી નહીં પડતી હોય.

ક્યારેક ક્યારેક તો એમ થાય છે કે, ભારતીય સમાજ જેવો આધુનિક સમાજ બીજે ક્યાં મળે? જે રીતે ગૂગલ જેવી સર્વિસીસમાં ઑથેન્ટિકેટર હોય છે તે રીતે ભારતીય સમાજમાં તો નામમાં જ ઑથેન્ટિકેટર હોય છે. ન સમજ્યા? ભારતમાં અટક જ સૌથી મોટી ઑથેન્ટિકેટર છે. તમારી અટક તમને અટકાવે પણ અને ધક્કો પણ મારી દે. ભારત મહદ્અંશે અઘોષિત રીતે વાડામાં વહેંચાયેલો દેશ છે. આ સોસાયટીમાં બધાં 'XYZ' જ રહે છે બીજાને આપણે ઘર આપતા જ નથી તેમ ખુલ્લેઆમ કહેવાય છે તેવી દારુણ પરિસ્થિતિ છે. ખેર, જાતિના અભિમન્યુ કોઠામાંથી પસાર થાવ તો આગળનું કામ જરા આસાન રહે છે.

ક્યારેય સર્કસ શરૂ થાય તે પહેલાં કેવો સામાન પડ્યો હોય તે જોયો છે? આવી જ પરિસ્થિતિ નવા ઘરે સામાન ખસેડીએ ત્યારે થાય છે. ઘરમાં રોજ કશી ને કશી વસ્તુ ખૂટતી હોય એમ લાગે પણ સામાન ખસેડવાનો થાય ત્યારે ખબર પડે કે આ સંસારમાં આપણે કેટલા ડૂબેલા છીએ. આ આટલો સામાન જોઈને તો એમ થાય છે કે જેવું માર્કેટમાં

થ્રી-ડી પ્રિન્ટર આવે ને પહેલું લઈ લઈશ. પહેલાના જમાનામાં મનોરંજન કરાવનારી લોકજાતિ નગરમાં આવે અને લોકો ટોળે વળી જાય એમ નવો ટેમ્પો જોયો નથી કે પડોશીઓનો ટેમ્પો હાઈ થઈ જાય અને ટેમ્પાની સાથે આખી કુંડળી ખોલવી પડે. એક વાર તો એવું બન્યું કે એમેઝોનમાં ઑર્ડર આપી દીધા પછી સરનામું બદલાઈ ગયું. એટલે તેનો ફોન આવવા પર મેં તેને નવા ઘરનું સરનામું આપી દીધું કે જ્યાં હજી હમણાં જ સામાન ઉતાર્યો હતો. તે આવ્યો અને ઘરે રહેલા સામાનને જોઈ તેણે મારી તરફ જોયું. મેં તેની તરફથી નજર ફેરવી લીધી કારણ કે, મને ખબર હતી કે સામાન્ય રીતે OTP માંગીને જતો રહેતો તે આજે એક ટીપ આપવાનો હોય તેમ લાગતું હતું. તેણે ધીમેથી મને કહ્યું, "મેડમ, રિટર્ન પૉલિસી છે." હવે સાર્વત્રિક સમસ્યા એ છે કે જૂના ઘરેથી ગોઠવેલી વસ્તુઓ ફટાક દઈને ભેગી તો કરી દઈએ પણ આ પાછી ગોઠવવાનો એક અલગ જ પડકાર છે. આપણે રહ્યા સાહિત્યના માણસ! ઉદયન, અનિકેત અને અમૃતાના સંબંધો વિશે ચર્ચા કરી લઈએ પણ આ મગની સાથે રહેલ મગ ક્યાં ગયો કે આની સાથે શું આવે તે નક્કી કરવું મુશ્કેલ છે. ઘરની જગ્યાઓ તેને માટે બનેલી વસ્તુઓથી કૃતજ્ઞ થાય તે પહેલાં ટિફિન આવી ગયું.

પતિએ ટિફિન તરફ ઇશારો કર્યો ને હું સમજી ગઈ કે મંદિરમાં જેમ VIP માટે અલગ વ્યવસ્થા હોય તેમ ટિફિનને પહેલાં ધ્યાને લેવાનું છે. આજુબાજુ જ્યાંત્યાં પડેલી વસ્તુઓના પર્વત વચ્ચે બેસીને જમતાં પહેલાં સેલ્ફી લીધી. નવા ઘરમાં પ્રથમ ભોજનની એ સેલ્ફી જરૂરી તો હતી જ. ઘણી વખત એમ વિચારીને અમે ખુશ રહીએ કે અમારા જેવા અમીર કોણ હશે જે દરેક જન્મદિવસ નવા ઘરમાં ઊજવે? આ અમુક લોકો વર્લ્ડ ટૂર કરે એમાં શું ધાડ મારી? અસલી મજા તો એક જ ગામની અલગ અલગ સોસાયટીઓમાં 'હોમ ટૂર' કરવાની છે. કહેવાય છે કે, નાનપણની આદત જલદી જતી નથી. જ્યારે નાના હતા ત્યારે જે તે વેબસાઇટ પર એકાઉન્ટ ખોલાવવાની આદત હતી અને હવે જે તે સોસાયટીમાં મારી એક હિસ્ટ્રી નીકળે.

મને તો લાગે છે કે ઘર શોધવાની પળોજણમાં જ અમુક લોકોએ ભગવાન શોધવાનું માંડી વાળ્યું હશે. કસ્ટમર કેરમાં ફોન કરીએ અને દર વખતે આખી સમસ્યા ફરી બતાવીએ તેમ જેટલી પણ વાર ઘર લેવાનું થાય ત્યારે બધું ફરી બતાવવાનું થાય. હવે, સોસાયટીમાં ખાલી ઘરની શોધ માત્ર બે પ્રકારના લોકોને હોયઃ ભાડુઆત અને ચોર. મને તો લાગે છે કે આ સ્ટાર્ટ અપનો નવો આઇડિયા છે. દરેક ભાડુઆતે એકાદ બે ચોરના સંપર્કમાં રહીને ખાલી ઘરની જાણકારી મેળવી લેવી જોઈએ. જેથી ચોરને 'એક્સ્ટ્રા ઇન્કમ' થાય અને મારા જેવાને ઘર મળી રહે. સારું છે કે આ સમસ્યા આપણા ઉત્તમ સાહિત્યકારોને નથી આવી. વિચાર તો કરો બાકી શું થાત? વિધવાવિવાહ અંગે આંદોલન ચલાવનાર નર્મદ બાકી ઘર શોધવામાં પોતાની ઊર્જા ખર્ચી નાખત. 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે...' કહેનાર નર્મદને હોમ અંગે ચિંતા રહ્યા કરત તો કદાચ નર્મદયુગ આવત જ નહીં. ઝવેરચંદ મેઘાણીને આ સમસ્યા નડત તો 'સૌરાષ્ટ્રની રસધાર' આટલી ધુંઆધાર હોત ખરી? કલાપી તો જોકે રાજવી હતા બાકી 'અરર... તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો'ની જગ્યાએ તે ચોક્કસપણે લખત કે, 'અરે વાહ! તે મકાનમાલિક ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો.' ખલીલ ધનતેજવીને જો આ સમસ્યા આવી હોત તો તેમની એક ગઝલ પ્રથમ શેર પછી

અધૂરી જ રહી જાત, "એના ઘરની એક બારી મારા ઘર સામે હતી, મારી જે દુનિયા હતી મારી નજર સામે હતી." અને પછી તેઓ લખત કે *મકાનમાલિકે ઘર ખાલી કરાવી દીધું હોવાથી વાત અહીં જ પૂરી* કદાચ આ સમસ્યાને લીધે જ ગુજરાતી સાહિત્ય 'જાનકી યુગ'થી વંચિત રહી જશે!

એક મકાનમાલિક તો એવો ભટકાયો હતો કે વાત ન પૂછો. તમે CID જોઈ જ હશે. એમાં કેવી રીતે ACP પ્રદ્યુમન અને ટુકડી અંદર દાખલ થાય તેમ તે હવે મારા પણ એમ તેના ઘરમાં દાખલ થાય. અમે જાણે કે ઘરમાં લાશ છુપાવીને બેઠા હોય તેમ તે નૅનોલેવલનું નિરીક્ષણ કરે. હવે એને કોણ સમજાવે કે આનું દસમા ભાગનું ધ્યાન પોતાના છોકરાં પર આપ્યું હોત તો... તેની 'અમીનજર' અમારા પર એમ વરસે કે જાણે અમને ઘર ભાડે નહીં, દાનમાં આપ્યું હોય. ભારતમાં લોકો સૌથી વધુ દ્વિમુખી છે. વાણી મીઠી રાખવાનો આગ્રહ કરનાર એમ નહોતા કહેતા કે મન કાળું જ રાખવું પડશે. તે દર બીજા વાક્યે કહે કે આને તમારું જ ઘર સમજજો. મને થયું એક વાર પણ મારું ઘર સમજી લીધું તો પોલીસસ્ટેશનના ધક્કા ખાતો થઈ જઈશ. જો આવું જ ચાલુ રહ્યું તો મારે તો ફરી મકાન ભાડે લેતાં પહેલાં એક શરત ઉમેરવી છે કે, મકાનમાલિક ઓછામાં ઓછો પચાસ કિલોમીટર દૂર રહેતો હોય. મકાનમાલિકોના પણ અમુક પ્રકારો હોય છે. તેમાંના ત્રણ ખાસ મકાનમાલિકો વિશે વાત કરીએ – અહીં ત્રણેયમાં 'દિલ'ની જગ્યાએ 'મકાન' સમજવું.

(૧) **દિલ કા રિશ્તા :** આ મકાનમાલિકો એકદમ વ્યાવસાયિક હોય છે. દર મહિને પૈસા મળી જાય એટલે તેમને બીજી કોઈ મગજમારી ન હોય. પણ આવો મકાનમાલિક મેળવવા વ્રત કરવાં પડે.

(૨) **હમ દિલ દે ચુકે સનમ :** આ મકાનમાલિકો મોજીલા હોય છે. તેઓ મકાન તો આપે જ છે સાથે મજબૂત અને સુંદર સંબંધ પણ ભેટમાં આપે છે. થોડા અંગત સંબંધો પણ વિકસાવે છે. તેઓ ભાડુઆત સાથે સરખેસરખાનો સંબંધ બાંધે છે. આવા મકાનમાલિક મળે તો તો કહેવું જ શું!

(૩) **દિલ પરદેશી હો ગયા :** આ એ મકાનમાલિકો છે જેમના લીધે મારે આ લેખ લખવો પડ્યો છે. આ લોકો એમ જ સમજે કે ભાડુઆત મકાન પડાવી લેવા જ આવ્યો છે. પણ, જો જાતિ XYZને જ મકાન આપતા હોય જે તમારા મતે સરખેસરખાની છે તો આવો ભ્રમ કેમ? આ એવી પ્રજાતિ છે કે જેને મહિને ભાડું પણ જોઈએ છે અને મકાન પણ સુપરત કરવું નથી. હવે, આવા જ મકાનમાલિકો રૂપિયામાં નહીં પણ પાંચ દશાંશ સુધી ગણતરી રાખે છે. ઘર લીધાંના પ્રથમ દિવસે એ 'ઉદારદિલ' ઇન્સાને અમને તાળું આપ્યું અને સાથે ચાવી પણ આપી પણ તેનું કી-ચેન કાઢતાં હું જોઈ ગઈ. હવે તમે વિચારશો કે કી-ચેન સોને મઢેલું હશે તો કહી દઉં કે પાંચ રૂપિયાનું જ હતું. હું તેની પાસે ગઈ અને કહ્યું પતિ-પત્નીને કેમ અલગ કરો છો? કી-ચેન લઈ લીધી તો ચાવી પણ લઈ જ જાવ અને તાળું પણ લઈ જ જાવ.

તમને ખબર છે કે ટાઇટેનિકમાં અલગ અલગ ક્લાસ હતા, ઊંચનીચના ભેદભાવ હતા! આવા ભેદભાવના સાક્ષી બનવું હોય તો પણ ભાડુઆત બનો. સોસાયટીના પોતાના

ઘરમાં રહેતા લોકો ભાડુઆતને ‘અહં બ્રહ્માસ્મિ’ની રીતે જોતા હોય છે. આ જોઈને થાય છે કે, બાબાસાહેબે કેટલી દૂરંદેશીથી ‘એક વ્યક્તિ, એક મત’નો સિદ્ધાંત લાગુ કર્યો હતો. સોસાયટીના અમુક ડોસા-ડોસીઓ ભાડુઆતનું કૅરેક્ટર સર્ટિફિકેટ આપવા તૈયાર જ હોય. સાંજે અમુક સમય પછી બહાર ગઈ હતી, પાછી ક્યારે આવી હતી, આવી ત્યારે એમને સલામ કરી કે નહીં બધું જ નક્કી કરીને આપણો બાયોડેટા બનાવે અને મકાનમાલિકને અપલોડ પણ કરી દે. અને તેથી જ આ પેઢીનો ‘who cares ?’વાળો અભિગમ બહુ ગમે છે.

અંતે, એટલું કહીશ કે મકાનમાલિકોએ સમજવું પડશે કે ‘મકાનમાલિક’એ તત્પુરુષ સમાસ (મકાનના માલિક) છે, મધ્યમપદલોપી સમાસ (મકાનમાં રહેવા આવનાર લોકોના માલિક) નથી. આ લેખ વાંચીને પ્રતિભાવ આપવાનું મન થાય, કશો અનુભવ વહેંચવાનું મન થાય, કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય તો જરૂર લખજો પણ જો જવાબ ન મળે તો મને ઘમંડી ન માનશો, વ્યસ્ત તો બિલકુલ ન માનશો. બની શકે કે આ લેખ છપાયા બાદ મારું સરનામું બદલાઈ ગયું હોય !

■

સહદેવ

ભ્રાતા ગયા છે દ્યૂત ખેલવાને,
છે ધર્મ ને અર્જુન, ભીમ, સાથે
કનિષ્ઠ કિન્તુ નકુલેય. આજે
સતી રહ્યાં છે સહદેવ સંગે.
દીસે પ્રિયાનું મુખ આશપૂર્ણ,
જ્ઞાની સખાનું અવ ચિત્ત ક્ષુણ્ણઃ
વસ્ત્રો હરાશે મુજ દ્રૌપદીનાં
નિર્લજ્જ હસ્તે, કુલયોગિનીનાં.
જાણે બધુંયે, રજ ક્હૈ શકે ના.
સંતપ્ત, કાં કે જીરવી શકે ના.
ધિક્કાર હો શાપિત જ્ઞાન જેનાં
જેવાં ભર્યાં હો જલ, વ્હૈ શકે ના.
સ્પર્શ પ્રિયાને કરવા જતો જ્યાં,
દેખંત દુઃશાસન એ નિજાત્મમાં.

– ચુનીલાલ મડિયા, મડિયાનું સમગ્ર પદ્ય, ૭૩

દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-૬ (સાહિત્યવિશેષ : પ્લેટો)

સુમન શાહ

મારી પાસે માત્ર એક જ ભાષા છે, અને એ મારી નથી - I have only one language; it is not mine -- દેરિદા કહે છે. ભાષા સાથેનો એમનો સમ્બન્ધ ગહન છે. એની પ્રતીતિ માટે પ્રારમ્ભ પૅરીસથી નહીં પણ એમના અલ-બિયારના વતનથી કરવો પડે, જ્યાં એમને એક અલ્જીરિયન યહૂદી શિશુ તરીકે શાસકોની ભાષા ફ્રૅન્ચ શીખવી પડેલી. એ પારકી ભાષામાં પૅરીસમાં ભણ્યા-ભણાવ્યું-લખ્યું, પુસ્તકો થયાં, અંગ્રેજીમાં અનુવાદો થયા, અમેરિકન યુનિવર્સિટીઓ સાથે વિદ્યાકીય અનુબન્ધ સ્થપાયો; એ બધી ઘટનાઓને કારણે બીજી પારકી ભાષા અંગ્રેજી સાથે જોડાવાનું પણ થયું. તેમ છતાં, કારકિર્દી દરમ્યાન દેરિદા ભાષાનાં જ સત્ત્વ/તત્ત્વ શોધતા રહ્યા. ભાષા જ એમના જીવનનું પ્રેરકબળ બની રહી અને એથી જ એમનું સમગ્ર જીવનકાર્ય ઘડાયું.

મને એમ થયેલું કે દેરિદા અને વિઘટનશીલ ફીલસૂફીના વિષયમાં ગાયત્રી ચક્રવર્તી સ્પિવાક વગેરે એમના અનુવાદકો/અર્થઘટનકારોએ અર્થસભર વાતો કરી છે એ વિશે લખું; પણ એ પહેલાં, એમ નક્કી થયું કે ના, દેરિદાના સાહિત્યકલાવિષયક વિચારો અને સંલગ્ન ભાવવિશ્વ વિશે વીગતે લખું, કેમકે મારી/આપણી અપેક્ષાના અગ્ર ક્રમે સાહિત્ય છે.

દેરિદાનાં ફિલસૂફીવિષયક પુસ્તકો પ્રકાશિત થયાં, તેઓ ફિલસૂફ તરીકે સ્થિર થયા, એથી બહુ પહેલાં, એમનો સાહિત્યસૃષ્ટિમાં વિહાર શરૂ થઈ ગયેલો. એમનું બૌદ્ધિક ઘડતર શરૂ થઈ ગયેલું કેમકે એમણે રૂસો કામૂ બર્ગસોઁ સાર્ત્ર નિત્શે જેવા મનીષીઓને વાંચ્યા હતા. કશું દર્શન શરૂ થાય એ પહેલાં એમને સમજાઈ ગયેલું કે સાહિત્ય તો પોતાના ઋતથી જીવે છે; સાહિત્યને ધરવ નથી, એ નથી ઇચ્છતું કે માણસ બધું પામી જાય ને વાતનો છેડો આવે, પૂર્ણ વિરામની એ ના પાડે છે. પરન્તુ સત્તાવિષયક તન્ત્રો ભાષાને તોતડી-બોબડી કરી શકે છે, જ્યાં એ પોતાના જ ભારથી ધ્રૂજવા લાગે છે. એને પરિણામે, અર્થ વિશે જ અવઢવ થવાની. માણસ વિરોધોમાં અટવાયા કરે, એને પોતાની ઓળખ ન પડે, એને થાય કે પોતે છિન્નભિન્ન છે, એવી એક દુઃસાધ્ય સ્થિતિ ઊભી થવાની. દેરિદાએ સાહિત્યના એ વિલક્ષણ સ્વરૂપ સાથે પાનું પાડ્યું છે.

સાહિત્ય રૂપકો વક્રોક્તિઓ અલંકારો સંદિગ્ધ અર્થો અને અર્થઘટનોની શક્યતાઓથી ખીલ્યું હોય છે. આપણે જાણીએ છીએ કે સાહિત્ય સવિશેષે લક્ષણા અને વ્યંજનાથી સૂચવાતા અર્થોની સૃષ્ટિ છે. તત્ત્વદૃષ્ટિ અને સાહિત્યના યોગનું પરિણામ એ આવે છે

કે દેરિદા સાહિત્યકૃતિઓમાં રહેલી સંદિગ્ધતાઓ અને લેખકોની શૈલીના ગૂંચવાડા તેમજ આન્તરવિરોધોને તરત પારખી લે છે. સાહિત્યકૃતિઓમાં ય તેઓને અર્થની તફાવતપરક અને વિલમ્બનને વરેલી પ્રકૃતિ જોવા મળે છે. (અધ્યેતાઓને યાદ આવશે કે આધુનિક ગુજરાતી કવિતા-સાહિત્ય સંદર્ભે અર્થવિલમ્બનના મુદ્દાની સાધકબાધક ચર્ચા થઈ હતી.)

મુખ્ય વાત એ કે વિઘટન માટે તેઓ વિજ્ઞાન કે કાયદાશાસ્ત્રની તુલનામાં સાહિત્યને વિશિષ્ટ મહત્તા ધરાવતી ભૂમિ -site- ગણે છે. વિશિષ્ટ મહત્તા એ કારણે કે સાહિત્ય ઊંડી સૂઝ અને વિશદ સમજ માટેનો દૃષ્ટિદોર પૂરો પાડે છે. આપણે જોઈ શકીએ છીએ કે દેરિદાને મન સાહિત્ય માત્રફિલસૂફીવિષયક વિશ્લેષણનું વસ્તુ નથી બલકે સાહિત્યને એમણે ફિલસૂફીની વિભાવનાઓના અનોખી ઢબના પ્રાગટ્ય માટે તેમજ લાક્ષણિક પ્રકારના સમર્થન માટેની ભૂમિકા રૂપે ઘટાવ્યું છે, અને એ ભૂમિકાનો કારકિર્દી દરમ્યાન ભરપૂર વિનિયોગ કર્યો છે.

જાણીતું છે કે ભાષા અમુક સાહિત્યકૃતિઓમાં એકમેવ નિશ્ચિત અર્થનો કેવો તો પ્રતિકાર કરતી હોય છે. એથી અનિર્ણયનીયતા, દેરિદા જેને ભાષામાત્રનું પાયાનું લક્ષણ ગણે છે, તે undecidability, પ્રકાશિત થાય છે. દેરિદા માને છે કે ‘અનિર્ણયનીય’ આપણને હમેશાં ડરાવી દેતું હોય છે. સાહિત્યમાં કે જીવનમાં કંઈપણ અનિર્ણયનીય વરતાય એ દેરિદા માટે શોધખોળનો મામલો બની જતો જણાય છે. તેઓ સૂચવે છે કે અનિર્ણયનીયને વિશે પ્રતિભાવાત્મક રહીએ, તે નૈતિક કહેવાશે. એમનું મન્તવ્ય રહ્યું છે કે સાહિત્યેતર ક્ષેત્રોમાં અનિર્ણયનીયને કાં તો દબાવી અથવા છુપાવી દેવાય છે. તેઓ માને છે કે એ વર્તનના ‘પ્રકાશન’ માટે સાહિત્ય વડે થતા રહેતા વિચારવિમર્શ ઘણા ઉપકારક નીવડતા હોય છે.

દેરિદાનું સુખ્યાત વિધાન there is nothing outside the text, ટૅક્સ્ટ બહાર કશું નથી; તાત્પર્ય, આખું વિશ્વ એક ટૅક્સ્ટ છે. એ વિધાનથી તેઓ પુસ્તકો બહારના વિશ્વને નકારતા નથી, ઊલટું, એમણે દર્શાવ્યું છે કે વિશ્વની તમામ વાસ્તવિકતાઓ વ્યાપક અર્થમાં textual છે. એમાં ભાષા અને અર્થઘટનની મધ્યસ્થી અથવા દરમ્યાનગીરીએ ખાસ્સો ભાગ ભજવ્યો હોય છે. કેમકે ભાષા સત્યનું પારદર્શક વાહન (હું ‘પારણું’ કહીશ) નથી પણ જીવન્ત કહી શકાય એવું સંરચના-બળ છે. સાહિત્ય સંદર્ભે આ મુદ્દો વધારે સ્પષ્ટ થાય છે કેમકે સાહિત્ય પોતે જ પોતાની textual પ્રકૃતિ દર્શાવી દેતું હોય છે. સાહિત્યકૃતિ ચોખ્ખું સૂચવે છે કે અર્થ પૂર્વવર્તી વાસ્તવિકતાનું પ્રતિબિમ્બ નથી, અર્થ હમેશાં સાહિત્યમાં ય સંજ્ઞાઓની લીલાથી સંઘટ્ટિત થયા હોય છે. એટલે દેરિદા માને છે કે સાહિત્ય સમેતની તમામ માનવ-સંઘટ્ટનાઓને texts ગણવી જોઈએ અને દરેકનું વિઘટનની સિદ્ધાન્તસરણીએ વિશ્લેષણ કરવું જોઈએ.

આ કારણે દેરિદાએ ફિલસૂફી અને સાહિત્ય વચ્ચેના લોક-ખ્યાત ભેદને પડકાર્યો છે. એમણે કહ્યું છે કે ફિલસૂફી વિશેનાં લેખનો પણ સાહિત્યિક હોય છે, એમાં પણ અલંકારો હોય છે અને તે પણ બહુવિધ અર્થઘટનો માટે ખુલ્લાં હોય છે. તેઓએ એ પણ બતાવ્યું છે કે સાહિત્યકૃતિઓ પણ ફિલસૂફીપરક ગમ્ભીર પ્રશ્નો ઊભા કરતી હોય છે. એમનું મન્તવ્ય છે કે ફિલસૂફી અને સાહિત્યની સરહદો કેટલીયે વાર એકમેકમાં ભળી જતી હોય છે. એમનું સૂચન છે કે અધ્યેતાએ એ સીમાલોપને હમેશાં ધ્યાનમાં લેવો જોઈશે.

આ વાતોના અનુસન્ધાનમાં મને થયું કે સાહિત્યકૃતિઓનાં દેરિદાએ પોતે કરેલાં વિઘટનશીલ વિશ્લેષણોને આપણે જાણવાં જોઈએ. એ હેતુથી આ અને અનુવર્તી લેખોમાં હું વિઘટનકાર દેરિદાને રજૂ કરીશ.

દેરિદાને પશ્ચિમની પરમ્પરામાં લેખનની તુલનામાં વાણીને વિશેષ મહત્તા અને વિશેષાધિકાર આપતું મન્તવ્ય સૌથી વધુ ચર્ચાસ્પદ લાગ્યું છે. સૉક્રેટિસ અને પ્લેટોથી માંડીને કહો કે speech act theoryના પુરસ્કારક જે. એલ. ઑસ્ટિન સુધીના ચિન્તકો વડે એ મન્તવ્ય સુદૃઢ થયું છે. એ ભિન્ન દીસતા છતાં એક-ના-એક મન્તવ્યનું દેરિદાએ વિઘટન કર્યું છે. હું સૉક્રેટિસ-પ્લેટો વિષયમાં વિસ્તારથી કહું એ પહેલાં એક નોંધ કરી લઉં કે આ મહામનાઓ શું કહે છેઃ

ઍરિસ્ટોટલ વાણીને તર્કશુદ્ધ અને લેખનને સાધિત ગણે છે. રૂસો લેખનને કુદરતી વાણીની પૂર્તિ ગણે છે, અને સૂચવે છે કે લેખનથી વિકૃતિઓ સરજાય છે. સૉસ્યૂર વાણીની તુલનામાં લેખનને દ્વૈતીયિક અથવા ગૌણ ગણે છે. લેવિ-સ્ટ્રૌસ મિથ અને વાણીને પરથમ-પહેલી સાંસ્કૃતિક અભિવ્યક્તિનો દરજ્જો આપે છે. હ્યુસેર્લ અંદરના અવાજને શુદ્ધ ઉપસ્થિતિ ગણે છે. ઑસ્ટિન વાક્-ક્રિયાઓમાં જ કોઈપણ રજૂઆતને આકારિત થતી જુએ છે.

આ મુદ્દા અનુષંગે દેરિદાએ Of Grammatologyના Part I: Writing Before the Letterમાં સૉસ્યૂરના ભાષાવિજ્ઞાનની સમીક્ષા કરી છે અને Part II: Nature, Culture, Writingમાં રૂસોના કેટલાક સિદ્ધાન્તોની ચર્ચા કરી છે, એ વિશે વધારે કહેવું મને જરૂરી લાગ્યું છે.

સૉસ્યૂર સંરચનાવાદી ભાષાવિજ્ઞાનના પિતા કહેવાય છે. તેમ છતાં, માને છે કે વાણી વિશેષાધિકાર ધરાવે છે અને કહે છે કે અર્થ માટે વાણી સદા હાજર હોય છે, જ્યારે લેખન તો વાણીની માત્ર પૂર્તિ છે, માત્ર રજૂઆત કે માત્ર ચિત્ર. ખરી ભાષાથી લેખન એક ડગલું દૂર છે. વાણીને વિશેષઅધિકૃત ગણનારા આ મન્તવ્યને દેરિદા phonocentrism -ધ્વનિકેન્દ્રી- કહે છે. એમાં માન્યતા પ્રવર્તે છે કે અર્થ બોલનારના અવાજથી અથવા દૈવી શબ્દથી કે પરમ સત્યથી શરૂ થાય છે. લેખનને વાણીની પૂર્તિ ગણતા સૉસ્યૂરના વિચારનું વિઘટન કરતાં દેરિદા જણાવે છે કે પૂર્તિ ઉમેરણ નથી પણ વાણીની અધૂરપને દૂર કરનારું પરિબળ છે; સૉસ્યૂર કહે છે એમ લિખિત શબ્દો ચિત્રો નથી પણ પોતાની રીતે સંકેતાર્થો આપતાં પ્રતીકો છે; સૉસ્યૂરે સંકેતક-સંકેતિત વચ્ચેના સમ્બન્ધને યાદચ્છિક લેખ્યો છે - ગાય શબ્દ = ગાય પ્રાણી, એમ માનવીય યદચ્છાથી, મરજીથી, નક્કી થયું છે. દેરિદા ઉમેરે છે કે આ યદચ્છા અને તેથી ઊભી થયેલી રૂઢિ એ જ સૂચવે છે કે વાણીને ચડિયાતી ગણીએ છીએ એ વિચાર ઉચિત નથી.

દેરિદા ઉમેરે છે કે ભાષામાં લેખન હમેશાં કાર્યકર હોય છે, વાણીગત વ્યવહાર હોય ત્યારે પણ. દેરિદાને મન ભાષાની કોઈપણ શક્યતા archi-writing પર આધારિત હોય છે. ગુજરાતીમાં એને આદિ-લિપિ કહેવાશે; લેખનની યે પહેલાંનું લેખન, એટલે કે, મૂળેરું નિશાન, ભાષાના ઉદ્ભવ પહેલાંના સંકેતો; વાણી અને લેખન બેયની પૂર્વેના différanceની સંરચના.

દેરિદાએ રૂસોના Essay on the Origin of Languages and Confessionsની ચર્ચા માટે ઘણાં પૃષ્ઠ ફાળવ્યાં છે. રૂસો માને છે કે ભાષાનું કુદરતી

મૂળ વાણી છે. વાણી પારદર્શક છે તેમજ વિચારો અને ભાવો સાથે સીધી જોડાઈ જાય છે. વાણી પૂર્ણતયા ઉપસ્થિત હોય છે, એને લીધે અર્થ તુરન્ત ગ્રાહ્ય બને છે. લેખન એથી ઊલટું છે. લેખન કૃત્રિમ છે, વાણીની સાધિત રજૂઆત છે. લેખન વાણીની ભયાવહ પૂર્તિ પણ છે કેમકે એથી માણસની ખરી સ્થિતિ નબળી પડી જાય છે.

દેરિદા દર્શાવે છે કે રૂસોની પોતાની કૃતિએ પૂર્તિનો આધાર લીધો છે! વાણી પૂર્ણ હોત તો લખવાની જરૂરત ન પડી હોત. એ અધૂરી છે એ કારણે લેખન વડે એની પૂર્તિ થઈ છે. પૂર્તિ થઈ એથી સૂચવાયું કે વાણી સ્વયંપર્યાપ્ત નથી. રૂસોની કૃતિ Confessions પોતે ખરેખર શું છે એ વિશ્વને દર્શાવવા માટેનું આત્મકથન છે. પરન્તુ દેરિદા જણાવે છે કે આત્મકથનાત્મક લેખન કર્તાની ઉપસ્થિતિ વિનાનું નથી હોતું, જ્યારે લખાયેલો શબ્દ પોતાની પ્રકૃતિએ કરીને કર્તાની અનુપસ્થિતિ સૂચવતો હોય છે – રૂસો ક્યાં વાચક સમક્ષ હોય છે? હકીકત એ છે કે જે કંઈ અર્થ રૂપે અવગત થાય છે એ તફાવતોની પદ્ધતિને આધારે હોય છે.

આમ, રૂસોની Confessions સહિતની કૃતિઓને વિઘટનશીલ વિશ્લેષણ માટેના case studies ગણી શકાય. એમાં વાણી/લેખનના વિરોધી દ્વૈતની માની લીધેલી નિશ્ચિતિ તૂટે છે; એમ પણ સૂચવાય છે કે લેખન ભયાવહ પૂર્તિ નથી, એથી વિકૃતિઓ નથી સરજાતી, પણ ભાષા અને અર્થની અન્તર્નિહિત સ્થિતિ પ્રકાશિત થાય છે. દેરિદા સૂચવે છે કે એ બધાં ગર્ભિત વાનાં રૂસો ભાળી શક્યા નથી, કહે છે કે, Rousseau says without saying, sees without seeing; these implications.

સૉક્રેટિસ-પ્લેટોનાં મન્તવ્યોની ચર્ચા માટે દેરિદાના Dissemination પુસ્તક પાસે પ્હોંચી જવું મને વધારે જરૂરી લાગ્યું છે. મેં Disseminationને પુસ્તક કહ્યું એ તો ઠીક પરન્તુ હું એને લેખોનો સંગ્રહ કે સળંગસૂત્ર ગ્રન્થ નથી કહી શકતો. કેમકે એમાં Plato's Pharmacy એક ખણ્ડ છે, અન્ય વિષયમુદ્દાઓ વિશે જુદા જુદા ખણ્ડોમાં વિવિધ લેખનો છે. એ જુદી વાત છે કે સગવડ ખાતર એ દરેક ખણ્ડને પ્રકરણ કહેવાય છે.

Plato's Pharmacy:

370 BCE આસપાસ લખાયેલા પ્લેટોના Phaedrusમાં સૉક્રેટિસ અને ઍથેન્સવાસી યુવક ફીડ્રસ વચ્ચે થયેલા સંવાદનું નિરૂપણ છે. બન્ને જણા નગરની બહાર ફરતા ફરતા વાતો કરતા હોય છે. પ્રેમ વાગ્કલા આત્મા ગાંડપણ સત્ય અને લેખનપરક નીતિ વગેરે વગેરે વિષયો, બદલાતા રહે છે. સવાલ ઊભો થાય છે કે વાણી સુગમ શી રીતે બનતી હોય છે. સૉક્રેટિસનો જવાબ હોય છે કે ચતુરાઈથી નહીં પણ આત્માના જ્ઞાનને પ્રતાપે સુગમતા સંભવે છે.

આ વિષયમાં સૉક્રેટિસ ઇજિપ્તની એક પુરાણકથા સંભળાવે છેઃ દેવ થિયુથ રાજા થામુસને 'લેખન' નામની ભેટ આપે છે, કહે છે કે એથી તારી અને તારી પ્રજાની સ્મૃતિ અને ડહાપણ બન્ને ખીલશે. થામુસ નથી સ્વીકારતો, કહે છે કે લોકો પોતાની યાદદાસ્ત પર ભરોસો રાખવાને બદલે લેખન પર એટલે કે લખાયેલા સંકેતો પર ભરોસો કરવા માંડે, એને પરિણામે ભૂલકણા થઈ જાય. પણ દેવ થિયુથ તો લેખનને સ્મૃતિ અને ડહાપણ

બન્ને માટે ઉપકારક ગણે છે. સૉક્રેટિસ આ કથા વડે લેખનની સમીક્ષા કરતાં જણાવે છે કે વાણી જ બરાબર કહેવાય કેમકે પરસ્પરના સંવાદથી વિકસે, લિખિત તો વ્યર્થ નીવડે.

થિયુથ માટે લેખન ઉપકારક અને થામુસ માટે અનુપકારક – એક માટે ભેટ, બીજા માટે જોખમ. દેરિદા ચર્ચા માટે ગ્રીક શબ્દ pharmakonનો વિનિયોગ કરે છે. એ શબ્દના એક સાથે બે વિરુદ્ધ અર્થ થાય છે, remedy અને poision – ઔષધ અને વિષ. આ શબ્દનો પ્લેટો વિષ એવો એક જ અર્થ નક્કી કરે છે, દેરિદા ઉમેરે છે કે એ રીતે પ્લેટો અર્થની અનિર્ણયનીયતા અને ભાષાની અસ્થિરતાને છુપાવવા જાય છે, પણ એ ચેષ્ટા પોતે જ બધું પ્રકાશિત કરી દે છે; કારણ કે પ્લેટો લેખનનો વિરોધ કરે છે પણ એ વિરોધ તો લખીને કરે છે!

પ્લેટોએ વાણીથી થતા વિચારવિમર્શનું હમેશાં સમર્થન કર્યું છે. એટલે સુધી કે વાણીને સત્યની શોધ માટેનો ચડિયાતો માર્ગ ગણ્યો છે. પ્લેટો કહે છે કે ઉચ્ચારાયેલા શબ્દો વક્તા અને શ્રોતા વચ્ચે જીવન્ત થઈ જતા હોય છે, 'આત્મામાં ઉત્કીર્ણ' થઈ જતા હોય છે, જ્યારે, લેખન તો જીવન્ત વાણીની નકલ છે, એક મૃત ચીજ છે. પ્લેટો કહે છે કે 'બાપ વિનાના સન્તાન જેવું' લેખન પોતાની રક્ષા નથી કરી શકતું, પ્રશ્નોના ઉત્તરો નથી આપી શકતું તેમજ યોગ્ય અને અયોગ્ય વાચકો કયા, તે પારખી નથી શકતું. પ્લેટો લેખનને ભયાવહ કહે છે કેમકે એથી સ્મૃતિ અને સત્ય નબળાં પડી જાય છે.

દેરિદા જુદું કહે છે કે લેખન વાણી માટે આવશ્યક પૂર્તિ છે. તેઓ દર્શાવે છે કે પૂર્ણમાં ઉમેરણ તે પૂર્તિ. પણ પૂર્તિ થવા માંડે એ દરમ્યાન સમજાય કે જે પૂર્ણ દીસતું હતું તે પૂર્ણ નથી, એમાં તો તિરાડો છે, ખાલી જગ્યાઓ છે, બલકે કેટલાંક સ્થાનો તો ટેકો માગી રહ્યાં છે. એ કારણે પૂર્તિની ભૂમિકા બદલાય – એ માત્રઉમેરો ન રહે અથવા ઉમેરો કરતાં કરતાં બધું બદલવા માંડે. બદલાવ એટલો બધો થાય કે પહેલાં શું હતું તેની યાદ પણ ન રહે. સાર એ કે સ્મૃતિ લપસણી વસ્તુ છે અને પૂર્ણ રૂપે કદીયે હોતી નથી. સ્મૃતિમાં લેખનથી ઉમેરણ ન થયું પણ સ્મૃતિમાં જે અભાવ હતો તે લેખનને કારણે ન રહ્યો. પૂર્તિ સ્મૃતિની બીજી આવૃત્તિ બની ગઈ. એટલે, સ્મૃતિ નહીં, પણ આ બીજી આવૃત્તિ મહત્ત્વની છે. દેરિદા ઉમેરે છે કે આપણને ફરજ પડે છે કે આપણે એને ધ્યાનમાં લઈએ.

તેઓ કહે છે કે જેને લેખન ગણીએ છીએ એ કક્કો-બારાખડી નથી પણ ભાષાનો પાયો છે. ભાષા વાણીરૂપે હોય કે લેખનરૂપે, એમાં અર્થ હમેશાં તફાવત વિલમ્બન અને નિશાનોની આન્તરલીલાથી જ પ્રગટે છે. એટલે લેખન દ્વૈતીયિક નથી કેમકે જે લક્ષણોને આપણે મહત્તા અર્પીએ છીએ, અને પ્લેટો જેની ટીકા કરે છે, એ લક્ષણોથી તો ભાષા કાર્યકર થઈ શકે છે.

એ કારણે દેરિદા પણ પૂર્તિને ભયાવહ કહે છે. કેમકે પૂર્ણ સ્વયંપર્યાપ્ત અને સ્થિર છે એ પરમ્પરાગત વિચાર પૂર્તિથી હચમચી જાય છે. તેઓ એમ પણ દર્શાવે છે કે સ્મૃતિ કે સત્ય જેવી વિભાવનાઓનું સંઘટ્ટન પણ ભાષા દ્વારા થયેલું છે. તેઓ એટલે લગી કહે છે કે લેખન, પૂર્તિરૂપ લેખન પણ, ભાષા અને સ્મૃતિમાં સદાસર્વદા હાજર એવી પતનશીલતાને -fallennessને- પ્રતિબિમ્બિત કરે છે.

એ ભૂમિકાએ સત્ય અને સ્મૃતિ વિશેના પ્લેટોના ખયાલને દેરિદાએ પડકાર્યો છે. એમણે દર્શાવ્યું છે કે લેખન સત્યને નથી જાળવતું બલકે લેખનમાત્ર જિવાતી સ્મૃતિનો પર્યાય બની રહે છે. ભાષા અને લેખન જેવા બાહ્ય સંકેતો પરનો ભરોસો શું સૂચવે છે? એ જ કે સત્ય કદી છેવટ લગી સ્વનિર્ભર નથી રહી શકતું, એને હમેશાં મધ્યસ્થીની જરૂર પડે છે, કેમકે એ અસ્થિર છે.

વાણીય સંવાદો દ્વારા સત્ય શોધવાની પ્લેટોની રીત મધ્યસ્થીના સકંજાથી છટકી શકે શી રીતે? કેમકે સંવાદને ય ભાષાની જરૂર પડે છે, અને ભાષા સંદિગ્ધતાઓ અને વિલમ્બનોથી જ સ્વનામધન્ય થતી હોય છે. દેરિદા સરસ કહે છે કે જે ઉપકરણોથી આપણે સત્યની અભિવ્યક્તિ કરીએ છીએ એનાથી જ એ હમેશાં સરકી જતું હોય છે.

વિશેષ વાચન માટે સૂચિ :

Derrida, Jacques. Dissemination. Translated by Barbara Johnson, University of Chicago Press, 1981.

■

વ્હેણ

ઢળી શી આ આંખો નિમીલિત દંગે મુગ્ધ નમણી—
ઉઘાડી અર્ધી છો — હૃદય હરખે મીટ બમણી!
કપોલાકાશે શી તગતગ ઝગે છે અબલકા
—કલેન્દુ ઊગ્યો હ્યાં નવજનમની બંકિમ કલા!
ભલે ના ભ્રૂભંગો, નયનવીજ છો ના ઝબકતી,
મદીલી મસ્તીના અગનતણખાયે ઠલવતી.
અજાણ્યાં એનાથી પ્રણયજગનાં સર્વ ભવનો,
ઉકેલી જાણે ના હૃદયલિપિના ગૂઢ મરમો.
ખરે, એ સદ્ભાગી : અનુભવ નહિ ક્રૂર જગના
મહા પીડા, વ્રીડા, હૃદયજગવેવાર વસમા,
છતાં ધીમે ધીમે વિકસિત થશે રેખ બીજની
પ્રકાશી રહેશે એ પરિપૂરણ ચંદા પૂનમની;
અને ધીમે ધીમે, ઘટતી ઘટતી ક્ષીણ થતી એ
અમાવાસ્યા માંહે વિલીન બનશે : વ્હેણ વસમું!

- ચુનીલાલ મડિયા, મડિયાનું સમગ્ર પદ્ય, ૭૮

(સમર્થ સમકાલીન સર્જક)સતીશ વ્યાસનાં એકાંકીઓ : જાતે બનાવેલ–કાલ્પનિક–પ્રશ્નપત્રના વાસ્તવિક જવાબો

મહેન્દ્રસિંહ પરમાર

ગુજરાતી વિભાગ ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાતી સાહિત્ય પરિષદનો પરિસંવાદ
બેઠક : બીજી, કુલ ગુણ : બાવીશ એકાંકીમાંથી !, વક્તવ્ય : છેલ્લું.
સમય : શક્ય તેટલું ટૂંકમાં લખવું • ગમે તે પાંચ પ્રશ્નોના જવાબ આપો.

ગુરુભ્યો નમઃ અવળકંધીમાતાની કૃપા જય વ્યાસજી !

નોંધ : ગમે તે પાંચ જવાબો તપાસવા. દસેદસના જવાબ લખ્યા છે. જવાબને આધારે પ્રશ્ન ઉકેલી લેવા વિનંતી !

જવાબ ૧ : સતીશ વ્યાસનો પ્રથમ એકાંકી સંગ્રહ નો પાર્કિંગ ૧૯૮૪માં. બાર વર્ષ પછી બીજો સંગ્રહ મળ્યો. તીડ – ૧૯૯૬માં. વીસ વર્ષ પછી ત્રીજો સંગ્રહ : પૂતળીબાઈ ૨૦૧૬માં. વચ્ચેના સમયમાં એમણે લખેલાં દીર્ઘ નાટકો વિશે શ્રી મહેશ ચંપકલાલે ઓપનિંગ બૅટિંગ કર્યું છે એટલે અત્રે માત્ર નિર્દેશ. ૧૯૮૪થી આજ સુધીમાં બાવીસ એકાંકીઓ. આ આંકડાઓનું અર્થઘટન શક્ય તેટલું ટૂંકમાં લખવાનું હોવાથી કરેલ નથી !

જવાબ ૨ : ગુજરાતી એકાંકી, યશવંત પંડ્યા અને બચુભાઈ ઉમરવાડિયાનાં બે મૉડલ પછી દલાલ અને ઉમાશંકર પાસે થઈને લા. ઠા., ચિનુ મોદી અને પછી સતીશ વ્યાસ પાસે પહોંચ્યા. આધુનિકોત્તર એકાંકીઓનો આકંઠ સાબરમતી પછીનો પ્રવાહ નખશિખ એકાંકીનો અનુભવ કરાવનારાં ‘હુકમ માલિક’(ચિનુ મોદી), ‘અશ્વત્થામા’(મધુરાય), ‘હું પશલો છું’(ઇન્દુ પુવાર), ‘ડીમલાઇટ’(રઘુવીર ચૌધરી), ‘ટેલિફોન’(હસમુખ બારાડી), ‘વૃક્ષ’(લા.ઠા.)માં સતીશ વ્યાસનો વારસો શોભે છે. નાટ્યગુણ અને વ્યંજનાગુણની યુતિથી આ નાટકો ગુજરાતી ભાષાનાં યાદગાર એકાંકીઓ બન્યાં છે.

જવાબ ૩ : એમનાં એકાંકીઓ શાળા – મહાશાળા – વિશ્વવિદ્યાલયની યુવક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી લખાયાં છે. એ પોતે પણ ગુજરાતી એકાંકીના વિકાસમાં યુવક મહોત્સવો અને નાટ્યસ્પર્ધાઓને મહત્ત્વનું પરિબળ ગણતા આવ્યા છે. વ્યાપક વાંચન, રંગમંચ અંગેનું અધિકૃત જ્ઞાન અને મૌલિક સર્જકતા એમનાં એકાંકી લેખનનાં ઘડતરબળો ગણી શકાય. ઈકોફ્રેન્ડલી ગણપતિ હોય છે તેમ એમનાં નાટકો થિયેટરફ્રેન્ડલી કહી શકાય ! દિગ્દર્શક અને ભજવનારાંઓને પૂરતો અવકાશ આપવાની લવચીકતા એમનાં એકાંકીલેખનનો મહત્ત્વનો ગુણ છે. જવાબ ૮માં એનાં વિશે સોદાહરણ વાત કરવાનો પ્રયત્ન થશે.

જવાબ ૪ : સતીશ વ્યાસનાં એકાંકીઓનાં ભાવવિશ્વ અંગે સાધક-બાધક ચર્ચાઓ કરો એવા ઘસાઈ ગયેલા સવાલો પૂછવાનું હવે બંધ કરવું જોઈએ એવું આપને નથી લાગતું સાહેબ? સાધક કહેતાં 'સાધના કરનાર' અને બાધક કહેતાં 'બાધનાર' એવો પ્રચ્છન્ન ભાવ એમાં વંચાય છે. પણ તેમ છતાં, એમનાં એકાંકીઓનાં ભાવવિશ્વ અંગે એવું કહી શકાય કે વિષયોનું ખાસ્સું વૈવિધ્ય એમાં છે. સ્ત્રી-પુરુષ સંબંધ, દામ્પત્ય, પ્રેમ, અસ્તિત્વપરક સંવેદનશીલતા, નગરજીવનની ભીંસ, ગ્રામજીવનની વાસ્તવિકતાઓ, સામાજિક પ્રશ્નો જેવા વ્યાપક વિષયો નાટ્યક્ષમ બનીને અહીં આવરી લેવાયા છે. વિમર્શની પરિભાષામાં કહીએ તો નારી વિમર્શ, (કામરું, પૂતળીબાઈ વ.), નગર વિમર્શ (કેબિનની અંદરનો માણસ, બારી, અમે અહીંથી નહીં જઈએ, નો પાર્કિંગ), પ્રેમ-દામ્પત્ય વિમર્શ (ઠાલાં દીધાં છે મેં તો બારણાં, અમલ, એંધાણી, અવકાશ, નેજવાંની છાંય તળે) જેવાં એકાંકીઓ એ વિષયને જુદાં જ પરિપ્રેક્ષ્યથી સ્પર્શે છે. 'કાપણી' અને 'તીડ' સામાજિક વાસ્તવ અને સમકાલીન સમસ્યાઓને તાકે છે. અહીં તો વિષયોને આમ બાંધીને મૂકવાનું સાધકકર્મ કરવાનું હતું. પણ આ એકાંકીઓ વિષયોની સરહદોમાં રસપ્રદ આવન-જાવન કરે છે. વેર વાળવા માટે માએ વિષ પાઈને મોટી કરેલી વિષુ (એકાંકી 'અમલ') પોતાનું અવતારકૃત્ય જાણે એ પહેલાં તો રાજકુમારના પ્રેમમાં પડી ચૂકી છે. માતાના સ્વપ્ન સામે પોતાના પ્રેમનો પ્રાસાદ ડગમગતો જોઈને વિષુ કહે છે;

'ઓહ આ કેવી શૃંગાપત્તિ? હવે ન તો હું એને સ્પર્શી શકું ને ન તો ચૂમી શકું! ઓહ મા, તેં આ શું કર્યું? તેં તારી સગી દીકરીના મનોરથો ન જોયા મા? તેં મારી લાગણીઓનો વિચાર સરખો ન કર્યો? તેં.. તેં કેવળ સાધન બનાવી, મા તારા વૈરાગ્નિની? શું હું કેવળ કઠપૂતળી? ના. મા. ના. હું એમ નહીં થવા દઉં....(સતીશ વ્યાસનાં શ્રેષ્ઠ એકાંકી, પૃ. ૪૧, ૪૨)

- સ્નેહ વૈરાગ્નિ પ્રેરિત સાધન ન હોય. આ વિષુનું ડાહપણ.

* સ્ત્રી-પુરુષ સહઅસ્તિત્વ અને પરસ્પરની અનિવાર્ય યુતિને 'કામરુ'માં સરસ એકાંકીરૂપ મળ્યું છે. સ્ત્રીઓના રાજ્યમાં પ્રતિબંધિત 'પુરુષ' સ્ત્રીવેશે જાય અને પછી રચાયું તે નાટ્યવિશ્વ ખૂબ જ રસપ્રદ છે. નિયમો અને પ્રતિજ્ઞાઓને પેલે પાર ધબકી રહેલાં સહજીવનનો મહિમા તેમાં થયો છે. માતૃત્વ માટે તલપાપડ સ્ત્રીઓની સામે પડેલી અને પછી તેને શરણે આવતી કામિની આખરે બધાં બંધનો ઉઠાવે છે. કહે છે; 'આજથી હવે આપણે બધાં જ મુક્ત છીએ... જાઓ જેને જ્યાં જવું હોય ત્યાં બધાં જાઓ. યામિની! લાવ, તારાં બાળકને લાવ, મારી છાતી છલકાય છે. એને મારી છાતીએ લગાડવા માંગું છું. આપીશ મને? આપીશ ને? (સતીશ વ્યાસનાં શ્રેષ્ઠ એકાંકી, પૃ. ૧૯) ચંદ્રવદન મહેતાનું 'ત્રિયારાજ' પણ 'અભ્યાસીઓએ' આ સંદર્ભે જોવું.

* આગળની ચર્ચાનો તંતુ 'તત્ત્વાંતર' એકાંકીમાં જાણે જુદી રીતે લંબાય છે. ત્યાં વિશ્વામિત્ર કહે છે; 'એકલું એકલું ક્યારેય કોઈ પૂર્ણ થયું છે ખરું? હું તો અધૂરો હતો એટલે તપ કરતો હતો. તને (મેનકાને) જોતાં આજે મારી અધૂરપ પૂર્ણ થતી અનુભવું છું.'

તો વળી, આ જ એકાંકીમાં ઉર્વશી કહે છે; 'મનુજ હોવું એટલે પ્રણયી હોવું' .. દેવતાઓ શા માટે મનુષ્યોથી ડરે છે, એની ચર્ચા કરતાં રંભા અને મેનકા કહે છે; 'દેવતાઓ પાસે બધું જ છે પણ નથી તપ, નથી સિદ્ધિ અને નથી પ્રીતિ......એની પાસે

ભોગનાં અનેક શાસ્ત્રો છે, પણ પ્રીતિનો એકેય મંત્ર નથી.' ('શ્રેષ્ઠ એકાંકી', પૃ. ૧૪૬) પ્રીતિ પણ તપ છે – એવાં જીવનસૂત્રો આ એકાંકીમાંથી મળે છે.

* વિષય વિમર્શ લંબાઈ ન જાય એની ચિંતામાં સાહેબ હું 'પૂતળીબાઈ' એકાંકીના વિમર્શ વિશે સંક્ષેપમાં કહું છું. પેલી 'કાષ્ઠપૂતળી' વિષુ અહીં એક આધુનિકા બનીને આવી છે. અને બુદ્ધિમત્તા, એકલતા અને પુરુષ સમૂહોની વચ્ચે પોતાની હાજરી વિશે એણે એકલે હાથે એકાંકીના મહત્ત્વાકાંક્ષી ફલકને સર કર્યું છે. બોલ્ડ ઍન્ડ બ્યૂટીફૂલ! એમાંથી કેટલાક ઉ.ત. અહીં નોંધું છું : ધન્ય! મને આજે મુક્તિનો નવો અર્થ મળે છે પૂતળીબાઈ! જાતે તો રોકી શક્યાં નહીં જાતને ને શેનાં મુક્ત? શરાબનો એકેય ગ્લાસ ત્યાગી શક્યાં નહીં ને શેનાં મુક્ત? ...... સમજાયું આટલાં વર્ષે કે હું આ મુક્તિથી, આ ફ્રીડમથી ઓચાઈ ગઈ છું પૂરેપૂરી....જુઓ કે મારો નવો અવતાર, નવો વેશ કેવો ઊભો થાય છે. જુઓ પૂતળીબાઈનો નવો અવતાર! હવે તો આ નવા અવતારનું ઉછામણ!

* 'નેજવાની છાંય તળે'નાં વયોવૃદ્ધ યુગલનું જીવનવાસ્તવ અને એમણે કરેલા આખરી નિર્ણય આપણને હમણાં આપણા સમાજજીવનમાં ઘટેલી આવી કરુણ નિયતિ– (પ્રોફેસર યોગેન્દ્ર વ્યાસ) – ખળભળાવે છે. 'ઠાલાં દીધાં છે...'નું યુગલ પણ એ રીતે યાદ આવે. પરિસ્થિતિવશ ખાડામાં ભેગું થઈ ગયેલું 'અમે અહીંથી નહીં જઈએ'નું યુગલ પણ!

* 'કાપણી' અને 'તીડ' જેવાં એકાંકીઓ સમકાલીન પ્રશ્નો, વ્યવસ્થાતંત્ર અને માનવવર્તણૂકોનાં ચિત્રો આપે છે. ઉ.ત. વિસ્તારભયે નથી લખતો સાહેબ!

વિષયને વળમાં લઈને એની સંઘર્ષક્ષણોને આદિ, મધ્ય, અંતમાં ગૂંથી લેનારું રચનાકર્મ જ્યાં સિદ્ધ થયું છે એવાં એકાંકીઓમાં 'કામરુ', 'અમે અહીંથી નહીં જઈએ', 'કૅબિનની અંદરનો માણસ', 'ઠાલાં દીધાં છે...', 'અમલ' વિવેચકો જેને 'સંઘેડાઉતાર' કહે છે તેવાં એકાંકીઓ મને લાગ્યાં છે સાહેબ! આપનો અભિપ્રાય જુદો હોઈ શકે! (એક-બે નામ કદાચ હું ચૂકી ગયો હોઉં તો ક્ષમસ્વ! હા, મને કથાનક રજૂ કરવાની રીત તરીકે 'અવકાશ' એકાંકી પણ ગમ્યું છે એટલું તા.ક.)

જવાબ ૫. : પાત્રવિધાન અને પાત્રનિરૂપણની દૃષ્ટિએ સાહેબ એમ કહી શકાય કે એકાંકીઓમાં પાત્રોનું નિર્વહણ, એમનાં વાણી વર્તનો અને અભિનયની ગુંજાઇશ એકાદ – બે પાત્રોની આસપાસ ગૂંથાતાં હોય છે. નાટક જોયા વિના અને નાટક જોયા પછી થનારી આ જવાબની નોંધ જુદી હોઈ શકે. પણ 'કામરુ'ની લવંગિકા, યામિની, કામિની, 'ઠાલાં દીધાં છે'ની સ્ત્રી, 'અમલ'ની વિષુ, 'અમે અહીંથી'નાં યુવક-યુવતી, 'બારી'નાં બે પાત્રો, 'પૂતળીબાઈ'થી માંડીને અનેક વ્યક્તિચિત્રો અને સમૂહ પ્રતિનિધિઓ ક્યાંક વ્યવસાયનાં અને ક્યાંક સંબંધનાં, ક્યાંક અવસ્થાઓનાં, ક્યાંક વ્યક્તિત્વની સંકુલતાનાં, ક્યાંક અરૂઢ વર્તણૂકોનાં, ક્યાંક વિચારધારાનાં, ક્યાંક અનુભવજગતનાં પ્રતિનિધિ બનીને આ પાત્રસૃષ્ટિ રૂપે ઊભરી આવે છે. જુઓ સાહેબ, ઉતાવળમાં હું મંચ પર આવ્યા વિના જ યાદગાર બની ગયેલા 'કૅબિનની અંદરનો માણસ'ના સાહેબને ભૂલી ગયો!

જવાબ ૬. : સ્થળ અને કાળની યોજના અંગે સાહેબ ઘણી વાતો કરવી પડે. એકાંકીનાં સ્વરૂપમાં આ બંને ગુણધર્મોને પ્રતીતિકર બનાવવાનો પડકાર હોય. મંચની ભૌતિકતામાં રહીને ચૈતસિક સ્તરો પર ફરી વળવાનું હોય એટલે સાહેબ એકાંકી લખવા

પણ જેવી તેવી વાત નથી હોતી. સતીશ વ્યાસનાં બાવીસ એકાંકીઓમાં કાર્યસ્થળોનું અને કાર્યકાળોનું ઘણું વૈવિધ્ય છે. 'એકમેવ' છાપ રચવા માટે સમયખંડોને ઘનીભૂત કરવાનાં હોય. દસ વરસથી માંડીને દસ સેકન્ડના સમયખંડોને એકસરખી પ્રતીતિથી આલેખવાના હોય. ઘરનાં અંતરંગ સ્થળો, શેરી, ખેતર, ખાડો, દરિયો, નદી, પહાડ, સ્વર્ગ, પૃથ્વી.. બધે ફરી વળે છે આ એકાંકીની સ્થળ યોજના. 'અમે અહીંથી નહીં જઈએ'નો ખાડો, 'નો પાર્કિંગ'નાં વર્તુળ અને ચોકઠાં, કે 'તત્ત્વાંતર'માં ભૂમિ અને ભૂમિનાં અનુસંધાનો વિશે વાત કરવી ગમે. પણ હું 'બારી'માંથી કેવળ કલ્પનાભૂમિ પર રચાતા સ્થળનું ઉદાહરણ આપું ? 'બારી'માંથી જોતો વિશાલ આંગિકને કહે છે;

'ચંદ્ર અત્યારે કોઈ અતિ પ્રગલ્ભ નારીની જેમ પોતાનું મુખ ખુલ્લું કરીને પ્રકાશી રહ્યો છે. એનું પ્રતિબિંબ પેલા તળાવ પર પડે છે ત્યારે કોઈએ તળાવ પર રૂપેરી અબરખી કિનખાબ પાથરી દીધું હોય એમ લાગે છે. ના, પણ હવે પોયણાં પણ હવે તો બધાં જ ખીલી ચૂક્યાં છે. દૂર ઝૂંપડામાં દીવાઓ ટમટમે છે. ને ટેકરીઓ પણ જાણે હળવા હળવા શ્વાસ ભરતી લહેરાતી હોય એમ લાગે છે.' ('શ્રેષ્ઠ એકાંકી', પૃ.૧૦૧)

બારીમાંથી થતાં આ સ્થળદર્શનો કેવળ કાલ્પનિક અને યોજનાના ભાગરૂપ છે. અને એમાંથી એકાંકીની અંતર્ગત વ્યંજના રચાય છે. એટલે આ વિશિષ્ટ સ્થળનિર્દેશનો દાખલો આવ્યો. 'તત્ત્વાંતર'માં એવી જ પ્રયુક્તિ જળસ્નાન કરતી અપ્સરાને જોઈ રહેલાં 'લોક'ની વાતોમાંથી રચાય છે. 'એંધાણી'માં સમયનો જથ્થો થોડો વધી ગયો છે. મોટા પટને આવરી લેવા માટેની પ્રતીતિ એક પડકાર બને.

જવાબ ૭. : નાટકમાં ભાષા અને નાટકની ભાષા વિશે સતીશ વ્યાસસાહેબનું વક્તવ્ય સાંભળ્યું હતું સાહેબ. સતીશ વ્યાસ એક પણ ચબરખી હાથમાં રાખ્યા વિના અસ્ખલિત વાક્ધારાએ નાટકની ભાષાની વાત કરતા હોય તે સાંભળવાનો લહાવો સાહેબ આ પેપર પૂરું કરું એટલે મળવાનો છે. પણ એક વાર એમણે સહજા, મધ્યમા અને વાગ્મિતા - એમ વાણીનાં ત્રણ સ્તરની વાત કરી હતી. A chair on the stage is a theatre chair - એવું પણ એમણે કહ્યું હતું. એમનાં એકાંકીઓમાં પરિવેશ, કાળ અને પાત્રોનાં સ્તર પ્રમાણેની ભાષાઇબારતો છે. દેશજ ભાષા, નાગરી ભાષા, તત્સમ્ સંસ્કૃતપ્રધાન ભાષા અને વપુવાચા. એમ ચતુર્વિધ સ્તરે એમનાં એકાંકીઓની ભાષા કામ કરે છે. ટૂંકા કાર્યક્ષમ - કાર્યવેધક સંવાદો અને દીર્ઘ એકોક્તિઓ (પૂતળીબાઈ જેવાં - ઉ.ત.) ક્યાંક પ્રાસસાંકળીની ચબરાક યોજનાઓ તો ક્યાંક અંતર-મનને ઉઘાડનારી ઉક્તિઓથી એમનાં એકાંકીઓ સભર છે.

આજની પરીક્ષા પ્રયોગશીલ પરીક્ષા એ રીતે છે કે નવી શિક્ષણનીતિમાં સૂચવાયેલા પરીક્ષાલક્ષી વિકલ્પોમાં એક વિકલ્પ ઓપન બુક એક્ઝામનો છે. તો હું એ માટે શ્રી ચીમન પટેલ દ્વારા સંપાદિત 'સમગ્ર એકાંકી'માંથી ઉદાહરણો ટાંકું છું. સતીશ વ્યાસનો પ્રિય ઉદ્ગાર 'અભિનીત શબ્દ' પણ આમાં સંભળાશે :

જુઓ, 'કામરુ'નો આ સંવાદ. (પૃ.૧૮૨)

- એકાંકીનો સૂર ઉપસાવી આપતાં આ સંવાદો કે વાતચીતમાંથી પાત્ર ઉપસાવતી આ લોકભાષા :

– અલ્યા ઓઢા,આ તારી ઘરવાળી,ભારેની રૂપાળી!

– જાણે ચાંદરણાંનો ઢગલો!

– જાણે દૂધભરી તલાવડી!

– જાણે વીજળીનો ટુકડો!

ઓઢો : હમજાણું ને! (–અને પછી અપ્સરાનું દર્શન!) (પૃ. ૨૫૦)

કે તીડનું સમૂહપદ્ય. : કોઈ કહે કે છે બૅક્ટેરિયલ/કોઈ કહે કે વાઇરલ, કોઈ કહે કે વાઇરલ શીતળા કાળો તાવ, પીળિયો/વિષમ જ્વર કે ફ્લૂ ફેલાશે (સમગ્ર એકાંકી, પૃ. ૨૧૫)

કોરોનાપૂર્વે આપણાં એકાંકીઓમાં આવી ગયેલો આ નિર્દેશ જોઈએ કે ગૂગૂછીછી ન ચાલે! અહીં તો જેવું હોય તેવું દેખાડવાનું. નાટકવાડે તો સહુ સરખાં.' – જેવા પ્રયોગો...

'કાપણી', 'તીડ'માં સમૂહબોલી ભાષા પણ એક અસર રચે છે. પણ 'પૂતળીબાઈ'ની આ અંતિમ ઉક્તિનો એક અંશ : હવે આ બંધન સ્વેચ્છાએ અનિવાર્ય રીતે ધારણ કરો. ધારણ કરો આચારસંહિતા. બંધનમાંયે મુક્તિ હોઈ શકે એનો અનુભવ કરો, બલકે બંધન એ જ મુક્તિ છે એવું કશા જ તર્ક, પ્રશ્ન કે શંકા વિના સ્વીકારી લો પૂતળીબાઈ..! સાવ વિલીન થઈ જાઓ, ગુમનામ થઈ જાઓ, ખોવાઈ જાઓ અને સાચ્ચેસાચ્ચ થઈ જાઓ એક પૂતળી! ઓળખ વિના. (પૃષ્ઠ. ૨૯૫/૨૯૬)

જવાબ ૮. : પ્રશ્ન ત્રણના જવાબ વખતે કહ્યા પ્રમાણે સાહેબશ્રી સતીશ વ્યાસ થિયેટરફ્રૅન્ડલી લેખક છે. 'કાન્ત' વિશેનું નાટક લખનારા લેખક અભિનેતાઓ કંઈ ફેરફાર કરવા ઇચ્છે, નાટકમાં તો દંડો નથી ઉઠાવતા, કલમ ઉઠાવીને ભજવનારાઓને અનુકૂળ ફેરફાર કરી આપે છે, કરવાની છૂટ આપે છે. (એમનાં એકાંકીઓની રંગસૂચનાઓમાંથી એનાં એકબે ઉદાહરણ મૂકું સાહેબ?)

- 'વિશ્વામિત્ર અને ઓઢાની ભૂમિકાઓ યુવતીઓ કરી શકે એવી સગવડ છે.' ('તત્ત્વાંતર')
- આ દશ્ય ટી.વી. ફ્રેમની પ્રયુક્તિથી પણ બતાવી શકાય.
- અંત વખતે ઘાસની કાપણીનું દશ્ય રાખી રંગભૂમિના ચાર ખૂણામાં ચાર દશ્યો ભજવાતાં રાખવાં, એ ચારેય દશ્યો એકબીજાનાં સ્થાન લે તોપણ વાંધો નહીં પણ ઘાસની કાપણીનું દશ્ય વચ્ચે જ રાખવું અનિવાર્ય ('કાપણી')

ભજવણીની શક્યતાઓ અને દિગ્દર્શકની કલ્પનાશીલતાને પૂરતો અવકાશ આપતું આ નાટ્યલેખન છે. કેવળ પ્રકાશ આયોજનથી પાત્ર રચવાની પ્રયુક્તિ 'કૅબિનની અંદરનો માણસ'માં કારગત બની છે. તો આસપાસથી આવતા અવાજોને લઈને પ્રતિભાવ–પ્રતિક્રિયા કરતી પૂતળીબાઈ અને અવાજોનાં વૉલ્યુમનો નાટ્યગત ઉપયોગ સૂચવતી 'સુકર્ણ', યથાસમય પદ્યપંક્તિઓ, ગીતોનો ઉપયોગ કે 'એકલવ્ય'ની પદ્યપ્રયુક્તિ, સમૂહનો અને લીલાનાટ્યની શક્યતાઓનો વિસ્તાર, ભજવાતાં નાટકની પ્રયુક્તિ, એક જ પાત્ર એક કરતાં વધારે પાત્રો ભજવે તેવી સગવડ, મંચનાં ત્રિપરિમાણો અને પ્રેક્ષકગૃહનો પણ નાટક માટે ઉપયોગ – (સાહેબ, ડંકા પડે એટલો સમય થઈ ગયો છે એટલે દા.ત. નથી મૂકતો.)

જવાબ ૯. : મર્યાદાઓ તો હોય જ ને! કેટલાક કીમિયાઓ અને મંચીય ચબરાકીઓ

સળંગ એકાંકી રચના બનતાં અટકી જતી હોય. શિષ્ટ ભાષા અને બોલીના પ્રયોગમાં ક્યાંક શિથિલતા પ્રવર્તતી હોય. પાત્રભાષાના પ્રશ્નો પણ ક્યાંક હોય! તે હોય સાહેબ! બાવીસે બાવીસ ટકોરાબંધ તો ન જ હોય ને!

જવાબ ૧૦. : ઉપસંહાર : સાહેબ સંહાર કરી નાખે એ પૂર્વે એટલું નોંધવાનું કે બત્રીસ વર્ષના સુદીર્ઘ સમયપટમાં ત્રણ એકાંકી સંગ્રહોનાં બાવીસ એકાંકીઓ, અને ડઝનેક પૂર્ણકદનાં નાટકો, એમાંનાં 'કામરું', 'અમે અહીંથી નહીં જઈએ' અને બીજાં પણ કેટલાંક પૂર્ણકદનાં નાટકોનું પ્રારંભિક બિંદુ એકાંકી રહ્યાં. આ બંને રૂપમાં આવન-જાવન અન્ય 'શોધછાત્રો' માટે રસપ્રદ અભ્યાસ બની શકે, તે અવાંતર વાત સાથે, સમાંતર રંગભૂમિ પર સતીશ વ્યાસની સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત હાજરીને લા. ઠા. કહે છે તેવી : 'હમારી સલામ!'

■

દક્ષાને

ભલે સુહૃદ ઊજવો વરસગાંઠ ચોવીસમી!
હશો ઊજવતાં હરેક વરસે જયંતી તમે-
કિશોરવયમાં (હશો અબુધ તોય!), મુગ્ધાવયે
વિશેષ રસથી, યુવાવયમહીં વળી વાત શી
ઉમંગની! છતાંય ચોવીસતણી કથા છે જુદી :
બને વરસગાંઠ આ જીવનના જ સાયુજ્યની!
અવશ્ય અવ ઊજવો અધિક રંગથી પર્વણી
કુમારવયનાં વીતેલ વરસોય તેવીસની.
હશે સપન સામટાં શિશુતણાં, કિશોરીતણાં,
યુવાવય વિશેય સંવનનમાં તમે સેવિયાં;
ફળો સકળ કામના પ્રણયપુષ્ટ દામ્પત્યમાં,
સદાય દગયુગ્મ આપણ રહો જ આનંત્યમાં.
કરો ઉડન આભમાં સતત, સ્વપ્નસેવી સખે!
રસો જીવનબાગ પ્રેમ થકી; કાર્ય-દક્ષા તમે!

– ચુનીલાલ મડિયા, મડિયાનું સમગ્ર પદ્ય, ૮૩

વીજળીના ચમકારે – ૭

દર્શના ધોળકિયા

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે. – (દયારામ)

મધ્યકાળના અંતિમ કવિ દયારામની આ પંક્તિમાં એમનો જીવનભરનો અનુભવ અનુભૂતિમાં, કહો કે દર્શનમાં અભિવ્યક્ત થયો છે.

આજુબાજુના જગતનું નિરીક્ષણ કરતાં કેટલીક વાર સુજ્ઞજનો પણ વિષાદમાં મુકાઈને વિચારતા થઈ જાય એવુંય સમાજમાં બનતું હોય છે. અયોગ્ય વ્યક્તિના હાથમાં સત્તા, કીર્તિ, ધન આવી જતાં હોય છે ને તેથી એવી વ્યક્તિ બેકાબૂ બનીને આ સૌનો ભોગવટો કરતી જોવા મળતી હોય છે. કેટલીક વાર તો આવી વ્યક્તિ પાસે કોઈ તપસ્વી પણ પ્રાપ્ત ન કરી શકે એવી દુર્લભ વ્યક્તિઓ ઉપસ્થિત હોય છે જેનાં ચરણ સેવીને એ ધારે તો સંસારસાગર તરી શકે. દુર્યોધન પાસે યુધિષ્ઠિર, ભીષ્મ, કૃષ્ણ સુધ્ધાં હાજર હતા જ ને! રાવણ પાસે તો રામને ખાસ્સો પ્રવાસ ખેડીને આવવું પડેલું; નાગરો પાસે નરસિંહ હતા; મેવાડ પાસે મીરાં હતી; ને આજે પણ ક્યાંક ને ક્યાંક આવો જણ પોતાનો દીવો અજવાળતો બેઠો જ હોય છે. આવું બધું જોઈને કોઈ પણ બુદ્ધિમાન વ્યક્તિ નાસીપાસ થઈ જાય. ઉત્તમ લોકો જેના માટે તરસતા હોય એ સઘળું લાયક ન હોય એવી વ્યક્તિની સેવામાં હાજર હોય છે. પરિણામે શાણા લોકોનું ચિત્ત વિષાદથી ભરાઈ જાય છે.

પોતાનાં ભક્તિ અને જ્ઞાનને અજવાળે દર્શન પ્રાપ્ત કરીને માનવગુરુ બનવા સમક્ષ થયેલા દયારામે વિષાદયુકત બનેલા સુજ્ઞજનોને ઠારતાં કહેલી આ પંક્તિ તેમને શાતા આપે તેવી છે. દયારામને મતે આવા લોકોને ઉત્તમોત્તમ વસ્તુની પ્રાપ્તિ થઈ તોય શું? આવા લોકો તો મંદ છે, અભાગી છે. કોનાં ચરણ પોતાને મળ્યાં છે એનું એમને ભાન નથી. સમજણના નામનું એમણે નાહી નાખ્યું છે. એક રીતે જોવા જઈએ તો આવા લોક પર ઊતરેલી આ કુદરતની અવકૃપા છે, અભિશાપ છે. આપણી સમક્ષ સૂર્ય ઊગે છતાં આપણને દેખાય નહીં એનાથી વધારે દુર્ભાગ્ય બીજું કયું હોઈ શકે?

લગભગ દરેક સમયનો સમાજ એના ઉત્તમ સમકાલીનોને કદી પ્રમાણી શક્યો નથી, એટલું જ નહીં, એના ઉત્તમાંશોને દાટી દેવા એણે ભારે મથામણ કરી છે, જહેમત ઉઠાવી છે ને આવા મંદો એમાં નાસીપાસ થયા છે. જિસસને શૂળીએ ચઢાવતા મંદપ્રાણ લોકો એ ભૂલી ગયા છે કે મૃત્યુ તો તેઓ પામી રહ્યા છે, જિસસ તો જીવતા જ રહેવાના છે. શૂળીએ ચઢતા જિસસને આ વાતનું પૂરું સ્મરણ છે. તેથી જ તેમણે એ ક્ષણે પણ આવા

મૂર્છિત લોકોને ક્ષમા આપી છે. આ ક્ષણે ઈસુ લોકોની આ મંદતાને નિરીક્ષીને ચૂપ રહ્યા છે, એના દુર્ભાગ્ય પર રડ્યા છે ને તેથી જ તેમને પ્રબોધવામાં તેમને જરાય રસ નથી.

દયારામને મતે જેની પાસે સાધનાનું બળ છે, તપસ્યાથી પ્રાપ્ત કરેલો અધિકાર છે એ જ વ્યક્તિ મુક્તિનું મોતી પ્રાપ્ત કરીને પરમહંસત્વ પ્રાપ્ત કરી શકે છે. બાકીના લોક બગલા જેવા છે. પાસે પડેલાં મોતી પરત્વે તેઓ અંધ છે. માત્ર મુક્તિ જ નહીં, જીવનની કોઈ પણ બાબતમાં આ વાત સત્ય ઠરે છે મુક્તિ તો અંતિમ ઘટના છે. જીવનની ચારેબાજુ ફેલાયેલું સૌદર્ય, મનુષ્યને મળતાં નાનાં નાનાં સદ્ભાગ્યો, રૂપ, ધન, પરિવાર – આ સઘળાંના સંદર્ભમાં દયારામનું આ કથન સાચું ઠરે છે.

કોઈ પણ કાળે દયારામની આ પંક્તિ 'શિલા લિખિતમક્ષરમ્' બની રહે એવી છે. નીરક્ષીર વિવેક ધરાવતા લોકો તો હંમેશાં અલ્પસંખ્ય જ રહેવાના. બાકીનું લોક પસંદગીમાં થાપ ખાઈને વિખેરાઈ જવાનું. દયારામે અહીં માર્મિક રીતે અધિકારીલોકનું ગૌરવ કરીને અનધિકારીઓને ખસેડી નાખ્યા છે. તેમાં સામૂહિકતા સમાયેલી હોઈ, વ્યક્તિગત અવમાનનાનો એમાં અંશ પણ નથી. દયારામની એ સાધુતા છે.

પ્રસ્તુત પંક્તિમાં બોધ નહીં પણ દર્શન છે – એક જ્ઞાની ભકતની પારદર્શી ચેતનામાંથી પ્રગટેલું.

■

કૉલેજના મૅગેઝિનમાં બેચાર જોડકણાં છપાવી શકનાર વિદ્યાર્થી કવિ ગણાય, અને પછી એ એમ.એ.માં યેનકેન બીજા વર્ગમાં પાસ થઈને સંભવતઃ પોતાની 'આલ્મા મૅટર'માં જ લેક્ચરર બની બેસે, અને પછીના દાયકામાં એકાદબે કાવ્યસંગ્રહો અને એથીય વધારે ગ્રંથાવલોકનોનાં પુસ્તકો છપાવીને 'જાણીતા કવિ-વિવેચક'નું બિરુદ લઈને બેસી જાય. પછીનો એકાદ દાયકો એ કાવ્ય કે વાર્તાના 'ગ્રંથોનું સંપાદન' કરે અને ચોપડીઓને પાઠયપુસ્તક બનાવડાવે અથવા, હમણાંની ફૅશન પ્રમાણે, ડૉક્ટરેટની ડિગ્રી માટે કોઈક તૃતીય કક્ષાના મધ્યયુગીન કવિને પકડીને કાતર–ગુંદર પદ્ધતિએ એના ઉપર મહાનિબંધ તૈયાર કરે, અથવા પટ્ટશિષ્ય પાસે એ તૈયાર કરાવે. પોતાની આજુબાજુ મુગ્ધ વિદ્યાર્થીઓ અને પ્રશંસકોનું ટોળું ઊભું કરે, એમની કાખઘોડીએ ચડીને યુનિવર્સિટીની સેનેટ-સિન્ડિકેટ અને અભ્યાસ સમિતિઓમાં પહોંચે, ત્યાં બેસીને સાહિત્યસૃષ્ટિના 'પોપ'ની કામગીરી બજાવે, એકાદ દાયકે પોતાનો વનપ્રવેશ કે ષષ્ટિપૂર્તિ ઉત્સવ ઊજવાવે અને જીવનની આખરે કચરાટોપલીને લાયક દસવીસ કૃતિઓ મૂકી જાય.

– ચુનીલાલ મડિયા, ચંદ અલ્ફાઝ, ૨૧૮

બાનુ મુસ્તાકની નવલિકા ‘બ્લૅક કોબ્રાસ’ અને ગિરીશ કસરાવલ્લીની ફિલ્મ ‘હસીના’ : પ્રશ્નો ઘણા છે, જવાબ નથી.

કિરીટ દૂધાત

ઈ. ૨૦૨૫નું આંતરરાષ્ટ્રીય બુકર પારિતોષિક બાનુ મુશ્તાકના વાર્તાસંગ્રહ ‘હાર્ટ લૅમ્પ’ને મળે છે. આ સંગ્રહની ‘બ્લૅક કોબ્રાસ’ પતિ દ્વારા ત્યજાયેલી સ્ત્રીની વાર્તા છે. વાર્તાનો પ્રારંભ નાટ્યાત્મક છે. તરન્નુમ મદરેસામાંથી દોડતી આવીને એની મા રઝિયાને કહ્યું, રફીકે જઈને એની મા વસીમાને સમાચાર આપ્યાં : કિશોર વયની હસીના અને એની મા અશરફ મસ્જિદના પગથિયે બેઠાં છે!

અશરફને લાગલગાટ ત્રણ દીકરીઓ જન્મી એથી પતિ યાકુબે એને છોડી દીધી. એને દીકરો જોઈતો હતો. અશરફ ન્યાય માટે મસ્જિદના વહીવટદાર અબ્દુલસાહેબને અરજીઓ આપે છે પણ કશું વળતું નથી. અબ્દુલની પત્ની અમીનાને અશરફ તરફ સહાનુભૂતિ થાય છે. પતિ મસ્જિદનો વડો છે. બીબીની તબિયતનો ખ્યાલ રાખ્યા વગર દસ સાલમાં સાત બચ્ચાં પેદા કર્યાં છે. કુટુંબનિયોજનનું ઑપરેશન કરાવવું અબ્દુલ્લાની નજરે ઇસ્લામ વિરોધી હોઈ અબ્દુલસાહેબની આબરૂ જાય! આવા કિસ્સામાં પુરુષો પોતાના સ્વાર્થ ખાતર કુરાનને ટાંકે ત્યારે સ્ત્રીઓને થાય છે કે શેતાન કુરાન ટાંકે છે!

અશરફ ઝુલેખા બેગમને ત્યાં ઘરકામ કરે છે. ઝુલેખા કહે છે કે પુરુષો જુઠ્ઠા છે. પયગંબરસાહેબને ત્રણ દીકરીઓ હતી. જ્યાં છોકરીઓ જન્મે એ ઘરને પયગંબરસાહેબ પણ સલામ ભરે. બીજી શાદી કારણ વિના ન કરી શકાય એવું કુરાનમાં ચોખ્ખું લખ્યું છે. પ્રથમ પત્ની લક્વાગ્રસ્ત હોય, યુદ્ધમાં ઘણા પુરુષો મરી ગયા હોય, બાળકો ન થતાં હોય. ચાર શાદી કંઈ વિલાસ માટે નથી. આવું હોય અને બીજી શાદી કરે તો બંને પત્નીઓ વચ્ચે લેશમાત્ર ભેદ ન રાખવો એમ પણ કહ્યું છે. સ્ત્રીને ભણવાનો, નોકરી કરવાનો, તલ્લાક આપવાનો અધિકાર છે. બાપની મિલકતમાં હક્ક પણ છે પરંતુ આ બધું મૌલવીઓ છુપાવે છે! આવું લખીને એણે અશરફ પાસે અરજીઓ કરાવી છે. એ અરજી આપવા જાય તો અબ્દુલસાહેબને મળે નહીં, મળે તો સ્વીકારવામાં ગલ્લાંતલ્લાં કરે. અશરફે અબ્દુલમિયાંને કહ્યું, ‘મરવા દો, મારા ખાવિંદ યાકુબને બીજી શાદી કરવા દો, પણ આ છોકરીઓનાં દવા–દારૂ, હાથખર્ચા તો અપાવો.’ તો યાકુબની દલીલ છે કે ગફુર, ઈદ્રિશ, નાશીર બધાને બબ્બે બીબીઓ છે તો મારે કેમ નહીં? જ્યારે અબ્દુલ ન્યાય આપી શકતો જ નથી ત્યારે અશરફ ઇન્સાફ માગવા મસ્જિદના ઓટલે કડકડતી ઠંડીમાં બેસી જાય છે. પરિણામે નાની દીકરી મૃત્યુ પામે છે. બધી સ્ત્રીઓ અબ્દુલ પર થૂ થૂ કરે છે. એક સ્ત્રી અબ્દુલને કૂતરો કહે છે. અશરફબાનુનો કિસ્સો સ્ત્રીઓમાં જાગૃતિ લાવે છે અને અમીના ઑપરેશન કરાવવા નીકળી પડે છે. આ વાર્તામાં કોઈ ખલનાયક નથી. ધર્મના ઓઠા હેઠળ

કુરાન, હદીસ અને શરિયતનાઁ ખોટાં અર્થઘટનથી સ્ત્રીઓને પરેશાન કરીને મામૂલી પુરુષો કેવા સત્તાધારી થઈ ચૂક્યા છે એનું આલેખન છે. લેખિકા બતાવે છે કે એમની સામે હવે બગાવત પણ થઈ રહી છે.

ગયા ‘પરબ’માં ભરત મહેતાએ ‘હાર્ટ લૅમ્પ’ પર લખેલા લેખમાં થોડા સુધારાવધારા કરીને ‘બ્લૅક કોબ્રાસ’નો સાર ઉપર સાભાર આપ્યો છે. આ વાર્તા પરથી ગિરીશ કસરવલ્લીએ બનાવેલી ફિલ્મ ‘હસીના’ મેં જોઈ છે અને વાર્તા વાંચી છે. અહીં બંને વચ્ચેનાં સામ્ય અને તફાવતની અને બીજી એકાદ વાત કરવી છે. ફિલ્મ યૂટ્યૂબ પર છે. પહેલો ફેરફાર, ફિલ્મમાં નાયિકાનું નામ અશરફ નહીં પણ હસીના છે. ત્રણ બેટીઓ પછી ચોથી પણ બેટી આવવાની એ વાત ગેરકાયદે કરાવેલા ગર્ભપરીક્ષણથી જાણીને યાકુબ પોતાની જોરુ હસીનાનો ત્યાગ કરીને પોતાની અમ્મી પાસે નાસી જાય છે, એ બીજો ફેરફાર. વાર્તામાં ત્રણેય દીકરીઓ સાજીસારી છે જ્યારે ફિલ્મમાં મોટી દીકરી અંધ છે. સમયસર સારવાર મળે તો એની નજર પાછી આવે એમ છે. આ દીકરીનું પાત્ર ફિલ્મનો એક મુખ્ય ભાગ છે, ભાર્ગવી બોધિનીએ એ અભિનય આ ફિલ્મ માટે તારાની જેવી રાષ્ટ્રીય પારિતોષિક મેળવેલી અભિનેત્રીને ટક્કર આપે એવો કર્યો છે. ઘણી વાર દિવ્યાંગો પોતાની ‘દિવ્ય’તાનો દેખાડો કરીને સહાનભૂતિ ઉઘરાવે એવું અહીં નથી. હસીનાના ચહેરાની ખિન્નતા અને આ બાળકીના ચહેરા પરનું રમતિયાળપણું યાદગાર છે. આ પાત્ર હસીના(ફિલ્મ અને નાયિકા, બંને)ની કરુણાંતિકાને વળ ચડાવે છે. વાર્તામાં હસીના જેને ઘેર કામ કરે છે એ ઝૂલેખાબેગમ કુરાનમાં સ્ત્રીઓને આપેલા હક્કોની વાત કરે છે ત્યાં એ લેખિકાએ લખી આપેલા ફકરા વાંચી જતી હોય તદ્દુપરાંત પોતે મુસ્લિમ સ્ત્રી હોવા છતાં ગરીબ મુસ્લિમ સ્ત્રીઓના હાલથી અજાણ હોય એવું લાગે. ફિલ્મમાં આ ભૂમિકા ચિત્રા શેનોય જેવાં કુશળ અદાકારા ભજવે છે ત્યાં વાર્તામાં આવી ગયેલી સપાટબયાની ફિલ્મમાં નિવારી શકાઈ છે.

ફિલ્મના પહેલા દૃશ્યમાં દરવાજા આગળનો પડદો હટાવીને હસીના રૂબરૂ થાય છે ત્યારે એના લમણામાં દેખાતી ઈજા જોઈને આપણને આઘાત લાગે છે, પહેલી ફ્રેમમાં જો આવી દશા હોય તો આખી ફિલ્મમાં એના ઉપર શું વીતશે! દિગ્દર્શક કસરવલ્લીની કલાના બે-ત્રણ નમૂના નોંધીએ, મસ્જિદના લાઉડસ્પીકરમાંથી અજાનનો અવાજ ગુંજે છે ત્યારે મસ્જિદના ઓટલે હસીના શોકાતુર ચહેરે ઇન્સાફ માંગવા બેઠેલી છે ત્યાં સામાન્ય રીતે ફિલ્મમાં ભાગ્યેજ રજૂ થતા અલગ અલગ બે ઘટકો, ધ્વનિ અને ચહેરાના હાવભાવને વિરોધાવ્યાં છે. જાણે કે બંદગીને એક ગરીબ ઔરતના દુઃખ સાથે શું લેવાદેવા એવું કસરવલ્લી કહે છે. ફિલ્મમાં છેલ્લે હસીનાના હાથમાંથી અરજીના કાગળો ઊડીને ગામના દરેક ઘરના આંગણામાં પડે છે, જેમાં રજૂ થયેલી દર્દનાક હકીકતો વાંચીને બધી સ્ત્રીઓ ટોળે વળીને હસીનાની પાસે પહોંચે છે એ દૃશ્ય પણ યાદગાર છે.

ભરત મહેતા પરબના લેખમાં એવું કહે કે, આ વાર્તામાં કોઈ ખલનાયક નથી. શું ખરેખર નથી? ઓમ્ કૉમ્યુનિકેશનના ‘પુસ્તક પરિચય’ કાર્યક્રમમાં આ વાર્તાસંગ્રહ વિશે વાત કરતાં પરેશ નાયક એ મતલબનું કહે કે, આ વાર્તાઓને કળાકીય ધોરણોથી ન તપાસવી. હાલો એમનું માની લઈએ. પછીયે પ્રશ્ન તો થાય કે વાર્તામાં વિલન તો હસીનાનો પતિ યાકુબ છે તો લેખિકાએ અબ્દુલને ગામની સ્ત્રીઓના રોષનો ભોગ બને છે એવું બતાવીને

વાર્તા કેમ સંકેલી લીધી? અબ્દુલ વિલન છે પણ પહેલો તો યાકુબ છે જેને બાઇજ્જત બરી કરી દીધો? એ બીજી શાદી કરીને સુખ ભોગવશેને? લેખિકાએ અને કસરવલ્લીએ જે પૂછ્યો નથી એ યક્ષપ્રશ્ન એવો છે કે, યાકુબ અને અબ્દુલ જેવાં દુરિતોનું લાલનપાલન કરે એ ધાર્મિક વ્યવસ્થા વિશે પૂછવા સુધી બંને કેમ ન ગયાં? ઊલટાનું ફિલ્મમાં અબ્દુલનું હૃદયપરિવર્તન થાય ને હસીનાની માફી માંગવા જાય એ બંબઈયા ફિલ્મ જેવું લાગે. ફ્રેડરિક નિત્શેએ દુરિત તત્ત્વો વિશે શેક્સપિયરના 'મેકબેથ' પાત્ર સંદર્ભે Daybreak નામના પુસ્તકના પરિચ્છેદ ૨૪૦માં કહેલું .... and if the hero parishes by his passion this precisely is the sharpest spice in the hot draught of this joy. (.....અને જો હીરોનો વિનાશ એની કોઈ આસના-વાસનાથી થાય તોય એને મન આ વાસના-વિનાશ ચટાકેદાર વાનગીનો સ્વાદિષ્ટ ઘૂંટ પીવા સમાન છે.) એટલે યાકુબ કે અબ્દુલ વિનાશ નોંતરે પણ સુધરે નહીં.

અગત્યનું એ છે કે અહીં લેખિકા અને દિગ્દર્શક એકલદોકલ યાકુબ અને અબ્દુલાના માથે બધો દોષ ઢોળે છે ત્યાં અંગ્રેજી ઉક્તિ missing the woods for the trees જેવું થયું છે (એક ઝાડ જોવામાં એટલા તલ્લીન થઈ ગયા કે વન જોવાનું ચુકાઈ ગયું.) યાકુબ અને અબ્દુલ તો ઝટ નજરે પડે એવાં ઝાડ છે, અસલી વનો તો અસુંદર, ઘેઘૂર અને અફાટ છે. એ વનો ક્યારે દૃષ્ટિગોચર થશે? થશે?

*

પ્રશ્નો ઘણા છે, જવાબ નથી.

■

સરજાતા સાહિત્યનું વિવેચન કરવામાં રહેલા ખતરાઓનો મને આકંઠ અનુભવ થઈ ચૂક્યો છે. 'સંદેશ'માં મારું 'સાહિત્યસંગમ'નું પાનું દર શુક્રવારે પ્રગટ થતું હોવાથી એ દિવસે મને 'બ્લૅક ફ્રાઈડે' જેવો અનુભવ થાય છે. એ દિવસે કોઈક લેખક મારાથી રિસાઈ જાય છે, કોઈ અબોલા લઈ બેસે છે, કોઈ ગાળાગાળી શરૂ કરી દે છે. વૉલ્ટર એલને સાચું જ કહ્યું છે કે, "લેખકો યુવાન માતાઓ જેવા હોય છે. તમે કોઈ યુવાન માતાને કહો કે તારું બાળક જન્મ્યું જ ન હોત તો સારું થાત, તો તમે એને ગમશો? લેખકોને વિવેચનમાં રસ નથી હોતો, એમને પ્રશંસામાં રસ હોય છે. જેમ પ્રશંસા વધુ એમ એમને આનંદ વધુ." પણ મારો અનુભવ આથીય વધારે વિચિત્ર છે. હું કોઈ પુસ્તક વિશે ટીકાત્મક લખું ત્યારે જ લેખકો નારાજ થાય છે એવું નથી. પ્રશંસાત્મક લખું છું ત્યારે પણ કોઈ વાર લેખકો છેડાઈ પડતા હોવાનું જાણવા મળ્યું છે. એવા કિસ્સામાં લેખકોને પ્રશંસા ઓછી પડી હોવાનું કહેવાય છે.

– ચુનીલાલ મડિયા, ચંદ અલ્ફાઝ, ૧૪૮

સાભાર–સ્વીકાર

કવિતા :

કેવળ સફરમાં છું : રઈશ મનીઆર, ઝેન ઓપ્સ, ૨૦૨૪, ડે. પૃ. ૧૧૮, રૂ. ૨૨૫, ૧૧૪ ગઝલોનો સંગ્રહ. • **કશું જાણતો નથી** : વિનોદ ઓઝા, ઝેન ઓપ્સ, ૨૦૨૫, ડે. પૃ. ૮૦, રૂ. ૧૭૫, ૮૦ ગઝલોનો સંગ્રહ.

વાર્તાસંગ્રહ :

ધારો : રમણ નડિયાદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર. ૨૦૧૯. ડે. પૃ. ૧૨૪, રૂ. ૧૨૫, ૧૭ વાર્તાઓનો સંગ્રહ. • **વસુધા પ્રાવીણ્ય** : શ્રીદેવી પંચોલી, નિર્મોહી પ્રકાશન, ઊંઝા–મહેસાણા, ગુજરાત, ૨૦૨૪, ડે. પૃ. ૧૩૦, રૂ. ૨૦૦, ૧૭ વાર્તાઓ અને ૧૭ લેખોનો સંગ્રહ.

નવલકથા :

છિલુગરી : જયશ્રી ચૌધરી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૨૫. ડે. પૃ. ૪૦૭, રૂ. ૫૧૦, છિલુગરી પ્રદેશના આદિવાસીઓના યોગદાનને રજૂ કરતી લઘુનવલકથા.

જીવનચરિત્ર :

ક્રાંતિસૂર્ય ડૉ. બાબાસાહેબ આંબેડકર : ડૉ. રમણ માધવ, અક્ષર પબ્લિકેશન, ડે. પૃ. ૧૧૨, રૂ. ૧૨૦.

અનુવાદ :

પથેર પાંચાલી : વિભૂતિભૂષણ બંદ્યોપાધ્યાય, અનુ. અનિલા દલાલ, અરુણોદય પ્રકાશન, ૨૦૨૪, ડે. પૃ. ૩૦૪, રૂ. ૪૨૫.

પ્રકીર્ણ :

સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથ : આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ, રત્નત્રયી ટ્રસ્ટ, કલ્પેશ વિ. શાહ, ૨૦૨૫, ડે. પૃ. ૩૨, રૂ. ૫૦. • **સર્વસંપત્તિહેતુ** : આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ, રત્નત્રયી ટ્રસ્ટ, કલ્પેશ વિ. શાહ. ૨૦૨૫. ડે. પૃ. ૩૨. રૂ. ૫૦. • **ભજવલનિધિપોત** : આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ, રત્નત્રયી ટ્રસ્ટ. અલ્પેશ વિ. શાહ, ૨૦૨૫, ડે. પૃ. ૩૨, રૂ. ૫૦. • **કલ્પવૃક્ષોપમાન** : આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ, રત્નત્રયી ટ્રસ્ટ, અલ્પેશ વિ. શાહ, ૨૦૨૫, ડે. પૃ. ૩૨, રૂ. ૫૦. • **દુરિતતિમિરભાનુ** : આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ રત્નત્રયી ટ્રસ્ટ, અલ્પેશ વિ. શાહ, ૨૦૨૫, ડે. પૃ. ૩૨, રૂ.૫૦. • **પુષ્કરાવર્તમેઘ** : આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ, રત્નત્રયી ટ્રસ્ટ, અલ્પેશ વિ. શાહ, ૨૦૨૫, ડે. પૃ. ૩૨, રૂ. ૫૦. • **સકલકુશલવલ્લી** : આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ, રત્નત્રયી ટ્રસ્ટ, અલ્પેશ વિ. શાહ, ૨૦૨૫, ડે. પૃ. ૩૨, રૂ. ૫૦. • **લેખિની** : સંપા. પ્રીતિ જરીવાલા, ગીતા ત્રિવેદી, લેખિની (સંસ્થા) કાર્યવાહક સમિતિ, જુલાઈ, ૨૦૨૫. ડે. પૃ. ૧૦૦, રૂ. ૧૦૦. સાહિત્યસર્જનમાં સ્ત્રીનો સૂર ત્રૈમાસિક.

■

ઇતુભાઈ કુરકુટિયા

'પાક્ષિકી'

તા. ૧૨-૭-૨૦૨૫ના રોજ, ગુજરાતી સાહિત્ય પરિષદમાં વાર્તાકાર રમણ માધવે તેમની વાર્તા 'માદ્રી'નું પઠન કર્યું હતું. તા. ૨૬-૭-૨૦૨૫ના રોજ નિબંધકાર કલ્યાણ દેસાઈએ તેમનો નિબંધ 'ઋતુબદલો'નું પઠન કર્યું હતું. 'પાક્ષિકી'નું સંચાલન શ્રી ચેતન શુક્લએ કર્યુ હતું.

'વિશ્વ સોશિયલ મીડિયા દિવસ'ની પૂર્વસંધ્યાએ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'બૌદ્ધિકતાનાં નવ્ય પરિમાણ(AIના સંદર્ભે)' વિષય પર પરિસંવાદ

તા. ૨૯ જૂન ૨૦૨૫, રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકથી સાંજે ૫-૧૫ કલાક સુધી 'વિશ્વ સોશિયલ મીડિયા દિવસ'ની પૂર્વસંધ્યાએ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'બૌદ્ધિકતાનાં નવ્ય પરિમાણ (AIના સંદર્ભે) વિષય પર પરિસંવાદ ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કૃત્રિમ બૌદ્ધિકતા સાહિત્ય અને સમાજ સાથે કેવી રીતે સંકળાયેલી છે તે બાબતના વિચારો લોકો સુધી પહોંચાડવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત ઉદ્‌ઘાટનબેઠકથી થઈ જેમાં કાર્યક્રમના સંયોજક શ્રી હેમાંગ રાવલે સૌને આવકાર્યા હતા અને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'AI દરેક કાર્ય માટે સક્ષમ હશે પણ સંવેદના ક્યાંથી લાવશો?, ટૅક્નૉલૉજી આપણા પર હાવી ના થાય તે ખૂબ જ જરૂરી છે.' જાણીતા કવિ, પરિષદના ટ્રસ્ટી શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે અતિથિવિશેષ તરીકે વક્તવ્યમાં જણાવ્યું કે 'હું Aiને ARTIFICIL INTELLIGENCE નહીં પણ Added Intelligence તરીકે જોઉં છું. AI આપણને રોજિંદા કામમાં મદદરૂપ બનશે જેથી આપણે સર્જનાત્મક કાર્યમાં સમય આપી શકીએ. જાણીતા પત્રકાર અને સાહિત્યકાર ધૈવત ત્રિવેદીએ બીજરૂપ વક્તવ્યમાં કહ્યું કે 'સાહિત્યમાં ઘણી શૈલી છે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આ વિવિધતા ક્યાંથી લાવશે? જ્યારે પણ કોઈ નવી તકનીક આવે છે ત્યારે સંકોચ થાય છે, પણ તે માણસની જગ્યા લઈ શકતી નથી. મનુષ્ય સર્વોપરી છે. આ બેઠકનું સંચાલન સુશ્રી હાર્દિ ભટ્ટે કર્યું હતું.

પ્રથમ બેઠકમાં 'ચર્ચા : AI – સહયોગ કે સંઘર્ષ' વિશે વાત કરવામાં આવી. શ્રી સંજય ચૌધરીએ ગ્રાફિક્લ રજૂઆત કરી સમજાવ્યું કે, 'Aiએ Mathematics, statics, અને

કમ્પ્યૂટર સાયન્સના સુયોગથી બનેલું છે. જેને આપણે data science કહીએ છીએ.' જાણીતા ધારાશાસ્ત્રી એટર્ની શ્રી જતિન ત્રિવેદીએ પોતાની વાત રજૂ કરતાં કહ્યું કે, 'AIના આગમન પછી કૉપીરાઇટ વિશે કાયદાકીય ગૂંચવણ ઊભી થઈ શકે છે, પરંતુ તે અંગે હજુ સ્પષ્ટ કાયદાઓ નથી બન્યા.' આ બેઠકનું સંચાલન શ્રી રાધિકા પટેલે કર્યું હતું.

બીજી બેઠકમાં 'મનોમંથન' વિશે શ્રી કિરીટ દૂધાતે તથા જાણીતા પત્રકાર શ્રી લલિત ખંભાયતા દ્વારા શ્રી શિશિર રામાવત દ્વારા કરવામાં આવેલી પ્રશ્નોતરીના જવાબ આપતાં ચર્ચા કરવામાં આવી હતી. શ્રી કિરીટ દૂધાતે આર્ટિફિશિયલ ઇન્ટેલિન્જસ ટૅક્નૉલૉજીને ફ્રેન્કસ્ટાઇન સાથે સરખાવી હતી. એમણે મારી શેલીએ ૧૮૨૧માં લખેલી 'ફ્રેન્કસ્ટાઇન' નવલકથા વિશે વિગતે વાત કરી હતી. એમણે કહ્યું હતું કે, ''મીડિયાકર સાહિત્યનો તૂટો ક્યારેય રહ્યો નથી. નિકૃષ્ટ સાહિત્ય રચવા માટે એઆઈની જરૂર જ શી છે ? એ તો હંમેશાં લખાતું આવ્યું છે, એઆઈ નહોતું ત્યારે પણ'' લલિત ખંભાયતાએ કહ્યું કે, ''પત્રકારત્વમાં એઆઈનું મહત્ત્વ વધે તોપણ જે સાચા અર્થમાં બાહોશ અને મહેનતુ પત્રકારોને છે તેમને તો લાભ જ થશે. એઆઈ ઇન્ટેલિજન્ટ પત્રકારને વધારે ઇન્ટેલિજન્ટ બનાવશે અને ડમ્બ(બાઘા) પત્રકારને વધારે ડમ્બ બનાવશે. આ બેઠકનું સંચાલન શિશિર રામાવતે કર્યું હતું.

ત્રીજી બેઠક જીવંત પરિચર્યા ''AI સાથે મુકાબલો''(hands-on workshop)માં શ્રી માનસ રાવલે CHATSGPT, Purplexity, Gemini, Grox, Deepseek જેવાં વિવિધ AI tools વિશે માહિતી આપી. શ્રી સંજય ચૌધરીએ ગુજરાતી સાહિત્ય અને સર્જનાત્મકતામાં AI કેવી રીતે મદદ કરી શકે તે વિશે જણાવ્યું. શ્રી યાજ્ઞિક ભાવસારે BHASHINI Ai વિશે માહિતી આપતાં જણાવ્યું કે,'ગુજરાતી કહેવતો, રૂઢિપ્રયોગો AI કેવી રીતે સમજે છે. નિસર્ગ ભટ્ટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને આર્ટ વિષય પર કલાત્મક વક્તવ્ય આપ્યું. આ બેઠકનું સંચાલન સુશ્રી હાર્દિ ભટ્ટે કર્યું હતું. તથા આ જીવંત વર્કશૉપમાં કમ્પ્યૂટર ટૅક્નૉલૉજી ફાઉન્ડેશનના સ્વંયસેવકો દ્વારા વિવિધ AI ટૂલ્સને ચલાવવાની મદદ કરવામાં આવી હતી.

સમાપન બેઠકમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખશ્રી યોગેશ જોષીએ સમાપન વક્તવ્યમાં AIના વિષય પર બે સ્વરચિત કટાક્ષમય અછાંદસ રજૂ કર્યાં. બાદમાં જણાવ્યું કે. એ વાત સાચી છે કે, 'AI સંવેદન બૂઠું છે એને ડેટા આપવા માટે માણસની જરૂર છે એ સંદર્ભે કહી શકાય કે, નવી આવનારી ટૅક્નૉલૉજી માટે મનુષ્યોનો રોલ હંમેશાં મહત્ત્વનો રહેવાનો છે.' પરીસંવાદના સંયોજક શ્રી હેમાંગ રાવલે સૌનો આભાર માન્યો હતો. આ બેઠકનું સંચાલન ચેતન શુક્લએ કર્યું હતું. ઉપરોક્ત એકદિવસીય પરિસંવાદમાં ૩૦૦થી વધુ શ્રોતાઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

– હાર્દિ ભટ્ટ

વ્યાખ્યાન અને વાચિકમ્

આપણા ઋષિતુલ્ય સર્જક શ્રી ઉમાશંકર જોશીની ૧૧૫મી જન્મજયંતીએ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત વ્યાખ્યાન અને વાચિકમ્નો કાર્યક્રમ તા. ૨૧-૭-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં યોજાયો

હતો. પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે સૌને આવકાર આપીને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. ઈતુભાઈ કુરકુટિયાએ સૌનું પુસ્તકો આપીને સ્વાગત કર્યું હતું. શ્રી સતીશ વ્યાસે 'ઉમાશંકર જોશીનાં એકાંકી' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, ઉમાશંકર જોશી કહે છે તેમ નાટ્યલેખનમાં હું સૌથી ઓછો અસફળ રહ્યો છું. તેની વાત કરતાં તેમણે 'સાપના ભારા', 'ઊડણ ચકલડી', 'બારણે ટકોરા', 'કડલાં', 'દુર્ગા', 'પડઘા' વગેરે એકાંકીઓની વિશેષતા ચીંધી વિગતે ચર્ચા કરી હતી. શ્રી શૌનક વ્યાસ, શ્રી વિક્રમ પંચાલ, સુશ્રી ધરા ભટ્ટે ઉમાશંકર જોશીકૃત એકાંકી 'દુર્ગા'નું વાચિકમ્ કર્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ અધ્યક્ષીય વક્તવ્યમાં ઉમાશંકર જોશી સાથેનાં સંસ્મરણો યાદ કરીને ઉમાશંકર જોશીના સાહિત્યિક પ્રદાનની વાત કરી હતી. આ કાર્યક્રમમાં સાહિત્યરસિકો અને નાટ્યરસિક વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

■

દેહ

ઝંખી રહેલ તલસાટ થકી પ્રિયાને
આ બિલ્વમંગળ દહે વિરહે હિયાને,
કામાગ્નિ ઘોર પ્રજળે નિજ અંગઅંગે,
ઝંખે અતોષ્ય સરવા પ્રિય ગાત્ર સંગે,
અંધાર આભ સરિતા ઘૂઘવે અફાટ
ઝંકારતી વિરહનો મધુમિષ્ટ રાગ.
ઝુકાવતો સરિત વ્હેણ મહીં યુવાન,
ને અંતનું નહિ ઉરે લવલેશ ભાન.
વ્હેતો જતો તરલ વ્હેણ પરે ત્વરાથી
હૈયે પ્રિયા—મુખ—છબી નવનૌતમાંગી,
ત્યાં વ્હેણમાંહી મૃતદેહ મળી ગયો, જે
હોડી ગણી : જીવન વ્હેણ તરી ગયો એ.
ડુબાડતી મનુજને નિજ દેહલીલા,
ને તારતો મનુજદેહ મનુષ્યને ના?

– ચુનીલાલ મડિયા, મડિયાનું સમગ્ર પદ્ય

ઇતુભાઈ કુરકુટિયા

ઑમ્ કૉમ્યુનિકેશન દ્વારા યોજાયેલા કાર્યક્રમો

તા. ૨૯-૬-૨૦૨૫ના રોજ રવિવારે, સવારે ૧૦.૦૦ કલાકે શાસન સમ્રાટભવન, ઑડિટૉરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબની હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટની પ્રેરણાથી 'શબ્દસંપદા' શીર્ષક હેઠળ જૈન સાહિત્યસર્જક રાજપાલજીના જૈન ગ્રંથ 'સનત્કુમાર ચક્રવર્તી રાસ' વિશે પ્રો. રમજાન હસણિયાએ વક્તવ્ય આપ્યું. તા. ૩-૭-૨૦૨૫ના રોજ ગુરુવારે સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટૉરિયમ(આત્મા હૉલ)માં, યોગેશ જોશીના ૭૧મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ' અંતર્ગત સાહિત્યકાર યોગેશ જોષીએ પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. તા. ૧૩-૭-૨૦૨૫ના રોજ 'શબ્દસંપદા' અંતર્ગત જૈન સાહિત્યસર્જક નગાગણિના જૈન સાહિત્યગ્રંથ 'રામસીતા રાસ' વિશે કાલિન્દી પરીખે, અને જૈન સાહિત્યસર્જક ઉપાધ્યાય રાજરત્ન, મનહરના જૈન સાહિત્યગ્રંથ 'વિજયશેઠ વિજયાશેઠાણી રાસ' વિશે પ્રો. રવીન્દ્ર ખાંડવાલાએ વક્તવ્યો આપ્યાં. તા. ૬-૭-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, આત્મા હૉલમાં. બાળસાહિત્યકાર જીવરામ ભવાનીશંકર જોષીના ૧૨૧મા જન્મદિન પ્રસંગે 'પાણીદાર મોતી' અંતર્ગત જીવરામ જોશીના જીવન વિશે, જીવરામ જોષીના પુત્ર ભાર્ગવ જોષીએ અને બાળસાહિત્યકાર જીવરામ જોષી વિશે યશવન્ત મહેતાએ વક્તવ્યો આપ્યાં. તા. ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ આત્મા હૉલમાં 'પુસ્તક પરિચય' અંતર્ગત 'બારી બહાર' વિશે પ્રો. રાજેશ પંડ્યાએ અને 'યાત્રા' વિશે શ્રી રાજેન્દ્ર પટેલે વક્તવ્યો આપ્યાં. તા. ૧૯-૭-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે આત્મા હૉલમાં 'પુસ્તક પરિચય' અંતર્ગત વર્ષ ૨૦૨૫નું ઇન્ટરનેશનલ બ્રૂકર પ્રાઇઝ મેળવનારાં ભારતીય લેખિકા બાનુ મુશ્તાક(Banu mushtaq-author of heart lamp and translator Deepa Bhasti)ના પુસ્તક 'Heart Lamp' વિશે પરેશ નાયકે લેખક અને પુસ્તકનો પરિચય કરાવી વક્તવ્ય આપ્યું હતું. ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' એ કર્યું હતું.

અમદાવાદ વાર્તાશિબિરની ૨૧મી વાર્તાશિબિર

અમદાવાદ વાર્તાવર્તુળની ૨૧મી વાર્તાશિબિર તા.૧૧ અને ૧૨ જુલાઈના રોજ શ્રી સુનિલ અમીન અને પરિવારના સૌજન્યથી પાવાપુરી, જલમંદિર, ઈડરમાં યોજાઈ હતી. તેમાં નયના મહેતા, મનહર ઓઝા (સંયોજક), નરેન્દ્રસિંહ રાણા, હિમાલી મજુમદાર, ઉર્વશી શાહ, શ્રદ્ધા ભટ્ટ, નેહા ગાંધી, સુનિલ અમીન, જિગીષા પાઠક, રેના સુથાર અને દીવાન ઠાકોરે (પરામર્શક) ભાગ લીધો હતો. શિબિરમાં ટૂંકી વાર્તામાં સર્જકતા વિશે ચર્ચા થઈ હતી.

કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે 'ઉમાશંકર જોશીની સામાજિક અને રાજકીય નિસ્બત' વિશે વ્યાખ્યાન

તા. ૨૧-૭-૨૦૨૫ના રોજ દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ વિરમગામના ગુજરાતી વિભાગ દ્વારા જ્ઞાનપીઠ પુરસ્કૃત કવિ શ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે 'ઉમાશંકર જોશીની સામાજિક અને રાજકીય નિસ્બત' વિષય પર શ્રી પ્રફુલ્લ રાવલે વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે કવિશ્રી ઉમાશંકર જોશીના વિરમગામ અને દેત્રોજની છાવણીમાં થયેલ જેલવાસ વગેરે પ્રસંગોને તાજા કરી ઉમાશંકર જોશીના રાજ્યસભાના કાર્યકાળના વિવિધ પ્રસંગો વિશે વાત કરી. અને સર્જક ઉમાશંકર જોશીની વિગતે વાત કરી હતી. કાર્યક્રમની શરૂઆત કવિશ્રી ઉમાશંકર જોશીના જાણીતા ગીત 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' ગાનથી કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય શ્રી આર. ડી. ચૌધરીએ ગ્રંથપુષ્પ અર્પણ કરીને વક્તાશ્રી પ્રફુલ્લ રાવલનું સ્વાગત કર્યું હતું. કૉલેજની વિદ્યાર્થિની વિધિ પટેલે પોતાની ઉમાશંકર જોશી વિશેની સ્વરચિત રચના પ્રસ્તુત કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. અશ્વિન આણદાણીએ કર્યું હતું. આભારવિધિ પ્રા. એસ. બી. વાઢેળે કરી હતી.

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા ભુજ દ્વારા ૨૦૨૪નો વાર્ષિકોત્સવ

ભુજ સાહિત્ય તેમ જ નવોદિતને પ્રેરણા આપતી કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાનો ૨૦૨૪નો વાર્ષિકોત્સવ ઉજવણીનો કાર્યક્રમ કમલકાંત ભટ્ટની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં અતિથિવિશેષ તરીકે જયંતી જોષી 'શબાબ', વરિષ્ઠ ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદે, ધારાશાસ્ત્રી શ્રી હસ્તીનભાઈ આચાર્ય વગેરે મહાનુભાવોનું સ્થાપકપ્રમુખ દિલીપ આચાર્યએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સંસ્થા દ્વારા પ્રકાશિત કાવ્યસંગ્રહ 'કાવ્યકિરણ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ ખુશ્બૂ સરવૈયાની પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વક્તવ્યો આપ્યાં હતાં. બીજા દોરમાં યોજાયેલા કવિસંમેલનમાં સર્વશ્રી ધરતી શર્મા 'ધરી', રાજેશ સોની 'અનોખો', નેહા વ્યાસ 'નેહ', રજનીકાંત ઓઝા, ભાવના આહીર 'સત્યાંગી', સુનીલ ગોર, ચંદુલાલ ગોર, પ્રવિર ધોળકિયા 'આઝાદ', કવિ, 'શબાબ' અને દિલીપ આચાર્ય 'દિલકશ'એ સ્વરચિત રચનાનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન મદન ભટ્ટ, વિનોદ ગોર, ભગવતીબહેન આચાર્યએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. ખુશ્બૂ સરવૈયાએ અને આભારવિધિ ભાવના આહીરે કરી હતી.

■

> ...એમ તો આપણા આદિકવિએ માર્ક્સનું નામ પણ ક્યાં સાંભળેલું ? છતાં, એક દિવસ 'મામેરું' વાંચતાં વાંચતાં એકાએક સૂઝી આવ્યું કે આપણા પ્રાચીન કવિઓમાં વધુમાં વધુ માર્ક્સશાઈ વલણ નરસિંહ મહેતાનું લાગે છે. 'મામેરું'માં એમણે નાગરી નાતના પેટી બુર્ઝવા વર્ગની શેખી, શેઠાઈ, ચાવળાઈ, કુળવાનશાહીના ઘમંડ આદિની જે કાતિલ ઠેકડી ઉડાવી છે એ માર્ક્સશાહી નથી તો બીજું શું છે ? હજી સુધી કોઈ ઉદ્દામ વિવેચકે 'મામેરું'ને આ નજરે કેમ નહિ અવલોક્યું હોય ? એમાંથી 'હેવ્ઝ' અને 'હેવ નોટ્સ'નું ખાસ્સું રૂપક સાંપડી રહે એમ છે. આદિકવિમાં સામાજિક સભાનતાનું આરોપણ કરવાથી એ કદાચ અતિઅર્વાચીન ગણાઈ જાય એ ભયથી તો ઉદ્દામો આવાં નવમૂલ્યાંકન કરતાં અચકાતા નહિ હોય?
>
> – **ચુનીલાલ મડિયા, ચંદ અલ્ફાઝ, ૧૦૨**

સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

NAME OF THE ACCOUNT HOLDER	:	GUJARATI SAHITYA PARISHAD
BANK NAME	:	BANK OF INDIA
BANK ADDRESS	:	ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009
BANK A/C NO.	:	200220100004869
MICR CODE NO.	:	380013006
IFSC NO.	:	BKID0002002
BRNCH CODE	:	2002

હર્ષદ ત્રિવેદી	**સંજય ચૌધરી**	**સમીર ભટ્ટ**
પ્રમુખ	કોષાધ્યક્ષ	મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫માં મળેલ દાનની વિગત

ક્રમ	નામ	ગામ	રકમ
	પરબ અપીલ પેટે મળેલ દાન		
૧.	અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ	અમદાવાદ	૧૧,૦૦,૦૦૦
૨.	શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે)	અમિયાપુર	૧,૨૫,૦૦૦
૩.	શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે)	ભુજ	૧,૦૦,૦૦૦
૪.	બીનાબેન કાનાણી	થાણા	૨૫,૦૦૦
૫.	છેલભાઈ વ્યાસ	અમરેલી	૨૧,૦૦૦
૬.	શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન)	અમદાવાદ	૫,૦૦૧
૭.	એક સાહિત્યપ્રેમી	અમદાવાદ	૧,૦૦૦
૮.	શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે)	અમદાવાદ	૫૪૦

નવા આજીવન સભ્યોની યાદી

- જયપાલ થાનકી — જામનગર
- તરંગ દેવેન્દ્ર ચૌધરી — મહેસાણા
- કિશોર આર. ભટ્ટ — અમદાવાદ
- મૌલિકકુમાર પ્રજાપતિ — ગાંધીનગર
- ચૈતાલી એન. ઠક્કર — ભુજ
- ફાલ્ગુની વસાવા — અમદાવાદ
- સંધ્યાબહેન વિજયકુમાર ભટ્ટ — બગસરા
- વિજયભાઈ ચંદુભાઈ પારેખ — અમદાવાદ
- કિરીટ બી. ત્રિવેદી — અમદાવાદ
- રાજેન્દ્ર ડી. મહેતા — અમદાવાદ
- ડૉ. વિનીત સી. પરીખ — અમદાવાદ

ઓષ્ઠ

અબુધ જગથી રાતારાતા અંચુંબિત ઓષ્ઠ આ
પ્રિય પરશથી આઘાઆઘા નવોદિત પુષ્પ શા
અધર અણબોટેલા પેરે સુહાસ નિર્વ્યાજ, એ-
પ્રણયલહરે જાગી ઊઠ્યાં; ઉરે અવ સ્પંદનો,
નયન ઝગતી કામશ્રી જે મચાવત કમ્પનો,
અસહ બનતાં ઓષ્ઠો ચાહે ચપોચપ ચુંબનો
હૃદય હસતું બાળુંભોળું, અજાણ અતીવ ઉમંગમાં
પણ ખબર ના — બિચારું એ રમંત જ સ્વપ્નમાં-
પ્રણયરસના સાચા સ્વાદો હશે મધુરા જ વા
વખ-ગરલ શા, આજે એને કશીય ન ખેવના.
અધર પરવાળા શા રાતા પીશે વખઘૂંટ. તો
નભવરણ શા નીલાનીલા થશે જ સુશોભિત.

– ચુનીલાલ મડિયા, મડિયાનું સમગ્ર પદ્ય

આ અંકના લેખકો

અજય સોની	:	રામનગર-૧, પ્લોટ નં-૯૯/એ, અંજાર-૩૭૦ ૧૧૦ (જિ.કચ્છ) મો. ૯૦૩૩૮ ૪૩૮૦૫
Ankita Maru	:	403, Ankit CHS, New Link Road, Laljipada, Nr. Dahanukarvadi Metro Station, Kandivli-400067. Mumbai. M. 9867091342
ઈન્તેખાબ અનસારી	:	મુસ્લિમ વેલ્ફેર સોસાયટી, સ્ટેશન રોડ, નવસારી-૩૯૬૪૪૫
ઉષા ઉપાધ્યાય	:	૨૨, ઈશાન કોટેજ, ગ્રીનવુડ વિ-૧, સરદાર પટેલ રીંગરોડ, વૈષ્ણવદેવી સર્કલ પાસે, અમદાવાદ-૩૮૨૪૮૧ મો. ૯૪૨૬૪૧૫૮૮૭
ઈતુભાઈ કુરકુટિયા	:	વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. (મો. ૯૭૧૪૬૪૦૧૫૬)
Kamal Vora	:	E-1905/1906, (E Tower) Kannkia Silicon Valley, Tirandaz, Behind Hiranandini Hospital, Powai, Mumbai-400076. M. 09819820286
કિરીટ દૂધાત	:	A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (મો. ૯૪૨૭૩ ૦૬૫૦૭)
ડૉ. જાનકી શાહ	:	સહાયક અધ્યાપક, ગુજરાતી વિભાગ, આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર, જિ. મહીસાગર-૩૮૯૨૬૦ મો. ૯૮૨૫૯૪૧૧૮૮
જિજ્ઞાસા પટેલ	:	૬૦૨, શાલીગ્રામ એપાર્ટમેન્ટ, રોયલ પાર્ક, કેપિટલ માર્કેટ સામે, રવાપર ચોકડી, મોરબી-૩૬૩૬૪૧ મો. ૯૪૦૯૫૭૬૩૦૫ jigupatel258@gmail.com
ગેબી લુવારવી	:	કિશોર દામજીભાઈ પ્રજાપતી, એચ-૧૦૨, અવધ લાઈફ સ્ટાઈલ, બાબેન, બારડોલી-૩૯૪૬૦૧ મો. ૯૩૧૬૬૭૩૧૫૫
દશરથ પટેલ	:	મીઠીબાઈ મહાવિદ્યાલય, વિલે પાર્લે (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૫૬ મો. : ૯૪૨૮૨૫૫૯૧૧
દર્શના ધોળકિયા	:	ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ) મો. ૯૦૯૯૦૧૭૫૫૯
ડૉ પ્રણય વાઘેલા	:	સી-૫૦૨, સેપલ રેસિડેન્સી, ગાયત્રી પાર્ટી પ્લૉટની સામે, ન્યૂ અલકાપુરી, ગોત્રી, વડોદરા. ૩૯૦૦૨૧. મો. ૯૯૭૯૯૭૭૭૩૭

પ્રદીપ સંઘવી	:	A-43/44, Prabhunivas, 51, Moti P. L. Road, Borivali (W) MUMBAI-400092
પ્રવીણ ગઢવી	:	આશવલોક, ૪૬૬/૨, સેક્ટર-૧, ગાયત્રી મંદિર પાછળ, ગાંધીનગર-૩૮૦૦૦૧. ફોન : (૦૭૯) ૨૩૨૪૮૨૩૨
બકુલ ડેકાટે	:	ઈ/૨૦૪, સહજાનંદ રેસિડેન્સી-૨, અંકુર ક્રૉસ રોડ, ન્યૂ ઇન્ડિયા કૉલોની નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦. મો. ૭૦૯૬૩૭૫૩૦૭
મનોહર ત્રિવેદી	:	'પ્રણવ' સૂર્યનગર, ઢસા (જંકશન) ૩૬૭૪૪૦. જિ. ભાવનગર. મો. ૯૩૨૭૭ ૩૯૦૬૮
મહેન્દ્રસિંહ પરમાર	:	૨૦, ગૌરીશંકર સોસાયટી, જ્વેલ્સ સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૩. મો. ૯૪૨૯૪૦૬૩૧૪
મિતા ગોર મેવાડા	:	401, Dharmakshetra Factory lane, above Union Bank, Borivali (w). MUMBAI-400092, M. 9930950271
રજનીકાંત પાઠક	:	સી/૬૩, પૃથ્વી ટાવર, જોધપુર ગામ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
રાજેશ વાઘેલા	:	'ચાંમુડા કૃપા', પ્લૉટ નં. ૧૯, શુભમનગર, ગોકુળનગર પાછળ, જાફરાબાદ રોડ, રાજુલા, જિ. અમરેલી-૩૬૫૫૬૦. મો. ૮૧૪૧૩૫૩૧૮૬
રૂપા લખલાણી	:	જે-૩૦૧, સ્કાયલાઇન, સાઇનોવ, પંચમુખી હનુમાન મંદિર પાછળ, વાસણા-ભાખલી રોડ, વડોદરા-૩૯૧૪૧૦. મો. ૭૬૦૦૦૫૪૪૮૦
સંજુ વાળા	:	એ/૭૭, આલાપ એવન્યૂ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૮૨૫૫૫૨૭૮૧
સાગર શાહ	:	૩૦૩, પૂજન ઍપાર્ટમેન્ટ, ૧૮, મોતીનગર, સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૮૨૪૦૬૧૧૦૯
સુમન શાહ	:	sumangshah@gmail.com / suman-9-shah@yahoo.com
સુરજ કુરિયા	:	સી/૬૨, ઉદયનગર, ઇફકો કૉલોની, ગાંધીધામ, કચ્છ-૩૭૦૨૦૩. મો. ૮૮૬૬૪૮૭૫૩૩
Swati Shah	:	3rd Floor, Venikavya Nilayam, 12-13,-890/1, Hanumannagar, Opp. Hanuman Temple, Tarnaka, Secundrabad-500017. M. 9341710882
હર્ષદ ત્રિવેદી	:	'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. મો. ૯૭૨૩૫૫૫૯૪

■

વિશ્વકોશની સામયિક-સૃષ્ટિ



છેલ્લાં ૨૭ વર્ષથી સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, પ્રવાસ, હાસ્ય, વિજ્ઞાન, ટેક્નોલોજી, કલા, પ્રતિભા અને સાંપ્રત પ્રવાહો તેમજ વર્તમાન સમયના પ્રચલિત વિષયોને તજ્જ્ઞો દ્વારા પ્રસ્તુત કરતું વિશ્વકોશનું સામયિક.

વિશ્વવિહાર

વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/–,

ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૪૦૦/–



૧૯૮૮થી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

ગુર્જરી ડાયજેસ્ટ

ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/–



પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

વિશ્વા

વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–

Scan to Pay

લવાજમ ભરવા માટે આપ મનીઑર્ડરથી અથવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના નામે ડ્રાફ્ટ, ચેક કે ઑનલાઇનથી પણ મોકલી શકશો. લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઈલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા જાણ કરવી.

બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)

'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.



શબ્દમૂળની શોધ



લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

– ચન્દ્રકાન્ત ટોપીવાળા

વિવેચન અને સાહિત્યસંશોધન વિષયક વસાવવા જેવાં વિશિષ્ટ પુસ્તકો

ભારતીય આત્મકથા આચમન	હેતલ કે. ગાંધી	300
ઉદ્ધવ કહોને (લઘુકથાઓનો આસ્વાદ)	રમેશ ત્રિવેદી	340
ભણકારા (બ. ક. ઠાકોરનાં કાવ્યોનો આસ્વાદ)	ડૉ. રમેશ ઓઝા	200
ભારતીય રંગભૂમિ ખંડ 1-2 (નાટ્યકોશ)	ભરત દવે	3000
ચળવળ નામે નાટક	ભરત દવે	450
રંગવિમર્શ (પુરસ્કૃત)	ભરત દવે	250
કલમ અને કિતાબ	ઝવેરચંદ મેઘાણી, સં. મહેન્દ્ર મેઘાણી	150
લોકસાહિત્યનું સમાલોચન	ઝવેરચંદ મેઘાણી	160
અર્વાચીન કવિતા	સુન્દરમ્	450
પ્રત્યુન્મેષ	હિતેન્દ્ર જોશી	160
પર્યાવરણવાદ, રાજકારણ ઇકોલૉજી અને વિકાસ	પ્રવીણ શેઠ	200
વિવેચનની વાટે (પુરસ્કૃત)	અરુણિકા મનોજ દરુ	160
ગુજરાતી હાસ્ય – ગઈકાલ અને આજ	રાજેન્દ્ર જે. જોશી	100
ગુજરાતીમાં કાવ્યતત્ત્વવિચારણા ભા. 2	પ્રમોદકુમાર પટેલ	120
ઉભયાન્વય	ભાનુપ્રસાદ પંડ્યા	150
ગ્રંથચર્યા	પારુલ કંદર્પ દેસાઈ	100
પ્રતિસ્પંદ	યશવંત શુક્લ	100
યશગાથા	ડૉ. ઈશ્વર પરમાર	200
અસ્તિત્વવાદ, ભાષા અને સંસ્કાર	હરસિદ્ધા જોશી	100
અખંડ દીવાનાં અજવાળાં	ડૉ. કાન્તિ ગોર	180
સાહિત્યસ્વાધ્યાય	રામપ્રસાદ શુક્લ	200
બલાકા કાવ્યપરિક્રમા	મોહનદાસ પટેલ	125
સાહિત્યિક અનુવાદો	કીર્તિદા શાહ	110
કવિતા તે શું ?	રાજેન્દ્ર પટેલ	150
અર્વાચીન ગુજ. સાહિત્યની વિકાસરેખા (ભા. 1થી 5)	ડૉ. ધીરુભાઈ ઠાકર	1520

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com, website : gspbooksmall.com

રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

ગઝલસંગ્રહો-ગીતસંગ્રહો

મનહર 'દિલદાર'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
આઠો જામની દિલદારી–દોર પાંચમો	૪૫.૦૦
આઠો જામની દિલદારી – દોર ચોથો (મુક્તકસંગ્રહ)	૬૫.૦૦
આઠો જામની દિલદારી – દોર ત્રીજો (મુક્તકસંગ્રહ)	૫૫.૦૦
આઠો જામની દિલદારી – દોર બીજો	૬૫.૦૦
આઠો જામની દિલદારી – દોર પહેલો	૨૫.૦૦

નિર્મિશ ઠાકર

લેખકનું નામ	કિંમત રૂ.
હું નિર્મિશ (ટ્રાયોલેટસંગ્રહ)	૪૦.૦૦
મનહર લય–મનહર મય (કાવ્યો–પ્રતિકાવ્યો)	૩૦.૦૦

દીપક બારડોલીકર

પુસ્તકનું નામ	કિંમત રૂ.
ગુલમોરના ઘૂંટ	૫૦.૦૦
વિદેશી ગઝલો	૭૫.૦૦

અશોક ચાવડા 'બેદિલ'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
પગલાં તળાવમાં (ગઝલસંગ્રહ)	૧૦૫.૦૦
પગરવ તળાવમાં (ગઝલસંગ્રહ)	૧૨૫.૦૦
ગઝલિસ્તાન (ઉર્દૂ ગઝલોનો પદ્યાનુવાદ)	૧૪૦.૦૦
તું કહું કે તમે (ગીતસંગ્રહ)	૮૫.૦૦

ધનસુખલાલ પારેખ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
અયોધ્યાથી અરણ્ય (હાઈકુસંગ્રહ)	૨૫.૦૦
ઝાકળભીનો ઉજાસ (મુક્તકસંગ્રહ)	૩૫.૦૦

હનીફ સાહિલ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
તારા નામે લખું છું : સિતારા, પતંગિયાં... (ઉર્દૂ કવિતાઓના અનુવાદ)	૧૬૫.૦૦
અચરજની પાર (એજન્સી)	૯૦.૦૦

દિનેશ ડોંગરે 'નાદાન'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
થોડી વાર તો લાગે ને	૧૨૫.૦૦
અર્થ	૮૫.૦૦
થીજી ગયેલી ક્ષણો	૭૫.૦૦

સુરેશ પરમાર 'સૂર'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
દિલને બહુ ગમી છે તું	૧૯૫.૦૦
ગુનો કબૂલ છે	૧૨૦.૦૦
ચહેરા ઉપર પૂનમ	૧૨૫.૦૦

દેવજી ત્રિ.થાનકી

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મધુવન (ગઝલસંગ્રહ)	૧૩૦.૦૦
યાદો રણઝણે ગીતમાં (ગીતસંગ્રહ)	૧૩૦.૦૦
શારદાના દરબારમાં (ગીતસંગ્રહ)	૧૦૫.૦૦

જગન્નાથ સુથાર

પુસ્તકનું નામ	કિંમત રૂ.
એકાન્ત	૬૦.૦૦
ઝાકળનાં ફૂલ (મુક્તકસંગ્રહ)	૪૫.૦૦
તલક છાંયો	૬૫.૦૦
ખાલીપો	૮૫.૦૦

ગુજરાતી સાહિત્ય પરિષદનાં કેટલાંક નોંધપાત્ર પ્રકાશનો

(હમણાં ૫૦% વળતરે ઉપલબ્ધ)

- **ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ 1થી 8** ....કુલ ₹ 4,355
- **ગુજરાતી સાહિત્યકોશ**
  ખંડ-૧ (મધ્યકાળ) ....₹ 800 ખંડ-૩ (પ્રકીર્ણ) ....₹ 1,100
- **મધ્યકાલીન કૃતિસૂચિ**, સં. કીર્તિદા શાહ, 2004 ....₹ 240
- **પરબ સૂચિ**, સં. ઇતુભાઈ કુરકુટિયા, 2007 ....₹ 260
- **સાહિત્યિક લેખસૂચિ : 2006-2010**, સં. કિશોર વ્યાસ, 2011 ....₹ 200
- **વિશિષ્ટ સાહિત્યિક સંજ્ઞાકોશ**, ચન્દ્રકાન્ત ટોપીવાળા, 2003 ....₹ 35
- **ભીલી-ગુજરાતી શબ્દકોશ**, શાંતિભાઈ આચાર્ય, 2006.........................₹ 55
- **ભોગીભાઈ ગાંધી જન્મશતાબ્દી ગ્રંથ**
  સં. પ્રકાશ ન. શાહ અને અન્ય, 2016 ....₹ 525
- **નિરંજન ભગત**, સં. પ્રફુલ્લ રાવલ, 2019..₹ 220
- **વિદ્યાબહેન નીલકંઠ: ગુજરાતના નારીચેતનાનાં અગ્રેસર**
  સં. સુકુમાર પરીખ, 2015 ....₹ 600
- **મધ્યકાલીન ગુજરાતી કવિતામાં વેદાન્ત**, નર્મદા રાવલ, 2017 ....₹ 320
- **પ્રેમાનંદનું ભાષાકર્મ**, ચંદ્રકાન્ત શેઠ, 2016 ....₹ 275
- **વિષ્ણુદાસ-રચિત ચંદ્રહાસ-આખ્યાન**, સં. રમણ સોની, 2017 ....₹ 250
- **સાયુજ્ય (હસમુખ પાઠકની સમગ્ર રચનાઓ)**
  હસમુખ પાઠક, 2018 ....₹ 500
- **પરિવાર-કાવ્યો**, સં. ડૉ. શ્રદ્ધા ત્રિવેદી - ડૉ. ઉર્મિલા ઠાકર, 2015 ....₹ 320
- **સાહિત્યમાં દરિયો**, સં. પ્રફુલ્લ રાવલ, 2013.....................................₹ 275
- **સ્વકીય : દલિત સાહિત્ય સંકલન**, સં. દલપત ચૌહાણ, 2012 ....₹ 250
- **મધ્યકાલીન કવિઓ**, રાજેશ પંડ્યા, 2020...₹ 240
- **संगच्छध्वम्**, સિતાંશુ યશશ્ચન્દ્ર, 2023..₹ 450
- **કરુણપ્રશસ્તિ**, સં. પ્રફુલ્લ રાવલ, 2023 ....₹ 150

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની
પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે

ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નૉલ્ડનો કાવ્યવિચાર

સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત • સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા

કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

કાવ્યસંચય :

૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮)	રન્નાદે પ્રકાશન	૧૧/-
૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૩. વિદેશવટો (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૫. અછાંદોત્સવ (૨૦૧૩)	ફ્લેમિંગો પબ્લિકેશન	૨૫૦/-
૬. ચક્રવ્યૂહ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૩૫૦/-
૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬)	બુકપબ	૩૫૦/-
૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭)	બુકપબ	૨૫૦/-
૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦)	ડિવાઈન પબ્લિકેશન	૧૫૦/-
૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦)	ગ્રંથમ	૪૦૦/-
૧૧. મનસંહિતા (૨૦૨૨)	ઝેડકેડ પબ્લિકેશન	૫૦૦/-
૧૨. મનોરથ (પ્રકાશ્ય)	ઝેડકેડ પબ્લિકેશન	–

ગદ્યપ્રકાશન – નવલિકા :

૧. પરાયા શ્વાસ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૨. સત્યેનની સકીના (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૩. ભીતર અનારાધાર (૨૦૧૩)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. હું અને મારી કવિતા (૨૦૨૨)	બોલ્ડ પ્રકાશન	૨૫૦/-
૫. ત્રેવડ (૨૦૨૨)	ડિવાઈન પબ્લિકેશન	૨૦૦/-

BHARAT TRIVEDI
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +112178991163.
bharattrivedi@sbcglobal.net



ઓમ કૉમ્યુનિકેશન

રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮0G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

– **મનીષ પાઠક**
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

બૅન્કની વિગત :

Name	: OM COMMUNICATION
Bank Name	: Punjab National Bank
Branch	: Sola Road.
A/c. No.	: 3937000100083947
IFS Code	: PUNBO393700
Address	: 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 9825046684

એવું કહેવાય છે કે, જાપાનીઝ સાહિત્યમાં 'હાઈકુ' કાવ્યસ્વરૂપનો ઉપયોગ સૌથી વધુ સ્ત્રીઓએ કર્યો છે. મહેલની રાજ્યપરંપરામાં ચાર દીવાલ વચ્ચે રહેતી રાણી અન્ય મહેલમાં કે અન્ય રાજ્યમાં રહેતી પોતાની બહેન કે દીકરીને દાસી સાથે પત્રમાં હાઈકુ રૂપે એટલે કે ૫-૭-૫માં પ્રશ્ન મોકલે અને આ હાઈકું ૫-૭-૫-૭-૭ બની 'તાન્કા'નું સ્વરૂપ લઈ જવાબ સાથે આ કાવ્યસ્વરૂપ પાછું આવે. આ બન્ને કાવ્યસ્વરૂપોનો સહારો લઈને જાપાનીઝ સ્ત્રીઓએ પોતાની કથા-વ્યથા, રાજદરબારની નીતિ-રીતિઓની વાત વણી અને જાપાનના સામાજિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસાને આગળ ધપાવ્યો. – **ડૉ. કિશોરસિંહ સોલંકી**

❋

માણસ ક્યારેક ફરિશ્તાથી પણ ઊંચે જતો દેખાય છે તો ક્યારેક શેતાનને પણ શરમ આવે એવાં કાર્યો કરે છે. એક જ માણસ એક સમયે બૂરાઈનો અવતાર દેખાય છે તો બીજા સમયે ભલાઈની પ્રતિમા સમો દેખાય છે. પ્રશ્ન થાય કે ખરેખર એક જ ખોળિયામાં વસવાટ કરનાર માણસ એક છે કે અનેક ? માણસની પ્રકૃતિમાં રહેલ આ દ્વન્દ્વને રોબર્ટ લૂઈસ્ટીવન્સને એની વિખ્યાત કૃતિ 'ડૉ. જેકિલ અને મિ. હાઇડ'માં સુંદર રીતે રજૂ કરેલ છે. ડૉ. જેકિલ જેવો સજ્જન માણસ રાત્રે મિ. હાઇડ બની જાય અને ખૂનખરાબા તેમજ હિંસામાંથી આનંદ મેળવે, એ વાત લગભગ દરેક મનુષ્યને લાગુ પડે છે. માણસના ખોળિયામાં ડૉ. જેકિલ જેવા સજ્જન અને મિ. હાઇડ જેવા દુર્જનનો એકસાથે જ વાસ હોય છે. એક જ ખોળિયામાં ભલાઈ અને બૂરાઈ બન્ને વસે છે. – **મોહમ્મદ માંકડ**

❋

પર્લબક એક એવા અમેરિકન સાહિત્યકાર છે જેમણે પોતાની બાળપણની સ્મૃતિઓનો સર્જનાત્મક રીતે ભરપૂર ઉપયોગ કર્યો છે. બાળપણમાં તે ચીનના ચિંગ કિયાંગ નગરમાં રહી અંગ્રેજી પહેલાં ચીની ભાષા શીખ્યા. ચીની સમાજ અને જનજીવનનું વિસ્તૃત વર્ણન તેમની અમર નવલકથા 'ગુડઅર્થ'માં મળે છે. તેમણે પોતાનું શેષ જીવન મંદબુદ્ધિનાં બાળકોની સેવામાં સમર્પિત કર્યું હતું. તેમને ૧૯૩૮માં નોબેલ પુરસ્કાર મળ્યો હતો. ૧૯૭૩માં તેમનું અવસાન થયું.

– **હરેશ ધોળકિયા**

સ્થાન સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,

દેવમણી કૉલેજ, વિસાવદર.

પ્રેમ એ સુખ છે; અપેક્ષા એમાં વિઘ્ન છે

વિવિધ વિચિત્રતાથી ઊભરાતું આપણું મન છે. તેમાં સારપ છે તેટલી જ, અધૂરપ પણ છે; તેટલી જ મલિનતા છે. આ બધું એકસાથે જ રહે છે, વધે છે, વિકસે છે – ગુલાબના મનોરમ ફૂલ અને તેની સાથેના અણિયાળા કાંટાની જેમ.

શું એવી કોઈ તરકીબ હોઈ શકે કે, ફૂલની સુગંધ માણી શકાય અને કાંટાથી જાતને બચાવી શકાય?

એવું કોઈ કરી શકે, એને કળા જ કહેવાય!

સાધ્ય થઈ શકે એવી આ કળા છે.

જેને જેને આપણે હૃદયથી ચાહીએ, પ્રેમ આપીએ, ત્યારે આપણને સુખનો અનુભવ થાય છે. એ પ્રેમ માણસ પ્રત્યે હોય કે પશુ-પક્ષી પ્રત્યે હોય, ત્યારે બન્ને પક્ષે સુખનો અનુભવ થાય છે. પણ પેલા ગુલાબના ફૂલ સાથેના કાંટાની જેમ જો પ્રેમની સાથે જ એ વ્યક્તિ પ્રત્યે આપણા ચિત્તમાં અપેક્ષાના કંટકના અંકુરો પણ ઊગી જાય અને એ અપેક્ષા આપણા પ્રેમના પનાથીયે મોટા પનાની હોય અને તે ન સંતોષાય એટલે આપણને દુઃખ અને આઘાત લાગે. સરવાળે પ્રેમનું સુખ કરમાવા લાગે, નંદવાઈ પણ જાય.

પ્રેમ કરીએ–પ્રેમ જ કરીએ, મૈત્રીનો માંડવો બાંધીએ, સાથે સાથે અપેક્ષાના કાંટાથી સાવધ રહીએ – ચિત્તને બને તેટલું તેનાથી બચાવીએ, તો પછી માખ વિનાનું મધ મળ્યા જ કરશે, મધુર મધ મળ્યા જ કરશે.

આ અઘરું છે. આ એક પ્રકારની સાધના છે, પણ કરવા જેવી છે. તેમાં જો સિદ્ધિ સાંપડે તો, જીવન ઉન્નતિના આકાશને આંબવા લાગે. એવું કાંઈક કરીએ.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

અમૃતવર્ષા

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

નિમેષભાઈ ડગલી

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

અધૂરપ ઢાંકીએ – સારપ ઉપસાવીએ

ગાઢ અને વિશાળ, ગીચ જંગલની કેડી પાસે એક ભાઈ બેઠા હતા.

ઇચ્છા હતી કે જંગલ પાર કરી દઈશું. મનમાં ચિંતા હતી કે પગથી તો પાંગળો છું, કેમ કરી જવાશે? ત્યાં, એવામાં એક અંધ-જન ત્યાં આવ્યા. એને પણ જંગલ પાર કરવાની ઇચ્છા હતી! બન્ને જણા સંપી ગયા. પાંગળાભાઈ પગથી અટકેલા હતા પણ આંખના સાજા-નરવા હતા. અંધભાઈ આંખેથી અખમ હતા પણ પગના સાજા હતા.

સરસ જોડ બની. અંધભાઈએ પોતાના સક્ષમ ખભા પર પાંગળાભાઈને બેસાડ્યા. એણે જેમ જેમ રસ્તો સુઝાડ્યો તેમ તેમ આંધળાભાઈ ચાલ્યા અને સુખે સુખે બંને જંગલ પાર કરી ગયા.

એકના પગની સારપ અને બીજાની આંખની સારપ કામે લાગી.

બંનેની અધૂરપ ઢંકાઈ!

સંસારમાં સર્વત્ર, આવા દ્વંદ્વ છે. પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, ગુરુ-શિષ્ય. આ તમામ જોડકામાં – દરેકમાં સારપ અને અધૂરપ બન્ને એક સાથે હોવાનાં જ. અધૂરપ અને સારપનો સરવાળો એટલે માણસ! ફક્ત સારપ જ હોય કે કેવળ અધૂરપ જ હોય, એવું તો કોઈ ન જ હોય. એકબીજાએ એકબીજાના પૂરક બનીને અધૂરપ ઢાંકવાની છે, સારપ પોષવાની છે : તો જ કાર્યસિદ્ધિ થાય. સામેનાની સારપ સ્વીકારતાં, સંકોચાવાનું નથી. સામી વ્યક્તિમાં જે ન હોય અને તે આપણામાં હોય, તો તેના પૂરક બનાવાનું છે. આમ, કોઈની પણ અધૂરપ હોય એને 'ઓવર-લેપ' કરવાની છે. તેમાં જ આપણી શોભા છે, શાણપણ છે, હિત પણ છે.

પાંગળા અને આંધળાની જેમ, આપણા જોડીદારની સાથે સંપીને રહીએ અને આ ભવ-અટવી સુખે સુખે પાર કરી લઈએ.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥
CENTRE OF EXCELLENCE
NOTIFIED BY GOVERNMENT OF GUJARAT
DIAMOND QS I-GAUGE
NAAC A
GSIRF
NGO 2A Grading by CareEdge

National Additive Manufacturing Center West:

Pioneering Careers in 3D Printing

The National Additive Manufacturing Center West (NAMCW), an initiative by MeitY, Government of India, is driving innovation in Additive Manufacturing (AM), commonly known as 3D printing. This transformative technology constructs objects layer by layer from digital designs, enabling intricate geometries and precise customization. Unlike traditional subtractive methods, AM minimizes waste, making it environmentally friendly, while its rapid prototyping capabilities accelerate production cycles and reduce costs for small-scale and on-demand manufacturing.

Widely adopted across industries like aerospace, healthcare, construction, and jewelry, AM is central to Industry 4.0, integrating digital technologies for smarter production systems. The global AM market is projected to grow at a CAGR of 23.5%, reaching Rs.350 billion by 2025, with over 9 million jobs expected worldwide. NAMCW plays a crucial role in fostering talent development and preparing professionals for high-demand roles such as Additive Manufacturing Engineers, Materials Scientists, and Quality Assurance Specialists. Emerging career paths include generative design specialists and sustainability experts promoting eco-friendly practices.

Professionals can enhance their prospects with expertise in CAD software, material science, and certifications in AM technologies. With salaries averaging 30% higher than traditional manufacturing roles and opportunities for innovation, AM offers a promising future. NAMCW continues to lead the transformation by driving industrial adoption and creating pathways for success in this dynamic field.

At NAMCW, we offer different short term training programs, B.Tech. Minor/Major in Additive Manufacturing and M.Tech. in Additive Manufacturing.

Visit this to know all other programs offered by Ganpat University.
guni.ac.in/programs
Ganpat Vidyanagar-384012,
Mehsana-Gandhinagar Highway
Dist.: Mehsana, Gujarat (North)
8100 61 61 61
www.guni.ac.in

PARAB 2025 August

RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No. GAMC-306/2021-2023 valid upto 31-12-2023

Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

Date of Publication 10th Posted on Every Month **ISSN : 0250-9747**

₹ 20

Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**